ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 15 Date : 16-04-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૯) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૯ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ |
| રજની દવે | ૦૮ | ખાદી : વસ્ત્ર - વિચાર અને રોજગારી |
| અશ્વિનકુમાર | ૧૦ | અશ્વિનકુમાર કારીઆની નજરે |
| - | ૧૦ | • ચૂંટણી કમિશ્નરની પસંદગી પ્રક્રિયામાં કેન્દ્ર સરકારનો અંકુશ શા માટે? |
| - | ૧૦ | • અંધશ્રદ્ધા કચડાયેલા-દબાયેલા લોકોનો ધર્મ છે |
| - | ૧૧ | • બળાત્કાર આરોપીનાં લગ્ન તેની જ પીડિતા સાથે? ના ભાઈ, ના! |
| યાત્રી બક્ષી | ૧૨ | કેડી કંડારનારા-૧૪ : ઉત્પત્તિ, અસ્તિત્વ અને ઉત્ક્રાંતિને ઉઘાડનારા : ચાર્લ્સ ડાર્વિન (૨) |
| ડંકેશ ઓઝા | ૧૫ | સ્વામી વિવેકાનંદનો સંદેશ |
| મણિલાલ એમ. પટેલ | ૧૭ | બે અનોખાં સન્માન |
| રશાંસ | ૧૮ | વાંચનથાળ |
| રજની દવે | ૨૦ | તરસ્યાં ખેતરો પાણી ઝંખે છે : પ્રશ્ન પાણીના મેનેજમેન્ટનો છે |
| લિખિતંગ | ૨૨ | વાચકોના પત્રોમાંથી |
| ૨. | ૨૩ | કિસાન આંદોલન સ્થગિત થયું |
| આશા વીરેન્દ્ર | ૨૪ | બે ચહેરા |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)
YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

BHOOMIPUTRA
Gujarati Fortnightly

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.15 1931 Date : 16-04-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૯)

❍ વિનોબા ❍

## ચિત્તની એકાગ્રતા

ઘણાબધા લોકો પોતપોતાના ચિત્તના દોષોને સાફ કર્યા વગર, એકાગ્ર થવાના પ્રયત્ન કરે છે. અને ત્યારે ચિત્ત ભટકતું રહે છે. આપણે જેમ ભગવાનની પૂજા કરતાં પહેલાં સ્નાન કરીએ છીએ, તેવી રીતે ધ્યાનમાં બેસતા પહેલાં ચિત્તનું સ્નાન જરૂરી છે. ચિત્તમાં રહેલા બધા દોષોને સાફ કરી લેવા જોઈએ. ધ્યાન માટે દોષોને નિવૃત્ત કરવા અને ચિત્તશુદ્ધિ કરવી - આ બંને ઉત્તમ સાધના છે. ચિત્ત શુદ્ધ થઈ જાય, તો પછી ધ્યાનમાં એકાગ્રતા સાધી શકાશે. લોકો ચિત્તને એકાગ્ર કરવા માટે પ્રયત્ન કરતા હોય છે. જેટલો પ્રયત્ન કરે, તેમ તેમ ચિત્ત વધુ ને વધુ દોડ્યા કરે છે. ચિત્તને એકાગ્ર કરવાના આ બધા જ પ્રયત્નો નકામા છે. તેથી ચિત્તને શુદ્ધ કરવાના પ્રયત્ન કરવા જોઈએ. ચિત્ત શુદ્ધ હશે તો ચિત્તની પ્રસન્નતા રહેશે. પ્રસન્નતા હશે તો ચિત્ત શીઘ્ર સ્થિર થશે. જો ચિત્ત પ્રસન્ન છે, શાંત છે, નિર્મળ છે તો એકાગ્રતા તો રમત છે. એમાં કોઈ મહેનત જ નથી.

## મનથી અલગ થઈએ

આપણે દુનિયાના મનને, ચિત્તને જો બરોબર સમજવા માંગીએ છીએ, તો આપણે મન નામના તત્ત્વથી અલગ થઈ જવું જોઈએ, વિકારોને ઓળખવા માટે વિકારોથી અલગ થવું પડે છે, ત્યારે જ આપણે વિકારોને ઓળખી શકીએ છીએ. આપણે મનની ભૂમિકા પર રહેવું ન જોઈએ, મનથી અલગ રહેવું જોઈએ અને આમ મનથી અલગ થવું, એ સાધનાનો આરંભ છે, શિખર નથી. થર્મોમીટરને પોતાનો કોઈ તાવ હોતો નથી, માટે જ તે બીજાઓના તાવને માપે છે. આપણા મનમાં જો વિકાર પેદા થઈ જશે, તો બીજાના મનના વિકારોને માપી નહીં શકીએ. આપણા મનમાં વિકારો જન્મે તો 'Personal Factor' (વ્યક્તિગત પહેલૂ) દાખલ થાય છે. એટલા માટે આપણે objectively, તટસ્થતાથી જોવું જોઈએ. વિજ્ઞાનમાં 'Personal Factor' આવવું ન જોઈએ.

વિજ્ઞાનીની જેવી તટસ્થ દૃષ્ટિ હોય છે, એવી જ મારી દૃષ્ટિ તટસ્થ છે. હું બીજાના મનના વિષયને બુદ્ધિ દ્વારા ગ્રહણ કરું છું. એવી જ રીતે આ મનમાં કેવા કેવા પ્રકારની ચોરીઓ ચાલ્યા કરે છે, તેને પણ હું જોઉં છું, હું સાક્ષી છું. જેવી રીતે હું બીજાઓના મનના વૃત્તાંતને જાણું છું અને એનો સાક્ષી રહું છું, એવી રીતે મારા મનના વૃત્તનો પણ હું સાક્ષી છું. મારા મનના વૃત્તને બરોબર જાણું છું. કેટલીક વાર માણસ કહેતો હોય છે કે મારા મનમાં ખોટો વિચાર આવ્યો હતો, એ છોડી દીધો અર્થાત્, તે માણસ તેના પોતાના મનના વૃત્તનો સાક્ષી થઈ ગયો.

સામાન્ય રીતે ઘણા લોકો પૂછ્યા કરતા હોય છે કે કામ, ક્રોધ, મત્સર વગેરે દોષો કેવી રીતે મટી શકે ? હવે વાત તો એ છે કે આ બધા દોષો ચિત્તમાં રહે છે, તો પછી એ ચિત્તને જ પટકી નાખો. જેવી રીતે મારો બીજા કોઈના ચિત્ત સાથે કોઈ સંબંધ નથી, એવી જ રીતે મારો પણ મારા પોતાના ચિત્ત સાથે સંબંધ નથી. બીજો કોઈ ગુસ્સો કરે છે, તો મને જ્ઞાન થાય છે કે આ ઠીક નથી. કારણ કે હું એના ચિત્તનો સાક્ષી છું. એવી જ રીતે હું ગુસ્સો કરું, ત્યારે મને જ્ઞાન થવું જોઈએ કે આ બરોબર થયું નથી, કેમ કે આ ચિત્તનો પણ હું સાક્ષી છું. આવી રીતે જો આપણે પોતાના ચિત્તના સાક્ષી બનીએ છીએ, તો સાક્ષી પણ આપણે અને ચિત્ત પણ આપણે - આ થઈ શકે નહીં. આપણે ચિત્ત છીએ, તો સાક્ષી બની શકતા નથી. એટલા માટે ચિત્તના સાક્ષી બનવા માટે એનાથી અલગ થઈ જવું જ પડે છે. જે માણસને ભાન જ નથી, તેને લોકો લાખો વાર કહેશે કે તેં આ ખોટું કામ કર્યું છે તોયે તે માણસ માનવાનો જ નથી. પણ જે માણસને ભાન થઈ ગયું છે, તે પોતાના ચિત્તથી અલગ થઈ જાય છે અને પછી તો એ ચિત્તને જ ફાડી નાખે છે. આગળ જતાં એનાથી મોટી મોટી ભૂલો થશે જ નહીં. નાની નાની ભૂલો થઈ શકે છે, જે શરીરની સાથે સ્વાભાવિક છે. પરંતુ નિરંતર ભાન રહેવાથી, કોઈ ભૂલ થશે નહીં.

સૌથી પહેલી અને સૌથી મોટી વાત તો આ છે કે જેણે પણ પોતાના દોષને સમજી લીધો, તે એનાથી અલગ થઈ જ ગયો. દોષ તો મનમાં છે, ઇંદ્રિયોમાં છે. કોઈની યાદશક્તિ નબળી પડે અને વૈદ્ય પાસે જાય છે તો વૈદ્ય એને આંબળા ખાવાનું કહે છે. વૈદ્ય એને સમજાવે છે કે તારી શક્તિ ક્ષીણ થઈ છે, તું ક્ષીણ નથી થયો. તું તો એનાથી અલગ છે, એ શક્તિને ઓળખનારો છે. આમ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વૈદ્ય તે માણસની નબળી યાદશક્તિને દુરસ્ત કરી આપે છે. એવી રીતે જ આપણે દોષોને ઓળખનારા એ દોષોથી એકદમ અલગ છીએ, આપણે તો દોષોને જોનારા સાક્ષી છીએ. આપણે દોષોથી અલગ રહીશું નહીં, તો દોષોને દુરસ્ત કરી શકીશું નહીં. માટે જ જેણે પોતાના દોષોને સમજી લીધા, તે દોષોથી અલગ થઈ ગયા. આપણે તટસ્થ થઈને નિરીક્ષણ કરીશું તો દોષ દુરસ્ત થઈ જશે. મનને દુરસ્ત કરવા માટે મનથી આલગ થવું જ પડશે. જેવા તમે મનથી અલગ પડ્યા, તેવા જ દુરસ્ત થઈ ગયા. અને પછી તે દુનિયાનો હિસ્સો બની જાય છે, પોતાનું રહેતું નથી.

આપણે દેહ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિથી ભિન્ન છીએ. આપણે તો આ બધાના સાક્ષી છીએ. આ સાક્ષીત્વ કેળવવા માટેના અભ્યાસની બે યુક્તિઓ કહેવામાં આવી છે. પહેલી યુક્તિ એ કે, આ પરમાત્મા આખી દુનિયામાં ગુણરૂપથી વ્યાપ્ત છે. આપણે આ ગુણોને ગ્રહણ કરવાના છે. તેનું ગુણવર્ધન કરવાનું છે. બીજી યુક્તિ એ છે કે, આપણે એવું કામ હાથ પર લઈએ, આપણે એવી ચર્ચા કરીએ કે જેમાં આપણું મન ફસાયેલું (involve) ન હોય. બે પ્રક્રિયાઓ છે – મનથી બહાર જવું અને મનથી ઉપર જવું. આપણે જ્યારે વ્યાકરણ, ગણિત જેવા વિષયોની ચર્ચા કરતા હોઈએ ત્યારે મનનો ખ્યાલ રહેતો નથી. એટલા માટે જ વિજ્ઞાની બહુ વધારે તટસ્થ હોય છે. કેમ કે એમને વિજ્ઞાનનું અધ્યયન કરવાનું હોય છે. વિજ્ઞાનનો મન સાથે કોઈ સંબંધ જ હોતો નથી. આ થયું મનથી અલગ થવું.

સર્વપ્રથમ તો પોતાને પોતાના મનથી અલગ કરવું જોઈએ. અને આ સાધના ઘણી કપરી છે, પણ આપણે વિચારતા રહેવું કે આ સાધના કેવી રીતે કરી શકાય. હું તમને એક ઉદાહરણ આપું. મારી પાસે એક ઘડિયાળ છે જે દરરોજ પાંચ મિનિટ પાછી પડે છે, તો હું દરરોજ રાત્રે એને પાંચ મિનિટ આગળ મૂકીને સૂઈ જઉં છું. કારણ કે મને ઘડિયાળની ખબર પડી ગઈ. એવી રીતે જો આપણે આપણા મનને બરાબર ઓળખી લઈએ અને આપણા મનની નબળાઈઓને ઓળખી જઈએ અને તેને બહાર આવવાનો એક પણ મોકો ન આપીએ, તો આપણે નબળા નહીં પડીએ.

તમે તમારા નબળા મનને જો મજબૂત બનાવી શકો છો તો જરૂર બનાવો, પણ તમને લાગે કે તમારું મન મજબૂત નથી બની રહ્યું, તો પછી તેનાથી અલગ થઈને પોતાની જાતને ઓળખો. આપણે આપણા મનથી આ દૂરીને ઓળખી શકતા નથી એટલે જ તો આ માન–અપમાનનો ખેલ ચાલ્યા કરે છે, અને જેનાથી ન તો આપણે આગળ વધીએ છીએ, ન સમાજ આગળ વધે છે, કે ન તો દુનિયા આગળ વધે છે.

તમને ફોડલો–ગૂમડું થયું છે, છતાં પણ તમે હસો છો. આ એ સૂચિત કરે છે કે તમારામાં દેહથી અલગ હોવાની શક્તિ આવી ગઈ છે. દેહથી અલગ થવું એ સરળ છે, પણ મનથી અલગ થવું એટલું સહેલું–સરળ નથી. એટલા માટે સરળ નથી કે આપણે મનથી અલગ છીએ – આ વસ્તુને ઓળખતા જ નથી. એટલું જ નહીં, એવું માનીને ચાલીએ છીએ કે મન જ આપણે છીએ.

વાસ્તવમાં તો મન એ આપણું નોકર છે. પણ ઘણાબધા લોકો આ સમજતા જ નથી કે આપણે મનથી અલગ છીએ અને મન આપણું નોકર છે. વેપારી પોતાના મુનિમને બધો વેપાર સોંપી દે તો એને નુકસાન જ થવાનું છે. આપણી હાલત પણ આ વેપારી જેવી થઈ જાય, જ્યારે આપણે આપણો કારોબાર આપણા મનને સોંપી દઈએ અને તે મન પર કોઈ અંકુશ રાખીએ નહીં. જ્યારે પણ મન પર પ્રહાર–આઘાત પડે છે ત્યારે આપણને લાગે કે આપણી ઉપર જ પ્રહાર થયો. હકીકતમાં આ પ્રહાર આપણી ઉપર નથી થયો, મનની ઇચ્છા પર થયો છે. પણ આપણે મન સાથે એટલા બધા એકરૂપ થઈ ગયા છીએ કે આપણને લાગે છે કે આપણી ઉપર જ પ્રહાર થયો છે. પરંતુ જો આપણે તટસ્થ હોઈશું, તો નોકર (મન) પર આક્ષેપ કરતા પહેલાં વિચારીશું કે મનથી કોઈ ભૂલ થઈ છે કે નહીં. જો મનથી ભૂલ થઈ છે તો આપણે જરૂર એના પર ખિજાઈશું. પણ આપણે તો આપણી માલિકની હેસિયત ગુમાવી દઈએ છીએ – મનની સાથે એટલા બધા એકરૂપ થઈ જઈએ છીએ – માટે તેવું કરી શકતા નથી.

ક્યારેક આવું પણ બનતું હોય છે કે મનને કોઈક ઇચ્છા થઈ, પણ આપણે તે અંગે બીજી વાર વિચારીએ તો લાગે કે આ આ ઇચ્છા યોગ્ય નથી. આનો અર્થ એ થાય કે, બીજી કોઈ એજન્સી છે, જે મનને રોકે છે. એ એજન્સીનું નામ છે વિવેક. આપણે વિવેકપૂર્વક મનથી અલગ આપણી જાતને ઓળખીએ. આના માટે મનની અનુકૂળ અથવા એકદમ વિરુદ્ધ જવું યોગ્ય નથી. પણ તટસ્થ થઈને તેને જોવું – ઓળખવું જોઈએ. મનુષ્ય દ્વારા જે કાંઈ થાય છે, તે મન દ્વારા જ થાય છે. હવે જેના

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૯) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | સોક્રેટિસ ઉવાચ–૯ |
| રજની દવે | ૮ | ખાદીઃ વસ્ત્ર–વિચાર અને રોજગારી |
| અશ્વિનકુમાર | ૧૦ | અશ્વિનકુમાર કારીઆની નજરે |
| | | ૦ ચૂંટણી કમિશ્નરની પસંદગી |
| | | ૦ અંધશ્રદ્ધા –દબાયેલા લોકોનો ધર્મ |
| | | ૦ બળાત્કાર અને લગ્ન |
| યાત્રી બક્ષી | ૧૨ | ઉત્પત્તિ, અસ્તિત્વ અને ઉત્ક્રાંતિને ઉઘાડનારા : ચાર્લ્સ ડાર્વિન – ભાગ ૨ |
| ડંકેશ ઓઝા | ૧૫ | સ્વામી વિવેકાનંદનો સંદેશ |
| મણિલાલ એમ. પટેલ | ૧૭ | બે અનોખાં સન્માન |
| રશાંસ | ૧૮ | વાંચનથાળ |
| રજની દવે | ૨૦ | તરસ્યાં ખેતરો પાણી ઝંખે છે : પ્રશ્ન પાણીના મેનેજમેન્ટનો છે |
| લિખિતંગ | ૨૨ | વાચકોના પત્રોમાંથી |
| ર. | ૨૩ | કિસાન આંદોલન સ્થગિત થયું |
| આશા વીરેન્દ્ર | ૨૪ | બે ચહેરા |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દ્વારા કામ થતું હોય, તે એજન્સી જ જો બગડેલી હશે, તો આખું કામ બગડી જશે. આપણી આંખો સરસ છે, પણ મન ખરાબ છે, તો જોવાનું કામ સારું નહીં થાય. એટલા માટે ભલે કર્મ એ ઇન્દ્રિયો દ્વારા થાય છે, પણ તે સારા કે ખરાબ હોવાનું મન પર નિર્ભર હોય છે. તેથી જ આપણે આપણા મનને જોતાં શીખવું, એનું પરીક્ષણ કરી લેવું ખૂબ જરૂરી છે.

## મનથી ઉપર ઊઠવું

આપણે જોઈએ છીએ કે એક લાખ વર્ષ પહેલાં માણસ જેવો હતો, તેવો ને તેવો આજે નથી. વિજ્ઞાનના યુગમાં તે શીઘ્ર ગતિથી બદલાઈ રહ્યો છે. આપણને પશુનું મન બદલાયેલું જોવા મળતું નથી, જ્યારે માણસની આ વિશેષતા છે કે એનું મન બદલાતું જ રહ્યું છે. એટલા માટે ભવિષ્યમાં આગળ જતાં એ સમાજ ટકી શકશે, જે ન તો કેવળ મન બદલશે, બલ્કે મનથી ઉપર ઊઠશે.

આજે માણસની માનસિક આવશ્યકતાઓ વધી છે અને આહારાદિ સ્થૂળ આવશ્યકતાઓ ઘટી છે. ભલે આજ સુધી મનુષ્ય પ્રાણિક અને માનસિક સ્તરમાં રહ્યો, પણ હવે તેણે આનાથી ઉપર ઊઠવું જોઈએ. ખાવું-પીવું, પ્રજોત્પત્તિ કરવી વગેરે પ્રાણિક અવસ્થા છે. એનાથી આગળ જઈએ તો માનસિક અવસ્થા આવે છે. હવે માણસ જો આ જ અવસ્થામાં રહેશે, તો વિજ્ઞાનયુગમાં ટકી નહીં શકે. મનુષ્યે હવે મનની ભૂમિકાથી ઉપર વિજ્ઞાનની ભૂમિકામાં પ્રવેશવું જોઈશે. એના માટે માણસે પોતાની વિષયવાસનાઓ પર નિયંત્રણ રાખવું પડશે. જેમ-જેમ માણસ વિજ્ઞાનના સ્તરે પહોંચતો જશે, સાથેસાથે તેના માનસિક કામ-ક્રોધ ઓછા થવા લાગશે. કેમ કે વૈજ્ઞાનિક માણસ વિકારી હોતો નથી. તે દરેક વિષયને તટસ્થતાથી (objectively) વિચારે છે. Subjectively વિચારી શકે નહીં. જેમ જેમ માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ વિકસતી જશે, તેમ તેમ તે મનથી ઉપર ઊઠતો જશે.

જ્યાં સુધી માણસને આ ભાન થતું નથી કે મનથી પર પણ કોઈ એક ચીજ છે, ત્યાં સુધી તેની બધી જ ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓ તે માણસને બાંધનારી હોય છે. પરંતુ જ્યારે માણસ મનથી ઉપર ઊઠે છે, ત્યારે તેના માટે તેણે પોતાનું માનેલું મન પણ આ દુનિયાના જેવું બાહ્ય વસ્તુ બની જાય છે. ત્યારે તેવા મનુષ્યનું દિલ ખૂલે છે અને મનુષ્યનો આત્મા મુક્ત આનંદનો અનુભવ કરે છે.

મનથી ઉપર ઊઠવું : (૧) પોતાના મનથી ઉપર ઊઠવું, (૨) બધાંનાં મનથી ઉપર ઊઠવું, (૩) માનસિક ચિંતનથી ઉપર ઊઠવું.

જ્યારે જ્યારે પણ પોતાના મનથી ઉપર ઊઠવાની વાત આવે છે ત્યારે તેમાં દ્વિવિધ (બે પ્રકારની) પ્રક્રિયા થતી હોય છે. એક તો એ કે મનઃશુદ્ધિની પ્રક્રિયા અવિરત ચાલતી રહે છે અને બીજું એ થતું રહે છે કે માણસની પોતાના ચિત્તને શરીરથી અલગ રીતે ઓળખવાની પ્રક્રિયા ચાલ્યા કરે છે.

મનથી ઉપર ઊઠવાની ક્રિયામાં બીજાના ચિત્તથી પણ આપણે આપણી જાતને એકદમ અલગ કરી દેવાની છે. આના માટે આપણે ગુણ-દોષનું વિશ્લેષણ કરવું પડશે. આપણને જ્યાં જ્યાં જે-જે જેટલા ગુણ મળે છે, તેને લઈ લેવા અને વારંવાર તે ગુણોનો જપ કરીએ. ગુણોનું ચિંતન, મનન, શ્રવણ, સ્મરણ અને સતત ઉચ્ચારણની પ્રક્રિયા ચાલુ રાખવી જોઈએ. કોઈ પણ વ્યક્તિમાં જો દોષ હોય છે તો તે ફક્ત ગુણ પ્રકાશન માટે હોય છે. આપણને ગુણ ગ્રહણ કરવાની આદત પડશે તો આપણે બીજાના મનથી અલગ જોઈ શકીશું. અને આ પ્રક્રિયા જો આપણને સધાઈ જશે, તો પછી બધાંના મનથી ઉપર ઊઠવાની આગળની પ્રક્રિયાનો આરંભ થશે.

અને ત્યાર બાદ માણસ માનસિક ચિંતનથી ઉપર ઊઠવાની વાત પર ચિંતન કરશે. મનની ઉપરની ભૂમિકા એટલે કે અક્ષોભ ચિંતનની ભૂમિકા. વિદ્યાર્થી પરીક્ષામાં ગણિત કરે છે. એમાં લાભ નુકસાનના હિસાબમાં ક્યારેક નુકસાન વધુ પણ થઈ શકે છે. પરંતુ તેમ છતાં તે વિદ્યાર્થીને કોઈ માનસિક આઘાત લાગતો નથી; જ્યારે વેપારીને પ્રત્યક્ષ નુકસાન થવા પર તેને આઘાત લાગે છે. પરંતુ જેવી રીતે વિદ્યાર્થીએ તટસ્થ બુદ્ધિથી હિસાબ કરેલો તેવી જ તટસ્થ બુદ્ધિ જો વેપારી રાખી શકે, તો સમજવું જોઈએ કે એ વેપારીએ મનથી ઉપર ઊઠીને ચિંતન કર્યું. મનથી ઉપર ઊઠવા માટે માણસે પોતાનું વિશ્લેષણ કરવું પડે અને સ્વયં પોતાની જાતને ઓળખવી જોઈએ. આ બધાથી છુટકારો મેળવવા માટે મનમાં કોઈ ઝમેલો (ઝંઝટ) હોવો જોઈએ નહીં. અન્યથા આ બંને વચ્ચે ટક્કર થશે. આ બધાનો સારાંશ એટલો જ કે મનથી ઉપર ઊઠ્યા વગર એને પકડી શકાશે નહીં.

(અપૂર્ણ)

---

## કવિતા

ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને
કદી ધીરેથી પૂછે કે કેમ છે ?
આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.

ફાટેલા ખીસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ;
એકલો ઊભું ને તોયે મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ,
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે....

આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી;
વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી,
સૂરજ તો ઊગે ને આથમી યે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે....

વિશ્વ કવિતા દિવસની શુભેચ્છા... – ધ્રુવ ભટ્ટ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૯ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે એક કાલ્પનિક સંવાદ

*(ભારતીય રાજકારણી અને સોક્રેટિસ વચ્ચે થયેલ પહેલી મુલાકાતમાં સંશોધન અને ટેક્નોલોજીમાં ચીનની પ્રગતિ સાથે તાલમેલ જાળવવામાં ભારતની નિષ્ફળતા અંગે ચર્ચા થઈ હતી. જેમાં સોક્રેટિસે તેને સમજાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે ભારતની પ્રગતિને અવરોધતાં પરિબળો વાસ્તવમાં ભારતની જૂની-પુરાણી શિક્ષણપ્રણાલી, અપૂરતું સંશોધન ભંડોળ અને ભારતીય રાજકારણીઓની ટૂંકા ગાળાની રાજકીય માનસિકતા છે. વધુમાં, સોક્રેટિસે જણાવ્યું હતું કે વિવેચનાત્મક વિચારસરણી અને નવીનતા ત્યારે જ ખીલી શકે છે જ્યારે યોગ્ય રીતે તેનું પોષણ કરવામાં આવે. તેથી તેમણે સૂચવ્યું હતું કે વિજ્ઞાન અને સંશોધનના ક્ષેત્રે જો ભારતે સતત પ્રગતિ કરવી હોય તો ભારતીય નેતાઓએ જ્ઞાન, શિક્ષણ અને સંશોધન માટે લાંબા ગાળાનું આયોજન કરવું જોઈએ તથા તે માટે ઉદાર અને વ્યૂહાત્મક રોકાણને પ્રાથમિકતા આપવી જરૂરી છે.*

*પરંતુ, વિજ્ઞાન અને ટેક્નોલોજીનાં ક્ષેત્રોમાં ચીન ભારત કરતાં આગળ નીકળી ગયું હોવાથી તે ભારતીય રાજકારણી હજુ પણ વ્યથિત છે. સોક્રેટિસ સાથેની તેની અગાઉની ચર્ચાથી તેને સમજાયું હતું કે ભારત તેની પ્રાથમિકતાઓ નક્કી કરવામાં ક્યાંક ગોથું ખાઈ ગયું છે. અને તે માટે તેને લાગે છે કે ભારતની રાજકીય સંસ્કૃતિ જવાબદાર છે. તેથી આ બીજી મુલાકાતમાં તે ભારતની રાજકીય સંસ્કૃતિની ખામીઓ અંગે વિગતે ચર્ચા કરે છે.)*

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગના અલૌકિક બગીચામાં સોક્રેટિસ, હંમેશની જેમ, ચિંતનમાં મગ્ન છે. ત્યાં અત્યંત વ્યગ્ર અને બેચેન દેખાતો તેમનો એક પૂર્વ પરિચિત ભારતીય રાજકારણી તેની કેટલીક શંકાઓના સમાધાન માટે સોક્રેટિસને ફરીથી મળવા આવે છે. મંદ મંદ સ્મિત કરતાં સોક્રેટિસ તેને શાંત ચિત્તે આવકારે છે.

ભારતીય રાજકારણી : સોક્રેટિસ, ગયા વખતે આપણે મળ્યા ત્યારે તમે મને એ સમજવામાં મદદ કરી હતી કે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ચીનની નોંધપાત્ર પ્રગતિ કોઈ વિસ્મયકારક ઘટના નથી. કારણ કે તે લાંબા ગાળાના રોકાણ, કાળજીપૂર્વકનું આયોજન અને સંશોધન પ્રત્યેની ચીનની અટલ પ્રતિબદ્ધતાનું પરિણામ છે. મને લાગે છે કે તમારી વાત સાચી છે. ભારતે આમ તો વિજ્ઞાનના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમ છતાં અમે છેલ્લા કેટલાક સમયથી વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ પ્રગતિમાં ચીન કરતાં પાછળ રહી ગયા છીએ તેમાં કોઈ શંકા નથી. અમે અમારી પ્રાથમિકતાઓ બરાબર નક્કી નથી કરી શક્યા. પણ...

સોક્રેટિસ : મિત્ર, હજુ પણ તમે ચિંતામાં લાગો છો. બોલો, હવે તમને શું પરેશાન કરે છે?

ભારતીય રાજકારણી : જેમ જેમ હું વધુ વિચાર કરું છું, તેમ તેમ મને થાય છે કે મારો પ્રિય ભારત દેશ પૃથ્વી પરનો સૌથી મોટો લોકશાહી દેશ હોવા છતાં અમે વિજ્ઞાન અને સંશોધનની બાબતમાં અમારી પ્રાથમિકતાઓ નક્કી કરવામાં અને લાંબા ગાળાની યોજનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવામાં નિષ્ફળ ગયા છીએ. મને પ્રશ્ન થાય છે કે વિજ્ઞાન, નવીન ટેક્નોલોજી, અને પ્રગતિમાં ભારત ચીનથી પાછળ પડી ગયું તેનાં મૂળ અમારી રાજકીય સંસ્કૃતિમાં તો નથી?

સોક્રેટિસ : ખરેખર આ એક ઉમદા પ્રશ્ન છે. એક સાચા રાજ-નેતાએ પોતાના શાસનની નિષ્ફળતાઓને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. પણ હું કોઈ જ્ઞાની હોવાનો દાવો કરતો નથી. મને તો પ્રશ્નો પૂછતાં આવડે છે. મને કહો, કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનું આયોજન કરવા માટે કોણ જવાબદાર હોય છે?

ભારતીય રાજકારણી : સરકાર, નેતાઓ, નીતિનિર્ધારકો.

સોક્રેટિસ : મને કહો, ચીનમાં, જ્યારે ત્યાંના નેતાઓ કોઈ નવી તકનીકી શોધ કરવાનું નક્કી કરે છે ત્યારે તેઓ શું કરે છે?

ભારતીય રાજકારણી : તેઓ યોજના બનાવે છે, તેનો ચોકસાઈથી અમલ કરે છે, અને તેમના ધ્યેયને પ્રાપ્ત કરે છે.

સોક્રેટિસ : અને ભારતમાં, જ્યારે કોઈ ધ્યેય નક્કી કરવામાં આવે છે ત્યારે શું થાય છે?

ભારતીય રાજકારણી : ચર્ચાઓ, વિલંબ, અને વિવાદો થાય છે.

સોક્રેટિસ : તો શું એ સ્પષ્ટ નથી કે દૂરંદેશી આયોજનના અભાવને કારણે ભારત ચીનથી વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે પાછળ પડી ગયું છે?

ભારતીય રાજકારણી : એવું લાગે છે.

સોક્રેટિસ : તો તમે કદી વિચાર્યું છે કે આવું કેમ થાય છે?

ભારતીય રાજકારણી : અમારા દેશમાં લોકશાહી છે. લોકશાહી સ્વતંત્રતાને મહત્ત્વ આપે છે, જ્યારે ચીન સરમુખત્યાર દેશ હોવાથી શિસ્ત લાદે છે!

સોક્રેટિસ : તો શું શિસ્ત સ્વતંત્રતાની વિરુદ્ધ છે?

ભારતીય રાજકારણી : ના, પણ લોકશાહીમાં, લોકોને સમજાવીને કામ લેવું જોઈએ, દબાણ કરીને નહીં.

સોક્રેટિસ : અને શું તમે અને તમારા સાથી નેતાઓ તમારા લોકોને ભારતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શું કરવું જોઈએ તે સમજાવવાના પ્રયત્નો કરો છો ?

ભારતીય રાજકારણી : હા, કેમ નહીં? અમે પ્રયાસ તો કરીએ છીએ. લોકશાહી અમારી તાકાત છે. અમારે ત્યાં વારંવાર ચૂંટણીઓ થાય છે. તેથી અમારા નેતાઓ લોકોને એકઠા કરીને રેલીઓ કાઢવામાં, ભાષણો આપવામાં, અને ચૂંટણી પ્રચારમાં સતત વ્યસ્ત રહે છે.

સોક્રેટિસ : તો શું માત્ર રેલીઓ કાઢવાથી, ભાષણો કરવાથી, અને ચૂંટણી પ્રચાર કરવામાત્રથી ભારતનો ઉદ્ધાર થશે? સત્તા સાધન છે કે સાધ્ય? શું તમે લોકોને ભારતના લાંબા ગાળાના હિત વિષે સમજાવો છો કે માત્ર ચૂંટણીઓ જીતીને સત્તા પ્રાપ્ત કરવા માંગો છો?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય રાજકારણી : સોક્રેટિસ, સાચું કહું તો અમારા દેશમાં કેટલાક અપ્રમાણિક રાજકારણીઓ છે. મારે કબૂલ કરવું જોઈએ કે ચૂંટણીઓ વખતે અમારા ઘણા નેતાઓ જેનું પાલન કરવું અસંભવ હોય તેવાં વચનોની લ્હાણી કરે છે. વાસ્તવદર્શી નીતિઓ રજૂ કરવાને બદલે મત જીતવા માટે વાક્ચાતુર્યનો ઉપયોગ વધુ કરે છે. તેઓ સસ્તી પ્રસિદ્ધિ અને સત્તા માટે લોકરંજક નીતિઓ અપનાવે છે. વિચારધારા ઉપર ભાર મૂકવાને બદલે ક્યારેક ધનબળ અને બાહુબળનો ઉપયોગ કરીને ચૂંટણીઓ જીતવામાં માને છે. ચૂંટણીઓમાં ઘાલમેલ થતી હોવાની ફરિયાદો હમેશાં થતી હોય છે. મતદારોને આકર્ષવા તેઓ તર્ક કરતાં જાતિ, ધર્મ અને પ્રાદેશિક લાગણીઓને ઉશ્કેરે છે.

સોક્રેટિસ : આહ, તો તમે માનો છો કે સાચી લોકશાહી આવા પ્રભાવોથી મુક્ત હોવી જોઈએ? નેતાઓની પસંદગી તેમની સંપત્તિ કે વાણી કરતાં તેમના શાણપણ અને સદ્‌ગુણના આધારે થવી જોઈએ?

ભારતીય રાજકારણી : અલબત્ત! લોકશાહી લોકોની સેવા કરવા માટે છે, તેમને છેતરવા માટે નહીં. પણ, અમારી લોકશાહીની કેટલીક મર્યાદાઓ છે. લોકો ઘણી વાર લોભામણાં વચનો, પૈસા, ધર્મ, જ્ઞાતિ, પ્રદેશ, ભાષા અને ઓળખના રાજકારણથી પ્રભાવિત થાય છે.

સોક્રેટિસ : અચ્છા, તમે સ્વીકારો છો કે તમારી લોકશાહી ખામી–યુક્ત છે. પણ લોકશાહીની આવી ખામીઓને સુધારવાની જવાબદારી કોની છે?

ભારતીય રાજકારણી : નેતાઓની, પક્ષોની, બંધારણીય સંસ્થાઓની!

સોક્રેટિસ : પરંતુ જો નેતાઓ આ નબળાઈઓને સુધારવાને બદલે તેનો ઉપયોગ સત્તા મેળવવા માટે કરે, તો શું કરવું જોઈએ?

ભારતીય રાજકારણી : તેમને જવાબદાર ઠેરવવા જોઈએ!

સોક્રેટિસ : અને તેમને જવાબદાર કોણ ઠેરવશે?

ભારતીય રાજકારણી : લોકો!

સોક્રેટિસ : પણ શું તમે નથી કહેતા કે લોકો અવાસ્તવિક વચનો અને જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ, ભાષા જેવી સંકુચિત બાબતોથી જલદી પ્રભાવિત થઈ જાય છે?

ભારતીય રાજકારણી : હા, દરેક કિસ્સામાં નહીં પણ મોટેભાગે એમ જ થતું હોય છે.

સોક્રેટિસ : તો પછી જો નેતાઓ અને લોકો બંને પોતાની ફરજોમાં નિષ્ફળ જાય, તો તે બધામાં જવાબદારીનો અભાવ છે તેમ ન કહેવાય?

ભારતીય રાજકારણી : (નિસાસો નાખે છે) એવું લાગે છે કે સમસ્યા અમારી અંદર છે. અને જો તેને કારણે ચીન અમારાથી આગળ નીકળી જાય તો કોને દોષ દેવો?

સોક્રેટિસ : ખરેખર, મારા મિત્ર. કોઈ સિસ્ટમની પ્રમાણિકતા અને સફળતાનો આધાર તેને ચલાવનાર લોકો ઉપર હોય છે. મને કહો, જો કોઈ અપ્રમાણિક માણસ રાજકારણમાં દાખલ થાય તો શું તે અચાનક પ્રમાણિક બની જાય ?

ભારતીય રાજકારણી : ભાગ્યે જ એવું બને. મોટેભાગે તો તે જેવો હોય તેવો જ રહેવાનો. પણ ક્યારેક વધુ ખરાબ થઈ જવાની શક્યતા અધિક હોય છે.

સોક્રેટિસ : તો પછી જો કોઈ સિસ્ટમ ભ્રષ્ટાચારીઓને ચલાવી લે તો શું આપણે ફક્ત સિસ્ટમને દોષ આપવો જોઈએ, કે સિસ્ટમને ભ્રષ્ટ કરનારને?

ભારતીય રાજકારણી : મને લાગે છે કે બંને જવાબદાર છે, પણ સિસ્ટમને ચલાવનારા વધુ જવાબદાર છે.

સોક્રેટિસ : અને છતાં, તમે ભારતીય લોકશાહી વિશ્વની સૌથી મોટી લોકશાહી છે તેવી બડાઈઓ હાંકો છો. જો નેતાઓ ન્યાયી અને સમજદાર શાસન કર્યા વિના ફક્ત તમારા દેશની મહાનતાનાં બણગાં ફૂંકતા હોય તો શું તેને માત્ર મિથ્યાભિમાન ન કહેવાય? શું સાચા દેશભક્તોએ તમારી લોકશાહીની મહાનતાનો ઢંઢેરો પીટવાને બદલે તેની ખામીઓને સુધારવાનો પ્રયાસ ન કરવો જોઈએ?

ભારતીય રાજકારણી : તમારી વાત વિચારવા જેવી છે, સોક્રેટિસ.

સોક્રેટિસ : પરંતુ ચાલો, આપણે આની વધુ તપાસ કરીએ. લોકશાહીને શું મજબૂત બનાવે છે? શું તે ફક્ત ચૂંટણીઓ છે, કે તેને કંઈક વધુની જરૂર છે?

ભારતીય રાજકારણી : ચૂંટણીઓ લોકશાહીની કરોડરજ્જુ છે! અમારે ત્યાં દર થોડાં વર્ષે ચૂંટણીઓ થાય છે, અને કરોડો લોકો તેમાં ભાગ લઈને નક્કી કરે છે કે તેમનું શાસન કોણ કરે.

સોક્રેટિસ : પણ મને કહો, જો કોઈ વેપારી તેના મેનેજરને પોતાનો વ્યવસાય સંભાળવાની જવાબદારી સોંપે છે, તો શું તે મેનેજર તેની ઇચ્છા મુજબ વ્યવસાય ચલાવવા માટે સ્વતંત્ર હોવો જોઈએ, કે પછી તે તેના માલિકને જવાબદાર હોવો જોઈએ?

ભારતીય રાજકારણી : તે માલિકને જવાબદાર હોવો જોઈએ, અલબત્ત! વ્યવસાય તેનો નથી, તેના માલિકનો છે.

સોક્રેટિસ : તો પછી ચૂંટાયેલા શાસકો, જેમને લોકો દ્વારા શાસનની સત્તા સોંપવામાં આવી છે, તેમણે પણ લોકો પ્રત્યે જવાબદાર ન હોવું જોઈએ?

ભારતીય રાજકારણી : હા, તેઓ પ્રજાને જવાબદાર હોવા જોઈએ. નહીં તો આગામી ચૂંટણીમાં લોકો તેમને દૂર કરી શકે છે.

સોક્રેટિસ : પણ શું જવાબદારી નક્કી કરવાનું ફક્ત ચૂંટણીઓ પૂરતું જ મર્યાદિત છે? લાખો કરોડો લોકોનાં જીવન પર અપાર સત્તા ધરાવતા રાજકારણીઓને જવાબદાર ઠેરવવા માત્ર ચૂંટણીના સમય સુધી રાહ જોવી જોઈએ?

ભારતીય રાજકારણી : ના, અન્ય પદ્ધતિઓ છે – કાયદા, અદાલતો, પ્રેસ...



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : આહ! તો તમે માનો છો કે ફક્ત ચૂંટણીઓ સુધી જ જવાબદારી સુનિશ્ચિત કરવા માટે રાહ જોવાની જરૂર નથી. પણ મને કહો, શું આ બીજી પદ્ધતિઓ - કાયદા, અદાલતો, પ્રેસ- યોગ્ય રીતે કાર્ય કરે છે? શું તેવી સંસ્થાઓ સત્તામાં રહેલા લોકોને ખરેખર તેમનાં કાર્યો માટે જવાબદાર ઠેરવે છે?

ભારતીય રાજકારણી : (બચાવાત્મક રીતે) શાસકો પર ચોકીદારી કરવા અને તેમને જવાબદાર બનાવવા વાસ્તે અમારે ત્યાં બંધારણીય સંસ્થાઓ અને ન્યાયતંત્ર છે. પરંતુ તે સંસ્થાઓ ઘણી વાર નબળી, પક્ષપાતી, અથવા સમાધાનકારી હોય છે. ક્યારેક સત્તાધીશો તપાસથી અને દંડ કે સજાથી બચી જાય છે. પરંતુ તે જાહેર ઉદાસીનતા, ભ્રષ્ટાચાર, અને રાજકીય ચાલાકીને કારણે છે. લોકો ઘણી વાર ગેરમાર્ગે દોરાય છે.

સોક્રેટિસ : લોકો ગેરમાર્ગે દોરાય છે? જો લોકો ગેરમાર્ગે દોરાતા હોય તો શું તેનો અર્થ એ છે કે શાસકો ખરેખર શાસન કરી રહ્યા છે કે લોકશાહીના નામે તેઓ સત્તા ભોગવે છે અને લોકોને છેતરે છે?

ભારતીય રાજકારણી : આ એક મુશ્કેલ પ્રશ્ન છે...

સોક્રેટિસ : ચાલો આગળ વધીએ. જો કોઈ શાસક જવાબદાર ન હોય, તો તેને લોકોના હિત કરતાં પોતાના હિતમાં કાર્ય કરવાથી કોણ રોકી શકે ?

ભારતીય રાજકારણી : હું કબૂલ કરું છું કે અમારા રાજકારણમાં ભ્રષ્ટાચાર વ્યાપક છે અને અમારા કેટલાક નેતાઓમાં જવાબદારીનો અભાવ છે. અમારા ઘણા રાજકારણીઓ લોકોના કલ્યાણ કરતાં સત્તા અને વ્યક્તિગત લાભને પ્રાથમિકતા આપે છે. તેમની નિષ્ફળતાઓ માટે તેઓ મોટેભાગે વિરોધ પક્ષો, અમલદારો, અથવા તો લોકોને દોષી ઠેરવે છે.

સોક્રેટિસ : તો, જો નેતાઓને તેમનાં કાર્યો માટે જવાબદાર ઠેરવવામાં ન આવે, તો તેઓ જાહેર હિતને બદલે પોતાના સ્વાર્થ માટે કામ કરવા માટે સ્વતંત્ર ન બની જાય ? તેઓ શું બેફામ, બે-લગામ, અને બેજવાબદાર ન બની જાય? જો કોઈ શાસક જાણે છે કે તેનાં ખોટાં કામો માટે તેને સજા નહીં મળે, તો તેને ભ્રષ્ટાચાર કરતાં કોણ રોકી શકે?

ભારતીય રાજકારણી : આવું જ થાય છે. સત્તા પર નિયંત્રણ રાખવા માટે બનાવાયેલી સંસ્થાઓ ઘણી વાર રાજકીય દબાણને કારણે આંખ આડા કાન કરે છે.

સોક્રેટિસ : તમે જુઓ, મારા મિત્ર, સાચી લોકશાહીનો અર્થ ફક્ત ચૂંટણીઓ દ્વારા નેતાઓની પસંદગી કરવાનો નથી. શાસકોને જવાબદાર બનાવવા માટે સતર્કતા, સતત ચોકીદારી, અને મજબૂત સંસ્થાઓની જરૂર પડે છે. આ વિના, લોકશાહી ફક્ત એક ભ્રમ બની જાય છે.

ભારતીય રાજકારણી : (બડબડાટ કરતાં) તો તમે એવું સૂચન કરો છો કે અમારી લોકશાહી અધૂરી છે?

સોક્રેટિસ : હું સૂચન કરું છું કે સાચી જવાબદારી વિના, તમારી લોકશાહી કંઈક બીજું બનવાનું જોખમ ધરાવે છે - થોડા લોકોનું શાસન, ઘણા લોકોના શાસનના વેશમાં. અને જ્યારે આ સત્તાનો ઉપયોગ લોકોના કલ્યાણ કે ન્યાય માટે નહીં, પરંતુ સ્વાર્થ માટે થાય છે ત્યારે શું થાય છે? જો કોઈ નેતાને સિદ્ધાંતોને બદલે તેની વ્યક્તિગત ખાસિયતોને આધારે પસંદ કરવામાં આવે છે, તો શું લોકશાહી ન્યાયના અને લોક કલ્યાણના શાસનને બદલે થોડા શક્તિશાળી લોકોનું શાસન બની જતું નથી?

ભારતીય રાજકારણી : પરંતુ મજબૂત નેતાઓ જરૂરી છે! તેમના વિના, અરાજકતા, અસ્થિરતા આવી જાય.

સોક્રેટિસ : અને મને કહો, લોકશાહીમાં નેતા મજબૂત હોવા જોઈએ કે કાયદાનું શાસન? અને શું તમારા રાજકીય પક્ષો તેમના નેતાઓને વિચારધારાને આધારે પસંદ કરે છે, કે તેમના આકર્ષક વ્યક્તિત્વને આધારે?

ભારતીય રાજકારણી : પક્ષો તો ચૂંટણી જીતી શકે તેવા ઉમેદવારને પસંદ કરે છે. જે સૌથી વધુ મત મેળવી શકે તે નેતા બને છે.

સોક્રેટિસ : તો, નેતૃત્વ નક્કી કરવા માટે વિચારધારા, લોક કલ્યાણ, પ્રમાણિકતા, કે ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતા નહીં, પણ લોકપ્રિયતા જ એક માત્ર માપદંડ છે?

ભારતીય રાજકારણી : રાજકારણ હાર-જીતનો ખેલ છે, સોક્રેટિસ! સત્તા વિના, વિચારધારાનો કોઈ અર્થ નથી.

સોક્રેટિસ : તો પછી શું એવું કહી શકાય કે તમારી લોકશાહીમાં સિદ્ધાંતો કરતાં સત્તા વધુ મહત્ત્વની છે?

ભારતીય રાજકારણી : રાજકારણનો ખેલ આ જ રીતે રમાય છે, સોક્રેટિસ! તમારે યેન કેન પ્રકારેણ ચૂંટણીઓ જીતવી જોઈએ, વિરોધીઓને કોઈ પણ રીતે પરાસ્ત કરવા વ્યૂહરચના ઘડવી જોઈએ, ચતુરાઈપૂર્વક રાજકીય ગઠબંધનો બનાવવાં જોઈએ.

સોક્રેટિસ : અને જ્યારે આવાં જોડાણો સહિયારા સિદ્ધાંતો પર નહીં, પરંતુ સગવડ ખાતર બનાવવામાં આવે ત્યારે શું થાય છે? શું તે તલવારની ધાર પર ચાલવા જેવું નથી હોતું? શું તેમાં કાયમ માટે વિશ્વાસઘાતની ચિંતા નથી હોતી?

ભારતીય રાજકારણી : રાજકારણ ગતિશીલ છે. અનુકૂલન કરવું જોઈએ.

સોક્રેટિસ : પરંતુ જો જોડાણો ક્ષણે ક્ષણે બદલાય તો નાગરિકો તેમના નેતાઓ પર કેવી રીતે વિશ્વાસ કરી શકે? જો પક્ષો લોકોના ભલા માટે નહીં, પણ સત્તા માટે તેમની વફાદારી બદલે તો શું આવી લોકશાહી ખરેખર ન્યાયી હોઈ શકે? શું તે દેશના ભવિષ્યને ઉજ્જ્વળ કરી શકે? અને મને કહો, મારા મિત્ર, શું વિભાજનકારી રાજકારણ - એક જૂથને બીજા જૂથ સામે ઊભું કરવું - લોકશાહી માટે સારું છે? શું આથી નાગરિકોમાં ભાગલા નથી પડતા? તેથી સંઘર્ષ પેદા નથી થતો ? જો સત્તા માટે સામાજિક એકતાનો ભોગ આપવામાં આવે તો શું લોકશાહી નબળી નથી પડતી?

ભારતીય રાજકારણી : (ખચકાય છે) કદાચ, પરંતુ લોકશાહી ટકી રહે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : શું ફક્ત અસ્તિત્વ ટકાવી રાખવા માત્રથી શાસન વ્યવસ્થા ન્યાયી અને સાર્થક બને છે? જો કોઈ માણસ જૂઠું બોલીને અને છેતરપિંડી કરીને જીવતો રહે છે, તો શું તે તેને સારો માણસ બનાવે છે?

ભારતીય રાજકારણી : (મૌન)

સોક્રેટિસ : મને કહો, જો લોકશાહી સત્તાના ખેલ પૂરતી જ મર્યાદિત થઈ જાય, જ્યાં સિદ્ધાંતોનું બલિદાન આપવામાં આવે, જ્યાં વફાદારી પવનની જેમ બદલાય, અને જ્યાં વિભાજનને પ્રોત્સાહન આપવામાં આવે - શું તેને સાચી લોકશાહી કહી શકાય ? સત્તા સાધન છે કે સાધ્ય? મિત્ર આજનો યુગ જ્ઞાનનો યુગ છે. જે દેશ જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગળ હશે તેનો વિકાસ થશે. જો નેતાઓ કાવતરાબાજ થઈ જાય તો જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ ઉપર કેવી રીતે ધ્યાન આપી શકે?

ભારતીય રાજકારણી : (ઊંડો નિસાસો) તમે મુશ્કેલ પ્રશ્નો પૂછો છો, સોક્રેટિસ. અમારે આ અંગે વિચારવું જ જોઈએ.

સોક્રેટિસ : તમે મને કહો, જો ભારતીય નેતાઓ પ્રમાણિક બને, જ્ઞાતિ-ધર્મને આધારે લોકોનાં દિલ જીતવાનું બંધ કરે, અતિશયોક્તિપૂર્ણ વચનો આપવાનું બંધ કરે, મફતની રેવડીઓ વહેંચવાનું કે બિનજરૂરી સબસિડી આપવાનું બંધ કરે, ચૂંટણીઓમાં ધન-દોલત અને બળનો ઉપયોગ કરવાનું બંધ કરે, અને ફક્ત લોકોના કલ્યાણ માટે જ કામ કરે તો શું થશે?

ભારતીય રાજકારણી : તો, ઘણા નેતાઓ ચૂંટણી હારી શકે છે. પણ અમારા મહાન દેશનો ઉદ્ધાર થશે.

સોક્રેટિસ : ચાલો આપણે બીજા મુદ્દાની ચર્ચા કરીએ. તમે મને કહો, શું લોકશાહીને ન્યાયી રીતે કાર્ય કરવા માટે ચોક્કસ માળખાઓની જરૂર છે?

ભારતીય રાજકારણી : અલબત્ત! અમારી પાસે બંધારણીય સંસ્થાઓ છે - ચૂંટણીપંચ, ન્યાયતંત્ર, સંસદ, પ્રેસ, વગેરે - નિયંત્રણ અને સંતુલન જાળવવા માટે.

સોક્રેટિસ : તો, આ સંસ્થાઓ સત્તાનો દુરુપયોગ થતો અટકાવે છે?

ભારતીય રાજકારણી : હા, તેઓ જવાબદારી સુનિશ્ચિત કરે છે, કાયદાનું શાસન સુનિશ્ચિત કરે છે, અને ન્યાય પણ કરે છે.

સોક્રેટિસ : અદ્ભુત. પણ મને કહો, જો આ સંસ્થાઓ નબળી, પક્ષપાતી, અથવા ભ્રષ્ટ બની જાય તો તમારી લોકશાહીની શી દશા થાય?

ભારતીય રાજકારણી : તેવું બને તો નિશ્ચિત રૂપે તે દુર્ભાગ્યપૂર્ણ કહેવાય. પરંતુ અમારી સંસ્થાઓ મજબૂત છે! અમારી પાસે ઉમદા બંધારણ છે, કાયદાકીય પ્રક્રિયાઓ અને પરંપરાઓ છે જે ભ્રષ્ટાચારને ઘણે અંશે નિયંત્રણમાં રાખે છે.

સોક્રેટિસ : શું તમારે ત્યાં કાયદાઓનું હંમેશાં પાલન થાય છે, મારા મિત્ર? અને શું કાયદાકીય પ્રક્રિયાઓ જો કોઈ ખોટું કામ થતું હોય તો તે હંમેશાં નિષ્પક્ષ બનીને અટકાવે છે?

ભારતીય રાજકારણી : સોક્રેટિસ, કશું પરફેક્ટ નથી હોતું. અમારી સંસ્થાઓમાં પણ કેટલીક ખામીઓ છે, કેટલીક સમસ્યાઓ ઈધર-ઉધર જોવા મળે છે. પરંતુ આ અપવાદો છે, નિયમ નથી.

સોક્રેટિસ : ચાલો આની તપાસ કરીએ. તમે કહ્યું હતું કે બંધારણીય સંસ્થાઓ ન્યાય સુનિશ્ચિત કરે છે. પણ જો, ચૂંટણીપંચ એક પક્ષને બીજા પક્ષ કરતાં વધુ મહત્ત્વ આપે, તો શું તે તટસ્થ અને સક્ષમ કહેવાશે?

ભારતીય રાજકારણી : તે એક સમસ્યા હશે, પરંતુ અમારું ચૂંટણી પંચ સ્વતંત્ર છે!

સોક્રેટિસ : શું ક્યારેય એવું કોઈ ઉદાહરણ જોવા નથી મળ્યું જ્યાં ચૂંટણીપંચના નિર્ણયો પર સવાલ ઉઠાવવામાં આવ્યા હોય?

ભારતીય રાજકારણી : કદાચ...ઘણી વાર એવું બને છે. પરંતુ આવા કિસ્સાઓ વિપક્ષ અને મીડિયા દ્વારા અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરવામાં આવે છે.

સોક્રેટિસ : અને તમારું મીડિયા સ્વતંત્ર છે?

ભારતીય રાજકારણી : હા, કેટલાંક મીડિયા પક્ષપાતી છે, કેટલીક ટીવી ચેનલો અમુક ચોક્કસ રાજકીય હિતોની, ખાસ કરીને શાસકોની, સેવા કરે છે. પરંતુ આવું તો દરેક જગ્યાએ થાય છે!

સોક્રેટિસ : જો બીજી જગ્યાએ ગંદકી હોય તો શું તમે તમારા ઘરમાં ગંદકી ચલાવી લેશો? અને જો મીડિયા, જેણે લોકોને સાચી માહિતીથી વાકેફ કરવા જોઈએ, તે સચ્ચાઈ કરતાં રાજકીય હિતોની સેવા કરે તો લોકો કેવી રીતે માહિતગાર અને સચોટ પસંદગીઓ કરી શકે?

ભારતીય રાજકારણી : લોકો સમજદાર છે. તેઓ જાણે છે કે કોના પર વિશ્વાસ કરવો.

સોક્રેટિસ : પણ તેઓ કેવી રીતે નક્કી કરે કે કોના પર વિશ્વાસ કરવો? જો તેમને ફક્ત એક જ પક્ષની વાત કહેવામાં આવે તો શું તેમની પાસે બીજો કોઈ વિકલ્પ રહે?

ભારતીય રાજકારણી : તેમની પાસે સોશિયલ મીડિયા છે, તેઓ માહિતીના સ્રોતોની તુલના કરી શકે છે!

સોક્રેટિસ : અને જો સોશિયલ મીડિયા જૂઠાણાં ચલાવે, ખોટી માહિતી આપે, કે અર્ધસત્ય રજૂ કરે, તથ્યોને તોડી-મરોડીને રજૂ કરે તો? તો શું તે લોકોને જાણકાર નિર્ણય લેવા સક્ષમ બનાવી શકશે?

ભારતીય રાજકારણી : સોક્રેટિસ, તમે વાતનું વતેસર કરો છો. જુઓ, એ વાત સાચી છે કે અમારી લોકશાહી સંપૂર્ણ નથી, પણ બીજા ઘણા દેશો કરતાં સારી છે.

સોક્રેટિસ : ઓહો, તો શું આપણે શાસન વ્યવસ્થા ન્યાયી છે અને દેશ કે લોકોના હિતમાં કામ કરે છે તેની ચર્ચા કરવી જોઈએ કે કોણ બીજા ખરાબ લોકો કરતાં થોડા સારા છે એ નક્કી કરવું જોઈએ? જો કોઈ બીમાર માણસ કહે, 'હું સૌથી વધુ બીમાર નથી,' તો શું તે તેને સ્વસ્થ બનાવે છે?

ભારતીય રાજકારણી : ના, પણ... તમે શું કહેવા માગો છો?

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ખાદી : વસ્ત્ર - વિચાર અને રોજગારી

**આ**પણે ભૂમિપુત્રના ૧૬-૧૨-૨૦૨૪ના અંકમાં ડૉ. ભરત ભગતનો લેખ ''ટૅક્નોલોજી આધારિત ખાદીવિકાસ અભિયાન'' છાપ્યો હતો. આ લેખમાં પ્રકાશભાઈ શાહની ખાદીમાં ક્રાંતિ કરવાની વાત નોંધેલી છે.

પ્રકાશભાઈ યુવાવયથી સર્વોદય પરિવાર ટ્રસ્ટ પિંડવળ સાથે જોડાયેલા છે. હાલમાં તેના મેનેજિંગ ટ્રસ્ટી છે. આ સંસ્થાના વિકાસમાં તેમણે છેલ્લાં વર્ષોમાં આશરે પોતાના રૂ. ૭ કરોડ વાપર્યા છે.

પ્રકાશભાઈને પિંડવળમાં ચાલતા ખાદીકામનો સારો એવો અનુભવ છે. પિંડવળમાં વર્ષ ૧૯૭૭થી ૧૯૯૩ સુધીના ગાળામાં ૧૦૦૦ કરતાં વધુ સંખ્યામાં અંબર ચરખા ચાલતા હતા. તેમજ ૩૦ જેટલી શાળ ઉપર વણાટ કામ પણ ચાલતું હતું. આ કામ હાલમાં બંધ છે. પ્રકાશભાઈ તેમ જ તેમનાં જીવનસાથી સુરેખાબહેને ખાદીનું મોટાપાયે વેચાણકામ પણ કર્યું છે.

પ્રકાશભાઈ મિકેનિકલ - ઇલેક્ટ્રીકલ ઇજનેર છે. વર્ષ ૧૯૭૫માં અમદાવાદ - વટવામાં પ્રશાંત ગ્રુપ્સની સ્થાપના કરી હતી. આજે ટેક્ષટાઈલ મશીનરીના ક્ષેત્રમાં સારી એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

પ્રકાશભાઈ તેમજ કેટલાક સાથી મિત્રોએ આશરે પાંચ વર્ષ પહેલાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં ચાલતી ખાદી ગ્રામોદ્યોગની સંસ્થાની મુલાકાત લીધી હતી. વર્ષ ૨૦૧૭માં તેમણે ખાદીના ક્ષેત્રે કામ કરવાવાળા મિત્રોનું એક સંમેલન પણ યોજ્યું હતું. સંમેલનમાં ખાદી ઉત્પાદન-વેચાણમાં પડતી મુશ્કેલીઓ અંગે મિત્રોએ રજૂઆત કરી હતી. તેમાંથી કેટલાક મહત્ત્વના મુદ્દાઓ ઊભરી આવ્યા.

(૧) હાલમાં વપરાતા અંબર ચરખાનું સૂતર (યાર્ન) નબળું હોય છે, તેમજ ઓછું ઉત્પાદન થાય છે. મૂળમાં તેની સ્પિન્ડલના - ત્રાકના આરપીએમ - રીવોલ્યુશન પર મિનિટ - ઓછા હોય છે.

(૨) પૂણી બનાવવાનાં મશીનો ૩૦ થી ૬૦ વર્ષ જૂનાં છે. ગુણવત્તાનો અભાવ હોય છે. રૂનો બગાડ પણ વધુ થાય છે. તેનું પ્રમાણ ૨૨થી ૩૦ ટકા જેટલું હોય છે. નવાં મશીનોમાં આ પ્રમાણ માત્ર ૧૧ ટકા હોય છે.

(૩) સૂતરના તાણાને કાંજી પાવાનું કામ ખૂબ જ સંયમ માંગી લે છે. ૧૦૦ વર્ષ જૂની પદ્ધતિ વાપરવામાં આવે છે. તેને બદલવાની જરૂર છે.

(૪) એક બાજુ ખાદી કામમાં રોકાયેલા લોકોને સારી રોજી નથી મળતી, તેમજ ગ્રાહકને નબળું અને મોંઘું કાપડ મળે છે.

દેશમાં કુલ કાપડના વપરાશમાં ખાદીનો વપરાશ નહીંવત્ છે.

૨૪ નવે. ૨૦૨૪ના રોજ સિદ્ધપુર - યોગાંજલિ સંસ્થામાં શ્રી અરવિંદ યોગ કેન્દ્ર નૂતન ભવન ઉદ્‌ઘાટન પ્રસંગે વહેલી સવારે પ્રકાશભાઈ સાથે મળવાનું થતાં તેમના ખાદીકામ અંગેના ભાવિ આયોજન અંગે કેટલીક વાતો થઈ. તેમણે તેમના વટવા સ્થિત કારખાના પર આવવા આમંત્રણ આપ્યું હતું.

અમદાવાદમાં સુખદેવભાઈ તેમજ ખાદીકામમાં રસ ધરાવતા મિત્રોએ તૂલવાન દૈવીકરણ નામે વોટ્સએપ ગ્રુપ બનાવીને ખાદીકામ અંગેની કેટલીક ચર્ચાનો આરંભ કર્યો છે. જાણવા મળ્યું કે તે ગ્રુપના મિત્રો ૨૭ જાન્યુ. ૨૦૨૫ના રોજ પ્રકાશભાઈના કારખાને જવાના છે. વડોદરા - સુરતથી કિશોરભાઈ દેસાઈ, પારુલ દાંડીકર, બકુલભાઈ સાથે અમે પણ ત્યાં પહોંચી ગયા. આશરે ૧૮ જેટલા મિત્રોને શ્રી સુખદેવભાઈએ ભેગા કર્યા હતા. આમાંના કેટલાક મિત્રો આ કામમાં સારા એવા સક્રિય છે. આ અંગે વધુ જાણવા શ્રી સુખદેવભાઈનો મો.નં.: ૯૮૨૫૦૧૨૦૩૬ પર સંપર્ક કરવો.

મિત્રોનો પ્રાથમિક પરિચય મેળવ્યા પછી પ્રકાશભાઈએ લંબાણપૂર્વક ખાદીકામને આગળ ધપાવવા માટેનો તેમનો પ્લાન સમજાવ્યો તેમજ તેમના કારખાનામાં ફરીને કેટલાંક મશીનોનો પરિચય કરાવ્યો.

તેમના મંતવ્યની મહત્ત્વી વાતો :

(૧) મશીનરીમાં પરિવર્તન.

(૨) સરકારની સહાય નીતિમાં પરિવર્તન.

(૩) સામૂહિક રીતે યોજના બનાવવા પર ભાર.

(૪) સંપૂર્ણ રોજગારી આપવી.

(૫) ગુણવત્તાવાળું, પરવડે તેવા ભાવે કાપડનું ઉત્પાદન કરવું.

(૬) સૂર્યઊર્જાનો ઉપયોગ કરવો.

(૭) સરકાર, કોર્પોરેટ જગત, એન.જી.ઓ.નો સહયોગ મેળવવો.

(૮) ખાદી વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC) મશીનરી ખરીદીમાં ૩૫ ટકા સબસીડી આપે.

(૯) સમગ્ર પ્રોજેક્ટને બેંક ૭ ટકાની ઓછા વ્યાજવાળી લોન આપે, જેના હપ્તા ભરવાનો સમયગાળો ૧૦ વર્ષનો રાખે.

પ્રકાશભાઈ સમગ્ર યોજના અંગેની સમજ આપવા માટે સરકારના અધિકારીઓ તેમજ મંત્રીઓનો સંપર્ક કરી ચૂક્યા છે. પોતાના થકી યોજનાને આગળ ધપાવવા માટે પોતાના કારખાનામાં ૪૮ સ્પિન્ડલનો ચરખો અથવા રીંગફ્રેમ બનાવી છે. પણ વાત આટલેથી અટકતી નથી. પ્રકાશભાઈના પ્રોજેક્ટનું નામ છે SETU - સેતુ Solar Energy for Textiles to Uplift Rural Economy. આ માટે તેઓ વ્યાપક સ્તરના કલસ્ટર પ્રોજેક્ટની વાત કરે છે.

○ ૨૫ કિ.મી.ની ત્રિજ્યામાં સમગ્ર કલસ્ટરનાં કેન્દ્રો હશે.

○ કેન્દ્રમાં પ્રતિ દિન ૪૦૦૦ કિલોની ગુણવત્તાવાળી પૂણી પેદા કરી શકાય તેવાં બ્લોરૂમ અને રોવિંગ મશીન્સ હોય.

○ આ પૂણી ૨૫ કિ.મી. ત્રિજ્યાના વિસ્તારમાં અલગ અલગ ગામડામાં ચાલતા ૪૮ ત્રાક (Spindles) ના ચરખા કે રીંગફ્રેમને પહોંચાડવાની સગવડ હોય. આ ત્રાક ૧૨૦૦૦થી ૧૫૦૦૦ જેટલા આંટા એક મિનિટમાં ફરશે. (RPM) આના કારણે સૂતરને સારો વળ મળશે અને વધુ ઉત્પાદન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપશે. ૮ કલાકમાં ૪૦ કાઉન્ટનું ૭.૫ કિલો સૂતર પેદા કરશે. ચલાવનાર કારીગરને પ્રતિ કિલો રૂ. ૮૦ મજૂરી આપતાં ૮ કલાકના તેને આશરે રૂ. ૬૦૦ મહેનતાણું મળી જશે.

કેન્દ્રમાંનો પૂણી પ્લાન્ટ આવા ૫૩૦ ચરખાને પૂણી પહોંચાડી શકશે.

○ બ્લોરૂમ અને રોવિંગ મશીન ચલાવવા માટે (બે પાળી - ૨૨ કલાક) ૧૭૦ કારીગરોને રોજી આપી શકાશે.

○ રોજના ૪૦૦૦ કિલો (આશરે) યાર્ન તૈયાર થશે તેમાંથી ૫૦ ટકા તાણો બનાવવા માટે વોર્પિંગ અને સાઇઝીંગ મશીન પર લઈ જવા અલગ કરવું પડશે. આના માટે પ્રકાશભાઈએ તેમના કારખાનામાં ઓછી જગ્યામાં ચાલે તથા ઝડપી ઉત્પાદન આપે તેવું વોર્પિંગ કમ સાઇઝીંગ મશીન બનાવેલું છે. આ મશીનમાં કાંજીને સૂકવવા માટે ગરમ ટેફલોન કૉટેડ સીલીન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે મોટી મિલોમાં સિલિન્ડરને ગરમ કરવા બોઈલરમાંથી આવતી વરાળ-સ્ટીમનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ ગામડામાં મશીન ચલાવવા માટે ગરમી આપવા એલ.પી.જી. ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે.

મશીન દ્વારા ૩૦૦ મીટર લાંબા અને ૬૦ ઈંચ પહોળા બીમને માત્ર ૨ કલાકમાં કાંજી પાવાનું સાઇઝીંગ કામ પતાવી શકાય છે. આવા ૮ નંગ વોર્પિંગ કમ સાઇઝીંગ મશીન ચલાવવા માટે ૭૨ કારીગરોને રોજી પર રાખવા પડે.

આવા બીમને વણાટના કામ માટે ૪ પાવર લૂમનો ઉપયોગ કરતાં દિવસમાં ૬૦ થી ૭૦ મીટર કાપડ તૈયાર થઈ શકે છે. પ્રતિ મીટર રૂ. ૧૦ મજૂરી આપતાં રોજના રૂ. ૬૦૦ થી ૭૦૦ વણકર કમાઈ શકે છે.

ક્લસ્ટર વિસ્તારમાં ૮૦૦ જેટલી સોલર પાવરથી ચાલતી લૂમ્સ (શાળ) ગોઠવી શકાય. જેમાં એક કારીગર ૪ લૂમ્સ ચલાવે તેમ ગણતાં ૨૦૦ વણકરોને રોજી મળી શકે.

આમ રોજના ૪૦૦૦ કિલો પૂણી પેદા કરનાર પ્લાન્ટ નાંખતાં ૨૫ કિ.મી.ના વિસ્તારમાં નીચે પ્રમાણે કારીગરોને પૂરતી રોજી આપી શકાય.

(૧) પૂણી પ્લાન્ટ + રોવિંગ ચલાવવા - ૧૭૦ કામદારો.

(૨) કાંતણકામમાં ૪૮ ત્રાક્ના ચરખા ચલાવવા માટે - ૫૮૦ કારીગરો.

(૩) યાર્નને વોર્પિંગ અને સાઇઝીંગ મશીનના કામ માટે - ૭૨ કારીગરો.

(૪) વણાટ કામ માટે - ૨૦૦ કારીગરો.

(૫) યાતાયાત અને ઓફિસ કામ માટે - ૨૮ માણસો.

કુલ ૧૦૫૦ જેટલા લોકોને રોજગારી આપી શકાય.

મશીનરીના રોકાણ અંગેની કેટલીક વિગતો નીચે પ્રમાણે છે.

○ ૪ ટન પ્રતિ દિવસ પૂણી પેદા કરે તેવા બ્લોરૂમ મશીન + રોવીંગ + વોર્પિંગ - કમ સાઇઝીંગ મશીન + હ્યુમેડિફીકેશન પ્લાન્ટ + અન્ય સામગ્રી + મકાન સાથે રોકાણ ખર્ચ - ૯ કરોડ રૂ.

○ ૪૮ ત્રાક ચરખો - રીંગ ફ્રેમ ૧ નંગ - ૬ લાખ ૩૦ હજાર રૂ. બોબીનમાંથી કોન બનાવનાર વાઇન્ડીંગ મશીન - ૪૫ હજાર રૂ.

○ ચરખાને પાવર આપવા ૪ કિલોવોટ સોલર પ્લાન્ટ - ૨ લાખ રૂ.

○ ૬૦ ઈંચ સારામાંની પાવર લૂમ આશરે વધુમાં વધુ ૨ લાખ રૂ. (પ્રકાશભાઈએ આની નોંધ લીધી નથી). સાથે લૂમ્સની મોટર ચલાવવા માટેના સોલર પ્લાન્ટની રકમ પણ આમાં ઉમેરવી જોઈએ.

શ્રી પ્રકાશભાઈ તેમના વર્ષોના મશીન ઉત્પાદનના અનુભવના આધારે તેમજ ખાદીના આ પ્રોજેક્ટ અંગે છેલ્લાં પાંચ વર્ષ ઉપરાંતથી જે મથામણ કરી રહ્યા છે તેના આધારે ક્લસ્ટર દ્વારા પેદા થતા ગ્રે કાપડની કિંમત રૂ. ૬૬ પ્રતિ મીટર ગણી છે.

આ ગ્રે કાપડને પ્રોસેસ હાઉસમાં મોકલી તેના પર થતા ધોલાઈ, બ્લીચીંગના તેમજ ફિનિશીંગના ખર્ચને ધ્યાનમાં લેતાં સફેદ ખાદીના વસ્ત્રની કિંમત પ્રતિ મીટર રૂ. ૯૩ ગણી છે. તેના પર ૧૫ ટકાનો નફો ઉમેરતાં આશરે પ્રતિ મીટર રૂ. ૧૦૭ ગણી છે.

આ કિંમત હાલમાં બજારમાં મળતી ગુણવત્તાવાળી ખાદી કરતાં ઓછી છે. આપણે નક્કી કરેલું ક્લસ્ટર આશરે વાર્ષિક ૩૬ લાખ મીટર કાપડનું ઉત્પાદન કરશે.

આમ પ્રતિ મિટર રૂ. ૧૦ના નફા પ્રમાણે ઉત્પાદન વેચતાં પ્રતિ વર્ષ ક્લસ્ટર રૂ. ૩.૬ કરોડ કમાણી કરી શકે છે. આશરે ૨.૫ વર્ષમાં ક્લસ્ટરમાં પાયાની મશીનરીના રોકાણના પૈસા ઊભા થઈ જાય છે. રીંગ ફ્રેમ લૂમ્સનો હિસાબ અલગથી કરવો પડે.

સમગ્ર ગણતરીમાં પેસ્ટીસાઈડ્સ વગરના કપાસ ઉગાડનારને પણ સારું વળતર આપી શકાય તેમ છે.

અત્યાર સુધીની ઉપરોક્ત ટેકનીકલ અને આર્થિક આંકડાકીય વિગતો માટે શ્રી પ્રકાશભાઈએ ૧૪ પાનાંમાં તૈયાર કરેલ અંગ્રેજી નોંધનો સહારો લીધો છે.

ગુજરાતના ખાદી ચાહક વર્ગમાં ગ્રીન કોટન ઉત્પાદનમાં રસ લેતા, સૌરાષ્ટ્ર, કચ્છમાં નાના મોટા સ્વરૂપે ખાદી ઉત્પાદન સાથે સંકળાયેલા મિત્રોએ વધુ મંથન કરવાની જરૂર છે. ગુણવત્તાસભર બ્લોરૂમ અને રોવિંગ મશીનના ઉત્પાદકો ૪ ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવતાં હજુ નાનાં અને સસ્તાં મશીન આપી શકે તેવાનો સંપર્ક કરવાની જરૂર છે. અમદાવાદમાં પણ બ્લોરૂમ બનાવતી કંપની છે.

સરકારનો સહયોગ લાંબા ગાળા સુધી કેવો રહેશે ? સબસીડીનાં ધારાધોરણ કેવાં રહેશે ? બેંક સાથે પણ વાટાઘાટો કરવી પડે. ખેડૂત મંડળીઓ આ કામ ઉપાડે તે માટે તેમને તૈયાર કરવા. પ્લાન્ટ સ્થાપવા-ચલાવવા, રીપેર કરવા ટેકનીકલ શિક્ષણની વ્યવસ્થા પણ કરવી પડે. ગોડાઉન વ્યવસ્થા તેમજ માર્કેટીંગ વ્યવસ્થા પણ ઊભી કરવી પડે.

પ્રકાશભાઈના મનમાં તો ૧૦ વર્ષમાં ખાદી જગતમાં ક્રાંતિ કરવાની

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અશ્વિનકુમાર કારીઆની નજરે

## (૧) ચૂંટણી કમિશ્નર પસંદગી પ્રક્રિયામાં કેન્દ્ર સરકારનો અંકુશ શા માટે ?

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે ભારતમાં અત્યાર સુધી સંસદનાં બંને ગૃહો અને તમામ રાજ્યોની વિધાનસભાઓની મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ સંપન્ન કરેલ છે. આ ચૂંટણી પ્રક્રિયામાં ભારતના ચૂંટણી પંચનો નિર્વિવાદ મહત્ત્વનો ફાળો રહ્યો છે. પરંતુ ચૂંટણી પંચના કમિશ્નરની પસંદગીનો વિવાદ થોડાં વર્ષોથી ઉદ્‌ભવ્યો છે.

ચૂંટણી પંચની સ્વાયત્તતા અને તટસ્થતા માટે ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણી સહિત એસોસીએશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સ, ઇન્ટરનેટ ફ્રિડમ ફાઉન્ડેશન, કોમન કોમ, લોકસત્તા મુવમેન્ટ જેવી અનેક સંસ્થાઓએ પારદર્શી વહીવટ માટે માગણી કરી હતી. એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) તરફથી સુપ્રીમ કોર્ટમાં આ બાબતે અરજીઓ થયેલ છે. પરંતુ આ મહત્ત્વના મુદ્દાના નિર્ણય માટે સુપ્રીમ કોર્ટે જરૂરી તત્પરતા દાખવી નથી. ADR તરફથી સુપ્રીમ કોર્ટમાં સૌ પ્રથમ ૨૦૧૫માં અરજી દાખલ કરવામાં આવી હતી. તેમાં રજૂઆત એવી હતી કે ચૂંટણી કમિશ્નરની પસંદગીમાં માત્ર કારોબારી અંકુશ (Executive Contract) હોવો ન જોઈએ. કારણ કે તેનાથી પંચની સ્વાયત્તતા (Autonomy)ને અસર પહોંચે છે. ૨૦૧૮માં આ અરજી બંધારણીય પીઠને સોંપવામાં આવી હતી. ત્યારબાદ પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કેટલાક ચૂંટણી કમિશ્નરોની પસંદગી જૂની પદ્ધતિ અનુસાર કરવામાં આવી.

૨ માર્ચ ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે બંધારણ અનુચ્છેદ ૩૨૪(૨)માં જોગવાઈ હોવા છતાં, કમિશ્નરની પસંદગી બાબતે કેન્દ્ર સરકારે હજુ સુધી કાયદો ઘડેલ નથી. આથી સુપ્રીમ કોર્ટે અનૂપ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા કેસમાં ઠરાવ્યું કે હવેથી મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નરની નિમણૂક રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, લોકસભા વિરોધ પક્ષ નેતા તેમજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની બનેલ સમિતિની ભલામણના આધારે કરશે. સંસદ આ બાબતે કાયદો ન ઘડે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટના આ હુકમનો અમલ થવાનો હતો. સંસદે ડિસે. ૨૦૨૩માં The Chief Commissioner and otehr Election Commissioners (Appointement, Conditions of service and term of office) Act, 2023 પસાર કર્યો અને તેમાં વડાપ્રધાન, લોકસભા વિરોધ પક્ષ નેતા અને વડાપ્રધાને નિયુક્ત કરેલ અન્ય કેન્દ્રીય પ્રધાનની બનેલ સમિતિની ભલામણ અનુસાર મુખ્ય ચૂંટણી કમિશ્નર તેમ જ અન્ય ચૂંટણી કમિશ્નરની પસંદગી કરવાની જોગવાઈ છે.

સંસદે પસાર કરેલ આ કાયદામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને હટાવીને વડાપ્રધાનની પસંદગીના પ્રધાનનું સ્થાન મુકાયું છે. આનો અર્થ એ થયો કે સુપ્રીમ કોર્ટના ચુકાદાના અર્ક અને ભાવનાને નિષ્ફળ બનાવી કારોબારી અંકુશ બરકરાર રાખેલ છે. ADR અને અન્ય સંસ્થાઓએ ૨૦૨૩ના આ કાયદાની બંધારણીયતા સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. તેમની દલીલ એ છે કે ચૂંટણી પંચની પારદર્શિતા અને તટસ્થતા કારોબારી અંકુશથી રહેતી નથી. કેન્દ્રનો બચાવ એવો છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર સંસદ કાયદો ઘડે નહીં ત્યાં સુધી જ રહેવાની હતી. સુપ્રીમ કોર્ટે નવા કાયદાના અમલ પર મનાઈહુકમ આપવા ઇન્કાર કર્યો. માર્ચ ૨૦૨૪માં કેન્દ્ર સરકારે બે કમિશ્નરોની નિમણૂક નવા કાયદા હેઠળ કરી. આ કાયદો સુપ્રીમ કોર્ટમાં પડકારાયેલ હોવાથી વિચારાધીન હોવા છતાં, આ પસંદગી થઈ. મુખ્ય ચૂંટણી કમિશ્નર ૧૮ ફેબ્રુ. ૨૦૨૫ના રોજ નિવૃત્ત થવાના હોવાથી નવા કાયદા હેઠળ પસંદગી અટકાવવાના હેતુથી દરમ્યાનગીરી કરવા સુપ્રીમ કોર્ટને કરાયેલ અરજ નકારવામાં આવી. ૧૮ ફેબ્રુ. અગાઉ સુનાવણી કરવાની રજૂઆત પણ સુપ્રીમ કોર્ટે સ્વીકારી નહીં. રાજીવ ગાંધીએ આ પસંદગીમાં પોતાની વિરોધ નોંધ દર્શાવેલ હોવા છતાં તેને અવગણીને મધ્યરાત્રિએ સરકારે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય બે કમિશ્નરોની નિમણૂક કરી.

વિશ્વના લોકશાહી દેશોએ ચૂંટણી કમિશ્નરની પસંદગીમાં પારદર્શી રીત અપનાવેલ છે. અમેરિકામાં સેનેટની ભલામણને આધારિત ચૂંટણી કમિશ્નરની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક થાય છે. દ.આફ્રિકામાં રાષ્ટ્રપતિ રાષ્ટ્રિય સંસદની ભલામણ મુજબ નિમણૂક કરે છે. બ્રાઝિલમાં ફેડરલ સુપ્રીમ કોર્ટ આ નિમણૂક કરે છે. ફ્રાંસમાં રાષ્ટ્રપતિ, સંસદ અને ન્યાયતંત્ર મળી સંયુક્ત રીતે નિમણૂક કરે છે. નેપાલમાં બંધારણીય પરિષદની ભલામણ મુજબ રાષ્ટ્રપતિ નિમણૂક કરે છે.

ભારતે અન્ય દેશોએ અપનાવેલ રીતોમાંથી ધડો લેવા જેવું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર પસંદગી પ્રક્રિયા અપનાવવાથી ચૂંટણી પંચની સ્વાયત્તતા અને નિષ્પક્ષતા જળવાશે. એટલું જ નહીં, પરંતુ લોકોનો આ પ્રથામાં વિશ્વાસ વધશે.

(માહિતી સૌજન્ય : Indian Express તા. ૨૫-૨-૨૫ના અંકમાં નિવૃત્ત મુખ્ય ચૂંટણી કમિશ્નર કુરેશીનો લેખ)

## (૨) અંધશ્રદ્ધા કચડાયેલા-દબાયેલા લોકોનો ધર્મ છે

સ્ત્રીને યુગોથી નીચી અને આજ્ઞાંકિત હોવાનું ધારી લેવામાં આવે છે. એક ફ્રેંચ લેખિકાએ કહ્યું છે કે સ્ત્રી જન્મતી નથી, સ્ત્રીને બનાવવામાં આવે છે. સ્ત્રીને શક્તિશાળી ત્યારે જ ગણવામાં આવે છે જ્યારે તે બાળકને જન્મ આપે અને કુટુંબના ગૌરવ કે આબરુ – ઇજ્જતનું રક્ષણ કરે. ગૌરવનું રક્ષણ કરવું એટલે કુટુંબની ધાર્મિક – અતાર્કિક પ્રણાલિઓ અને અંધશ્રદ્ધાનું પાલન કરી તેને જાળવવી.

મહિલા જાણે છે કે તે ખોટું છે છતાં તેનું પાલન કરે છે કારણ કે તેનું જીવન અનિશ્ચિતતાઓથી ઘેરાયેલું હોય છે – માતાપિતા ક્યાં સુધી ભણવા દેશે, બહાર ભણવા કે નોકરી કરવા દેવાની પરવાનગી મળશે કે કેમ, સાસરું કેવું મળશે ? વગેરે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જો કોઈ સ્ત્રીને એમ કહેવામાં આવે કે જો તે અમુક ધાર્મિક પ્રણાલિકાનું પાલન નહીં કરે તો તેનો પતિ બીમાર થશે. આવા સમયે સ્ત્રી મુશ્કેલી વેઠીને પણ તે ધાર્મિક પ્રણાલિકાનું પાલન કરશે. કારણ કે તેને મન તેના પતિનું આયુષ્ય સૌથી વધારે મૂલ્યવાન છે. સમાજમાં પતિ વિના સ્ત્રીને નકામી ગણવામાં આવે છે. આના કારણે સ્ત્રી પ્રણાલિકાનું પાલન કરે છે.

ભારતમાં સદીઓથી અંધશ્રદ્ધાનાં દુષ્પરિણામો સ્ત્રીઓ ભોગવી રહી છે. એક કાળે પતિની ચિતા સાથે પત્નીને સળગાવીને સતી બનાવી દેવામાં આવતી હતી. બંગાળમાં સ્ત્રી વિધવા થાય ત્યારે તેને વૃંદાવન મોકલી દેવામાં આવે છે. ઝારખંડમાં ૨૦૧૬થી ૨૦૧૯ના ગાળામાં ૧૨૩ સ્ત્રીઓને ડાકણ માની હત્યા કરવામાં આવી હતી. દેશમાં રોજ ૧૦ દલિત મહિલાઓ પર જાતીય અત્યાચાર થાય છે.

દક્ષિણનાં કેટલાંક રાજ્યોમાં દેવદાસી પ્રથા આજે પણ અમલમાં છે. કર્ણાટકમાં આશરે ૮૦૦૦૦ દેવદાસીઓ હોવાનું મનાય છે.

ધાર્મિક પ્રથાઓનાં બહાને સ્ત્રીઓને નબળી બનાવીને એને અંધશ્રદ્ધામાં ડૂબેલી રાખવામાં આવે છે.

(માહિતી સૌજન્ય, ડૉ. રાધિકા મુરુગેસનનો લેખ)

### (૩) બળાત્કાર આરોપીનાં લગ્ન તેની જ પીડિતા સાથે ? ના ભાઈ, ના !

દેશમાં રોજના ૮૫ બળાત્કારના બનાવો બને છે. પણ આવા કેસોમાં આરોપીને સજાનો દર માત્ર ૨૯ ટકા જ છે. આવા કેસોમાં આરોપીને સરળતાથી જામીન (બેઈલ) મંજૂર થતા હોતા નથી. નવાઈની વાત એ છે કે અલહાબાદ હાઈકોર્ટે બળાત્કાર આરોપીને તેની સાથે આંતરધર્મી, લીવ ઇન રિલેશનમાં રહેતી સ્ત્રી સાથે લગ્ન કરવાની અને રૂ. ૫ લાખ અનામત મૂકવાની શરતે જામીન મંજૂર કરેલ છે.

આ જ હાઈકોર્ટમાં વર્ષ ૨૦૨૪માં એક કેસમાં આરોપીને પીડિતા સાથે લગ્ન અને બળાત્કારના પરિણામે જન્મેલ બાળકની પણ કાળજી લેવાની શરતે જામીન મંજૂર થયેલ હતા. કોર્ટના આવા વલણથી ઉત્પન્ન થતા પ્રશ્નોનો વિચાર કરવો જોઈએ.

○ અદાલત બળાત્કાર આરોપીને પીડિતા સાથે લગ્ન કરવાની શરતે જામીન પર મુક્ત કરી શકે કે કેમ ? કદાચ પીડિતાની સંમતિ હોય તો પણ આવો હુકમ યોગ્ય અને ન્યાયી ગણાય કે કેમ ?

○ ગુનાના પરિણામે જન્મેલ બાળકની સુરક્ષા-આરોગ્ય સહિતનાં કલ્યાણને લગતાં પગલાં લેવાની રાજ્ય ફરજમાં ચૂક અથવા ઉપેક્ષા થઈ રહી છે કે કેમ ?

આ અંગે સુપ્રીમ કોર્ટની જાહેર કરેલ માર્ગદર્શિકાઓ નીચે પ્રમાણે છે :

(૧) સુપ્રીમ કોર્ટે અર્પણા ભટ્ટ વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ કેસ (૨૦૨૨)માં ઠરાવેલ છે કે બળાત્કાર આરોપીને મંજૂર કરાયેલ જામીન શરતોથી આરોપી અને પીડિતા વચ્ચે કોઈ કરાર ઉદ્ભવેલ હોવો જોઈએ નહીં. અલહાબાદ હાઈકોર્ટે આરોપીને પીડિતા સાથે લગ્ન કરવાની શરતે મંજૂર કરેલ જામીનથી સુપ્રીમ કોર્ટની આ માર્ગદર્શિકાનો ભંગ થાય છે.

(૨) સુપ્રીમ કોર્ટે ઉપર્યુક્ત કેસમાં વધુમાં ઠરાવેલ છે કે આવા કિસ્સાઓમાં પીડિતા પર પિતૃસત્તાક સમાજરચનાના કોઈ પણ વિચારનું દબાણ ન થવું જોઈએ. અલહાબાદ હાઈકોર્ટની શરતી જામીનનો આ ચુકાદો પિતૃસત્તાક સમાજરચનાનો પડઘો પાડે છે. આ ચુકાદો પ્રગતિ અવરોધક છે.

### ○ પીડિતા પર થતી અસર

અલહાબાદ હાઈકોર્ટની અસર એ છે કે હજારો બળાત્કાર ગુનાનો ઉપાય અથવા ન્યાય લગ્ન છે. બળાત્કારના બનાવથી પીડિતાનાં ચારિત્ર પર ડાઘ લાગે છે અને પીડિતા પોતાનું ગૌરવ ગુમાવે છે. તેણીની પોતાની પસંદગી મુજબ લગ્ન કરવાના સ્વાતંત્ર્યનો પણ ભંગ થાય છે. આરોપીના ગુનાહિત કૃત્ય પર કાયદેસરતાની મહોર લાગી જાય છે.
(માહિતી સૌજન્ય : 'ધ હિંદુ' ૧૧-૨-૨૫)


**'ભૂમિપુત્ર'**

(ફોર્મ-૪ નિયમ-૮ પ્રમાણે)

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : 'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૨. પ્રકાશન અવધિ | : મહિનામાં બે વખત |
| ૩. મુદ્રક | : જિજ્ઞેશ શાહ |
| ૪. મુદ્રણાલય | : જવનિકા પ્રિન્ટર્સ |
| ૫. પ્રકાશકનું નામ | : રજની દવે |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : 'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૪. સંપાદકનું નામ | : રજની દવે |
| સંપાદક મંડળ | : સ્વાતિ, પારુલ, |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : 'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |
| ૫. માલિકનું નામ | : યજ્ઞ પ્રકાશન સમિતિ<br>'ભૂમિપુત્ર' કાર્યાલય<br>હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧ |

હું, રજની દવે આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.


તા. ૧૬-૪-૨૦૨૫ (સહી)
વડોદરા રજની દવે-પ્રકાશક





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઉત્પત્તિ, અસ્તિત્વ અને ઉત્ક્રાંતિને ઉઘાડનારા : ચાર્લ્સ ડાર્વિન (૨)



**પ્ર**થમ નજરમાં, ચાર્લ્સ ડાર્વિન અસંભવિત ક્રાંતિકારી લાગે છે. શ્રીમંત બ્રિટિશ પરિવારના એક શરમાળ અને નિરંતર સભ્ય તરીકે ઊછરેલા ચાર્લ્સ, પિતાને નિષ્ક્રિય અને દિશાહીન દેખાતા હતા. પરંતુ બાળપણમાં પણ આ ડાર્વિને પ્રકૃતિમાં રસ દર્શાવ્યો હતો. પાછળથી, કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરતી વખતે, તેમને એચએમએસ બીગલ પર અવેતન પ્રકૃતિશાસ્ત્રી તરીકે કામ કરવાની તક આપવામાં આવી હતી, જે વિશ્વભરમાં સંશોધનાત્મક સફર શરૂ કરનાર નૌકા જહાજ હતું.

દરિયામાં લગભગ પાંચ વર્ષ દરમિયાન બીગલે દક્ષિણ અમેરિકાના દરિયાકિનારાનું સર્વેક્ષણ કર્યું અને ઓસ્ટ્રેલિયા અને સૌથી વધુ પ્રખ્યાત રીતે, ગાલાપાગોસ ટાપુઓ જેવાં સ્થળોએ રોકાણ કર્યું. સતત હાડમારી, વારંવારની બીમારીઓ અને અવ્યવસ્થાઓની વચ્ચે ડાર્વિનનું અમરત્વ ઘડાઈ રહ્યું હતું. તેઓએ ગાલાપેગોસ જેવા વણખેડાયેલા પ્રચુર પ્રાકૃતિક ખજાનાને ખોળેથી વિશ્વને જીવઅસ્તિત્વની સમજ સુધીની કડીઓ ઉકેલી આપી. તેણે તેજસ્વી વાદળી પગવાળાં પક્ષીઓ, ટી-આકારનાં માથાવાળા શાર્ક અને વિશાળ કાચબાનો સામનો કર્યો. ડાર્વિને તેના પ્રવાસમાં છોડ, પ્રાણીઓ અને અવશેષો એકત્રિત કર્યાં અને વિપુલ પ્રમાણમાં ફીલ્ડ નોટ્સ લીધા. આ સંગ્રહો અને રેકોર્ડ્સે તેમના નોંધપાત્ર સિદ્ધાંતને વિકસાવવા માટે જરૂરી પુરાવા પૂરા પાડ્યા હતા.

સફરના છેલ્લા તબક્કામાં ડાર્વિને તેની ૭૭૦-પાનાંની ડાયરી પૂરી કરી, ૧,૭૫૦ પાનાંની નોંધો લપેટી, તેની સાથે બધું મળીને ૫,૪૩૬ ત્વચાઓના નમૂનાઓ, (સ્કિન્સ,) હાડકાં અને આખા મૃત નમૂનાઓના ૧૨ કેટેલોગ તૈયાર કર્યા. નેચરલ હિસ્ટ્રીના ઉત્તમ કાર્ય માટે આ સંગ્રહ જ પૂરતો હતો પરંતુ પોતે જે અવલોકન કર્યું હતું તેના પ્રશ્નો ડાર્વિનને કશુંક ગૂઢ વિચારવા પ્રેરતા હતા. શું ગાલાપાગોસ મોકિંગબર્ડની તમામ જાતિઓ કુદરતી રીતે ઉત્પાદિત વિવિધતા હતી? ગ્રાઉન્ડ સ્લોથ શા માટે લુપ્ત થઈ ગયા હશે ?

આ પ્રશ્નો માં એક ખૂટતી કડી હતી. આ ખૂટતી કડીઓ સાથે યુવાન ડાર્વિન જીવનભર ટકી શકે તેટલી સમસ્યાઓ અને પ્રશ્નો લઈને પરત ફરી રહ્યા હતા. ઑક્ટોબર ૧૮૩૬માં જ્યારે તેઓ પોતાની ધરતી ઉપર ઊતર્યા ત્યારે યુવાનીમાં ધૂંધવાતી અકળામણ ઝાંખી પડી ગઈ હતી. એમ કહી શકાય કે હવે બંદૂકનું સ્થાન નોટબુકે લઈ લીધું હતું, આ પ્રવાસે તેઓને અનેક પડકારો, શારીરિક તકલીફો અને બીમારીઓ સાથે અગમ્ય ઉદાસીનતા પણ આપી. છતાં હંમેશાં નાનાં કારણોથી મોટાં પરિણામો તરફ આગળ વધતા જતા ભવિષ્યના સર્વોચ્ચ સિદ્ધાંતકાર, નવા જવાબો માટે પોતાની વિક્ટોરિયન સંસ્કૃતિની સંકુચિતતાથી આગળ જોવાની જરૂરિયાત ઓળખી ચૂક્યા હતા.

ડાર્વિનની પ્રતિભાએ ૧૮૫૯માં 'ઓરિજિન ઓફ સ્પીસીસ'ના પ્રકાશન સાથે અચાનક બાયોલોજીના પાયાને જ હચમચાવી નાખ્યો. ત્યારે તો કોઈ એવી ભ્રામક છાપ ઊભી કરી શકે તેમ હતા કે તેમનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત વૈજ્ઞાનિક ઇતિહાસમાં કોઈ પૂર્વધારણા વિનાની કપોળકલ્પિત રચના માત્ર છે. પરંતુ જીવવિજ્ઞાનના ઇતિહાસનાં તેના અગાઉનાં પ્રકરણો દર્શાવે છે તેમ, ડાર્વિનના સિદ્ધાંત માટે કાચો માલ દાયકાઓથી તૈયાર થઈ રહ્યો હતો. ભૂસ્તરશાસ્ત્રીઓ અને પેલિયોન્ટોલોજિસ્ટ્સે એક આકર્ષક નમૂનો વિકસાવ્યો પણ હતો કે પૃથ્વી પર જીવન લાંબા સમયથી હતું, સમય જતાં તે બદલાઈ ગયું હતું અને ઘણી પ્રજાતિઓ લુપ્ત થઈ ગઈ હતી. તે જ સમયે, ૧૮૦૦ ના દાયકાની શરૂઆતમાં જીવંત પ્રાણીઓનો અભ્યાસ કરતા ભ્રૂણ અભ્યાસીઓ અને અન્ય પ્રકૃતિવાદીઓએ, કેટલીક વાર અજાણતાં, ડાર્વિનના સિદ્ધાંતના વિકાસ માટે ઉપયોગી થનારા શ્રેષ્ઠ પુરાવાઓ શોધી કાઢ્યા હતા.

ઑક્ટોબર ૧૮૩૬માં બીગલ ઈંગ્લેન્ડ પરત ફર્યા પછી, ડાર્વિને તેનાં અવલોકનો અને અનુભવો પર ચિંતન અને વિશ્લેષણ કરવાનું શરૂ કર્યું, અને પછીનાં બે વર્ષોમાં 'કુદરતી પસંદગી દ્વારા ઉત્ક્રાંતિ'ના તેના પથદર્શક સિદ્ધાંતની મૂળભૂત રૂપરેખા વિકસાવી. પરંતુ નજીકના વર્તુળના એકાદ બે વિજ્ઞાની મિત્રો સિવાય ડાર્વિને જીવનની ઉત્પત્તિ અને વિકાસ અંગેના પોતાના વિચારો વિષે કોઈને જણાવ્યું નથી. ખરેખર, તેમણે તેમની વિશ્વપ્રસિદ્ધ થનારી વ્યાખ્યા અને તે ઉકેલતો ગ્રંથ- 'ઓન ધ ઓરિજિન ઓફ સ્પીસીસ બાય મીન્સ ઓફ નેચરલ સિલેક્શન'ને તૈયાર કર્યાનાં ૨૦ વર્ષથી વધુ સમય સુધી એટલે કે ૧૮૫૯ સુધી ક્યાંય પ્રકાશિત કર્યો ન હતો.

**ફિન્ચ પક્ષીનાં ડાર્વિનનાં અવલોકનો**

૧૮૩૫માં ગાલાપાગોસ ટાપુઓની મુલાકાતે ડાર્વિનને પ્રાકૃતિક પસંદગી અંગેના તેમના વિચારો ઘડવામાં મદદ કરી. તેને વિવિધ પર્યાવરણીય માળખામાં અનુકૂલિત ફિન્ચની ઘણી પ્રજાતિઓ મળી. આ તમામ ફિન્ચપક્ષીઓના ચાંચના આકાર, ખોરાકના સ્રોત અને ખોરાક કેવી રીતે પકડવામાં આવે છે તેમાં પણ ભિન્નતા હતી.

આ બધા પુરાવા સામાન્ય પૂર્વજમાંથી પ્રજાતિઓની ઉત્ક્રાંતિની તરફેણ કેવી રીતે કરે છે અને જીવનનો વિકાસ કરી શકે તેવી બુદ્ધિગમ્ય પદ્ધતિ પ્રદાન કરે છે. તેનું જોડાણ સ્થાપવાનું પ્રતિભાવાન વિશ્લેષણ એ ડાર્વિનની સિદ્ધિ છે. લેમાર્ક અને અન્ય લોકોએ ઉત્ક્રાંતિ સિદ્ધાંતોને પ્રોત્સાહન આપ્યું હતું, પરંતુ જીવન કેવી રીતે બદલાયું તે સમજાવવા માટે, તેઓ અટકળો પર આધારિત હતા. સામાન્ય રીતે, તેઓએ દાવો કર્યો હતો કે ઉત્ક્રાંતિ કેટલાક લાંબા ગાળાના વલણ દ્વારા સંચાલિત હતી. ઉદાહરણ તરીકે, લેમાર્કે વિચાર્યું કે સમય જતાં જીવન સાદા એકકોષીય સ્વરૂપોમાંથી જટિલ સ્વરૂપો તરફ આગળ વધવા માટે પ્રયત્ન કરે છે. ઘણા જર્મન જીવવિજ્ઞાનીઓએ પૂર્વનિર્ધારિત નિયમો અનુસાર જીવનના વિકાસની કલ્પના કરી હતી, તે જ રીતે ગર્ભાશયમાં ગર્ભનો વિકાસ થાય છે. પરંતુ ૧૮૦૦ ના દાયકાના મધ્યભાગમાં, ડાર્વિન અને બ્રિટીશ જીવવિજ્ઞાની આલ્ફ્રેડ રસેલ વોલેસે સ્વતંત્ર રીતે જીવન માટે કુદરતી, અવલોકનક્ષમ, પરિવર્તનની પદ્ધતિની કલ્પના કરી હતી. ડાર્વિન આ પ્રક્રિયાને 'કુદરતી પસંદગી' કહે છે.

**વસ્તી વૃદ્ધિનું દબાણ**

રસપ્રદ વાત એ છે કે ડાર્વિન અને વોલેસને અર્થશાસ્ત્રમાંથી આ દૃષ્ટિએ પરિવર્તનને પારખવાની પ્રેરણા મળી હતી. થોમસ માલ્થસ નામના એક અંગ્રેજ પાર્સને ૧૭૯૭ માં 'વસ્તીના સિદ્ધાંત પર નિબંધ' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું જેમાં તેણે તેના સાથી અંગ્રેજોને ચેતવણી આપી હતી કે ગરીબોને મદદ કરવા માટે રચાયેલ મોટાભાગની નીતિઓ વસ્તી વૃદ્ધિના અવિરત દબાણને કારણે વિનાશકારી છે. એક રાષ્ટ્ર થોડા દાયકાઓમાં સરળતાથી તેની વસ્તી બમણી કરી શકે છે, જે દુષ્કાળ અને બધા માટે દુઃખ તરફ દોરી જાય છે.

જ્યારે ડાર્વિન અને વોલેસે માલ્થસની આ થિયરીને વાંચી, ત્યારે તે બંનેને લાગ્યું કે પ્રાણીઓ અને છોડ પણ સમાન વસ્તીના દબાણનો અનુભવ કરતાં હોવાં જોઈએ.

**લક્ષણોની પસંદગી**

અસ્તિત્વ માટેના આ સંઘર્ષમાં, ટકી જવાની ક્ષમતા અને પ્રજનન એ બંને માત્ર એક સંભાવના ઉપર આધારિત નથી. ડાર્વિન અને વોલેસ બંનેને સમજાયું કે જો કોઈ પ્રાણીમાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે જે તેને બાહ્ય પડકારોનો સામનો કરવામાં સહાયક નીવડે છે જેના કારણે તે વધુ પ્રજનન ક્ષમતા ધરાવે છે. આથી જ તે વધુ સંખ્યામાં સંતાનો ઉછેરશે અને સમય જતાં આ લક્ષણો પોતાની પ્રજાતિનું વધુ સફળતાપૂર્વક સંવર્ધન કરવામાં મદદ કરે છે, કારણ કે તો તે અન્ય કરતાં વધુ સંતાનોને પાછળ છોડી શકે છે. અને સરેરાશ, આ ટકી રહેવાની ક્ષમતા આપતું વિશિષ્ટ લક્ષણ પણ આવનારી પેઢીઓમાં વધુ સામાન્ય બનશે.

ડાર્વિન લખે છે, આ ઉત્ક્રાંતિ બે પરિબળોને કારણે છે. પ્રથમ પરિબળ એ છે કે દરેક વ્યક્તિગત પ્રાણી સૂક્ષ્મ તફાવતો દ્વારા ચિહ્નિત થયેલ છે જે તેને તેનાં માતાપિતાથી અલગ પાડે છે. ડાર્વિન, જેમણે આ તફાવતોને ''વિવિધતા'' તરીકે ઓળખાવ્યા હતા, તેઓ તેમની અસરને સમજતા હતા પરંતુ તેમના કારણને નહીં; આનુવાંશિક પરિવર્તનનો વિચાર અને ખરેખર જિનેટિક્સનો વૈજ્ઞાનિક અભ્યાસ, ૨૦મી સદીની શરૂઆત સુધી સંપૂર્ણ રીતે વિકાસ પામ્યો નહોતો. બીજું પરિબળ, ડાર્વિને દલીલ કરી હતી કે ભિન્નતા અવ્યવસ્થિત હોવા છતાં, તેમાંના કેટલાક વિશિષ્ટ ફાયદાઓ દર્શાવે છે - ઉદાહરણ તરીકે શ્રેષ્ઠ છદ્માવરણ, એક હૃદયપૂર્ણ બંધારણ અથવા વધુ ઝડપ, - જે પ્રાણીને તેના પર્યાવરણમાં ટકી રહેવા માટે વધુ સારી રીતે સજ્જ કરે છે. જીવન ટકાવી રાખવાની મોટી તક સંવર્ધનની વધુ તક આપે છે અને મોટી સંખ્યામાં સંતાનોને ફાયદાકારક લક્ષણો ભેટ કરે છે. સમય જતાં, એક ફાયદો સમગ્ર પ્રજાતિમાં ફેલાય છે; બદલામાં, પ્રજાતિઓ સહન કરે છે અને પ્રજનન કરે છે. આમ, ઘણી પેઢીઓ દરમિયાન, સૂક્ષ્મ ફેરફારો થાય છે અને એકઠા થાય છે, જે આખરે મોટા ફેરફારો અને સંભવતઃ એક નવી પ્રજાતિમાં પરિવર્તિત થાય છે. પ્રજાતિઓ કેવી રીતે વિકસિત થાય છે તેના માટે બુદ્ધિગમ્ય અને આકર્ષક સમજૂતી પ્રદાન કરવાની હતી અને જીવનના વિકાસના ઇતિહાસને શોધવા માટે આ સમજૂતીનો ઉપયોગ કરવાનો હતો. આથી તેઓ દલીલ કરે છે કે તમામ અસ્તિત્વમાં રહેલા જીવો, નાની સંખ્યામાં મૂળ અથવા પૂર્વજ જાતિઓમાંથી ઊતરી આવ્યા છે. ડાર્વિને જીવનના ઇતિહાસની તુલના એક મહાન વૃક્ષ સાથે કરી હતી, તેનું થડ આ થોડા સામાન્ય પૂર્વજોનું પ્રતિનિધિત્વ કરે છે અને શાખાઓ અને ડાળખીઓ એક વ્યાપક પ્રણાલીનું, કે જે તેમાંથી વિકસિત જીવનની વિવિધતાનું પ્રતીક સંભવે છે.

ડાર્વિનના કુદરતી પસંદગીના સિદ્ધાંતના ચાર મુખ્ય પ્રસ્તાવો : ૧. કુદરત જીવી જાય તેના કરતાં વધુ પ્રતિનિધિઓ પેદા કરે છે ૨. તે માટે ટકી રહેવા સંઘર્ષ અનિવાર્ય છે, જે આ પ્રતિસ્પર્ધામાં ટકી જાય છે તે જીવી જાય છે ૩. એક જ જાતિના જીવો વચ્ચે પણ અનેક તફાવતો જોવા મળે છે જે વિવિધતા સર્જે છે અને ૪. પોતાનાં માતાપિતાનાં લક્ષણો પછીની પેઢીમાં ઊતરી આવે છે.

**બે વિજ્ઞાનીઓ વચ્ચે વહેંચાયેલી નોંધપાત્ર શોધ**

ડાર્વિન જાણતા હતા કે તેના કટ્ટરપંથી વિચારોને સખત વિરોધનો સામનો કરવો પડશે. ૨૦ વર્ષના સંશોધન પછી પણ, તેઓ ચિંતિત હતા કે તેમનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત કેવી રીતે સ્થાપિત થશે કારણ કે તે તે સમયની વ્યાપક ધાર્મિક માન્યતાઓને પડકારે છે. તેમણે આ વિષય પર ઘણાં વર્ષો સુધી પ્રકાશન કરવામાં વિલંબ કર્યો. તેમણે પુરાવાઓનો પહાડ એકઠો કર્યો. જ્યારે તેને ખબર પડી કે યુવા પ્રકૃતિવાદી આલ્ફ્રેડ રસેલ વોલેસે સમાન વિચારો વિકસાવ્યા છે, ત્યારે ડાર્વિન વોલેસના વિચારોને તાત્કાલિક પ્રકાશન માટે જર્નલમાં મોકલવા સ્વયં તૈયાર થયા.

ઓરિજિન ઓફ સ્પીસીસ પર કદાચ ક્યારેય લખવામાં આવ્યું ન હોત, જો તે આલ્ફ્રેડ રસેલ વોલેસ સાથે જોડાયું ના હોત. વોલેસની ઘોષણાએ ડાર્વિનને જાહેરમાં જણાવવા માટે હિમ્મત આપી અને પ્રેરિત કર્યા કે પોતાનું સ્વતંત્ર સંશોધન મજબૂત રીતે નિર્ણાયક નિષ્કર્ષ પર દોરી જાય છે. આ વિક્ટોરિયન સજ્જનોની ઉંમર હોવાને કારણે, બંને વિજ્ઞાનીઓ એક જ વિષય પર સંયુક્ત રીતે તેમનાં લખાણો પ્રકાશિત કરશે તે અંગે સંમત થયા હતા. તેમનું કાર્ય -જેમાં ડાર્વિનની અગાઉની નોંધોનો સંગ્રહ અને વોલેસના નિબંધનો સમાવેશ થાય છે તે ૧ જુલાઈ, ૧૮૫૮ ના રોજ લંડનમાં પ્રકૃતિવાદીઓના સંગઠન લિનીન સોસાયટીને વાંચવામાં આપવામાં આવ્યાં હતાં. પછીના વર્ષે, ડાર્વિને ઉત્ક્રાંતિવાદ પરના પોતાના સાતત્યપૂર્ણ દીર્ઘ ચિંતનના આધારે પોતાના વિચારોના અત્યંત વિગતવાર વિશ્લેષણ અને પુરાવાઓ સાથે આ સિદ્ધાંતને પ્રકાશિત કર્યો. આ પુસ્તક તાત્કાલિક બેસ્ટ સેલર થયું અને ઝડપથી વિવાદના વાવાઝોડાનું આગમન થયું.

ડાર્વિનને આનાથી બીજી કોઈ અપેક્ષા હતી જ નહિ, તત્કાલીન બ્રિટનની ધાર્મિક રૂઢિચુસ્ત માન્યતાઓ અને વૈજ્ઞાનિક અભિગમના અભાવને લીધે આ સિદ્ધાંતની સ્થાપનાનો ડર જ પોતાના વિચારોને જાહેર કરવામાં વિલંબ કરવા પાછળનાં મુખ્ય કારણો હતાં. પ્રજાતિઓના અનુકૂલનની વિભાવના તે સમયે એટલી મજબૂત રીતે સ્વીકાર્ય નહોતી. વિજ્ઞાનીઓ એ ચર્ચા કરી રહ્યા હતા કે શું ડાર્વિને પોતાનો સિદ્ધાંત રજૂ કર્યો એ મુજબ કુદરતમાં દાયકાઓ પહેલાં કેટલાંક પ્રાણીઓનો વિકાસ થયો હશે ? ''પ્રજાતિના રૂપાંતર''ના વિચારને ઘણા અગ્રણી પ્રકૃતિવાદીઓ દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો, તેમાંના એક ફ્રેન્ચ વિજ્ઞાની જ્યોર્જ ક્યુવિયર, તો માનતા હતા કે પ્રજાતિઓ સદીઓથી જે તે સમયમાં દેખાતી હતી તેટલી જ બનાવવામાં આવી હતી. પરંતુ પ્રખ્યાત બર્મિંગહામ ચિકિત્સક ઇરામસ ડાર્વિનનો પણ ટ્રાન્સમ્યુટેશનમાં રસ દાખવી સંશોધન કરતા કેટલાક અગ્રણીઓમાં સમાવેશ થતો હતો. એટલે કે એ દિશામાં ઘણા વિચારકો દોરાયા હતા.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ્યારે ડાર્વિનના વિચારોએ શરૂઆતમાં લાંબા સમયથી ચાલતી વૈજ્ઞાનિક અને ધાર્મિક માન્યતા પ્રણાલીઓને પડકારી હતી, ત્યારે 'ઓન ધ ઓરિજિન ઓફ સ્પીસીસ'ના પ્રકાશન પછીના દાયકાઓમાં અંગ્રેજી બોલતા વિશ્વના વૈજ્ઞાનિક સમુદાયોમાં ડાર્વિનની વિચારસરણીનો વ્યાપક વિરોધ મોટાભાગે ભાંગી પડયો હતો. છતાં પણ બ્રિટિશ અને અમેરિકન ચર્ચો દ્વારા ઉત્ક્રાંતિને જોરશોરથી નકારવામાં આવતી રહી કારણ કે, ધાર્મિક નેતાઓએ દલીલ કરી હતી કે, સિદ્ધાંત ખ્રિસ્તી ધર્મના ઘણા મુખ્ય ઉપદેશોનો સીધો વિરોધ કરે છે.

ડાર્વિનની એ સંકલ્પના કે માણસ સહિતની અસ્તિત્વ ધરાવતી તમામ પ્રજાતિઓ સમયાંતરે સતત અને અવ્યવસ્થિત પરિવર્તનને કારણે વિકાસ પામી છે તે ''તમામ જીવો ઈશ્વર દ્વારા તેમના પ્રકાર પ્રમાણે બનાવવામાં આવ્યા છે'' એમ જે બાઇબલના પુસ્તકના પ્રથમ જિનેસિસ પ્રકરણમાં વર્ણવવામાં આવ્યું છે એ વિચારનો સ્પષ્ટ વિરોધ કરે છે. ડાર્વિન પહેલાં, જીવનની ઉત્પત્તિ અને વિકાસના પ્રચલિત વૈજ્ઞાનિક સિદ્ધાંતે માન્યું હતું કે પ્રજાતિઓ નિશ્ચિત છે અને તે ક્યારેય બદલાતી નથી. આ સિદ્ધાંત, જેને ''વિશેષ સર્જનવાદ'' તરીકે ઓળખવામાં આવે છે, તે પછીના ફેરફારનો ઉલ્લેખ કર્યા વિના માછલી, મરઘી અને સસ્તન પ્રાણીઓની રચનાના ઈશ્વરના બાઇબલના અહેવાલ સાથે સારી રીતે સુસંગત હતો. ચર્ચ અને ધાર્મિક સમાજ ડાર્વિનના સખત વિરોધમાં હતાં કારણ કે ડાર્વિનિયન વિચારધારા ખ્રિસ્તી ધર્મ અને અન્ય ઘણી આસ્થાઓના કેન્દ્રમાં રહેલી કલ્પનાનો વિરોધાભાસ કરતી દેખાય છે, કે માણસને પ્રાકૃતિક ક્રમમાં ઈશ્વરે આપેલું વિશેષ સ્થાન મળેલું છે. તેના બદલે, ઉત્ક્રાંતિના સમર્થકોએ માનવ-શરીરરચનાનાં કેટલાંક એવાં અંગો દર્શાવી એ ચિહ્નો તરફ ધ્યાન દોર્યું કે માનવી સસ્તન જીવો સાથે એક બચ્ચા આપતા વંશમાં સ્થાન ધરાવે છે ઉદાહરણ તરીકે પૂંછડીનો અવશેષ. ડાર્વિનના સિદ્ધાંતે એ વિચારને પડકાર્યો કે કુદરતી વિશ્વ પરોપકારી સંવાદિતામાં અસ્તિત્વ ધરાવે છે.

ડાર્વિન સંપૂર્ણ રીતે સમજી ગયા હતા કે પોતાના સંશોધનથી પરંપરાગત ધાર્મિક માન્યતાઓ સામે ખતરો ઊભો થઈ શકે છે અને તે સમસ્યાઓ સર્જશે. અમેરિકન વનસ્પતિશાસ્ત્રી આસા ગ્રેને ૧૮૬૦માં લખેલા પત્રમાં દરવાને સમજાવ્યું હતું કે ''મારો એક નાસ્તિક રીતે આ સિદ્ધાંત લખવાનો કોઈ ઇરાદો નથી.'' પરંતુ વૈજ્ઞાનિક અભિગમલક્ષી ઇરાદાને ધ્યાનમાં લીધા વિના બ્રિટનમાં ધાર્મિક નેતાઓ તરફથી કઠોર અને તાત્કાલિક પ્રતિસાદ મળવા લાગ્યો. સાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક સત્તાધિકારીઓ વચ્ચેનો જાહેર મતભેદ ૧૮૬૦માં સમાપ્ત થયો ન હતો, ત્યારે ધાર્મિક વિચારકો વૈજ્ઞાનિક આધારો પર ઉત્ક્રાંતિને સીધી રીતે પડકારવા માટે વધુ સાવચેત બન્યા હતા.

સાંપ્રદાયિક અને વૈજ્ઞાનિક સત્તાધિકારીઓ વચ્ચેનો જાહેર મતભેદ ૧૮૬૦માં સમાપ્ત થયો ન હતો, ત્યારે ધાર્મિક વિચારકો વૈજ્ઞાનિક આધારો પર ઉત્ક્રાંતિને સીધી રીતે પડકારવા માટે વધુ સાવચેત બન્યા હતા. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં, આદિ માનવે, નીચલા સ્તરના જીવોમાંથી ઉત્થાન પામી હાલનું માનવીનું સ્તર હાંસિલ કર્યું છે તેવા ચિંતન તરફ ઊર્જા કેન્દ્રિત કરવાને બદલે કોઈ અજ્ઞાત ઈશ્વરે માનવીનું ઉચ્ચતર સ્તર માટે સર્જન કર્યું છે તેવા ચિંતનને સ્વીકારી લઈ, જીવોની ઉત્ક્રાંતિ સમૂળી ઈશ્વર નિર્દેશિત પદ્ધતિનું પરિણામ હોવાનું ચર્ચે સ્થાપિત કરી દીધેલું, જેના વિષે કોઈ સવાલ જ ના કરી શકાય. ત્યારે કોઈએ માણસના એકમાત્ર સર્જક તરીકે ઈશ્વરની ભૂમિકા પર પ્રશ્ન ઉઠાવ્યો ન હતો.

ડાર્વિને સમજાવ્યું કે કેવી રીતે પ્રજાતિઓ 'નેચરલ સિલેક્શન' નામની પ્રક્રિયા દ્વારા સમય જતાં 'વિકસિત' (બદલાવ અથવા વિકાસ) થઈ શકે છે. આનાથી દરેકને આઘાત લાગ્યો કારણ કે, ત્યાં સુધી, એવું વ્યાપકપણે માનવામાં આવતું હતું કે ગ્રહ પરનાં તમામ પ્રાણીઓ એક જ સમયે એક સર્જક દ્વારા બનાવવામાં આવ્યાં હતાં. કેટલાક લોકો આજે પણ એવું માને છે. પરંતુ આ તમામ વિરોધો અને પડકારોના અંતે ચર્ચ, ડાર્વિનને સ્વીકારવા મજબૂર બને છે.

ડાર્વિનને ઉત્ક્રાંતિના તેમના સિદ્ધાંત માટે ઘણા તપાસકર્તાઓનો સામનો કરવો પડ્યો અને ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ તેમાંથી એક હતું. હવે, એક સદી કરતાં વધુ સમય પછી, ૧૨૬ વર્ષ પછી ઉત્ક્રાંતિના પથદર્શક સિદ્ધાંતના પિતા વિષે ગેરસમજ કરવા બદલ ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ તરફથી જાહેરમાં માફી માંગવામાં આવી. તેમના મૃત્યુ સમયે, ૧૮૮૨માં, ડાર્વિનને તેમની ઉંમરના સૌથી મહાન વૈજ્ઞાનિક ગણવામાં આવતા હતા. તદ્દુપરાંત, તેમના સિદ્ધાંતે જે ચર્ચને પડકાર્યો હતો તેણે તેમને સર આઇઝેક ન્યૂટનની કબરની નજીક વેસ્ટમિંસ્ટર એબીમાં સંપૂર્ણ રાજ્યમાં અંતિમ સંસ્કાર અને દફનવિધિ કરવાની મંજૂરી આપી હતી. ડાર્વિનનો વિચાર હજુ પણ ઉશ્કેરણીજનક હતો, પરંતુ તેના મૃત્યુના સમય સુધીમાં તેણે બ્રિટનમાં એંગ્લિકન પાદરીઓમાં પણ સામાન્ય સ્વીકૃતિ મેળવી લીધી હતી. ખરેખર, એબીમાં તેમની દફનવિધિ દ્વારા સન્માનને કેટલાક સમકાલીન લોકો દ્વારા બ્રિટનમાં વિજ્ઞાન અને ધર્મ વચ્ચેના અસ્વસ્થ યુદ્ધના પ્રતીક તરીકે જોવામાં આવે છે.

વિજ્ઞાનમાં ડાર્વિનનું સૌથી મોટું યોગદાન એ છે કે કુદરતી નિયમો અંતર્ગત દ્રવ્યોના પારસ્પરિક રૂપાંતરણના ભાગ રૂપે જીવનનું અસ્તિત્વ એક ગતિશીલતા ધરાવે છે એ જીવવિજ્ઞાનના નિયમને પ્રાકૃતિક પસંદગી, સજીવોની ઉત્પત્તિ અને અનુકૂલનના તબક્કાઓને વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ કરાવી કોપેર્નિકન ક્રાંતિને પૂર્ણ કરી. આ શોધે માન્યતાઓ અને રૂઢિઓ આધારિત ધર્મસત્તા સામે વિજ્ઞાનને સ્પષ્ટ સ્થાન અપાવ્યું .

જીવવિજ્ઞાનનું કોઈ પણ ક્ષેત્ર માનવઉત્પત્તિના વિજ્ઞાન કરતાં ડાર્વિનની ઉત્ક્રાંતિની કલ્પનાથી વધુ પ્રભાવિત થયું નથી. ચાર્લ્સ ડાર્વિન પોતે કાલ્પનિક માનવપૂર્વજોના સર્વોપરી અમૂર્ત ગુણો વિષે, મનોમન ખુશ જણાય છે અને જાણી જોઈને લાંબા સમય સુધી માનવીના અશ્મિભૂત અવશેષો બાબતે સીધા જોડાઈને સંશોધનથી અલિપ્ત રહેવા માંગતા હતા. આના માટે ઘણાં કારણો હોવાનું જણાય છે, જેમાં મુકાબલો ટાળવાની ડાર્વિનની ઇચ્છાનો સમાવેશ થાય છે; બીજું કે ઓગણીસમી સદીના મધ્યમાં અશ્મિભૂત અવશેષો અને દસ્તાવેજોના દાવાઓ વિશેનાં કૌભાંડોથી;



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અશ્મિભૂત રેકોર્ડની વિશ્વસનીયતા વિશે ડાર્વિનની પોતાની કાયમી ચિંતા; અને તેમના નજીકના સાથીદાર થોમસ હેનરી હક્સલી દ્વારા જે તે સમયે જાણીતું હોમો સેપિયન્સની ''અસંસ્કારી'' વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતું સૌથી વિશિષ્ટ હોમિનિડ અશ્મિ, નિએન્ડરથલ હાડપિંજરની અધિકૃતતા વિશે શંકા અને અણગમો પણ જવાબદાર હશે તેમ માની શકાય. 'ઓન ધ ઓરિજિન ઓફ સ્પીસીઝ'ના પ્રકાશન સુધીનાં વર્ષોમાં માનવ ઉત્ક્રાંતિ અને તેની અસરો ડાર્વિનના મન પર ખૂબ જ પ્રભાવી હતી તેમાં કોઈ શંકા નથી; પરંતુ અંતે તેણે આ સામાજિક અને બૌદ્ધિક મથામણથી દૂર રહેવાનો સભાન નિર્ણય લીધો હોય તેવું લાગે છે. માનવજાતની ઉત્પત્તિ માટેના વાસ્તવિક મૂર્ત પુરાવાઓની ગંભીર તપાસ કરતાં, 'ધ ડિસેન્ટ ઑફ મેન' પરનો તેમનો વિશાળ ગ્રંથ પણ બહુવિધ વિરોધી, ગુલામી-વિરોધી માર્ગ તરીકે અને જાતીય પસંદગીની વ્યાખ્યા તરીકે વધુ બુદ્ધિગમ્ય રીતે વાંચવામાં આવે છે.

ચાર્લ્સ ડાર્વિન, એક અંગ્રેજ પ્રકૃતિવાદી, ભૂસ્તરશાસ્ત્રી અને જીવવિજ્ઞાની, ઉત્ક્રાંતિ જીવવિજ્ઞાનમાં તેમના યોગદાન માટે વ્યાપકપણે જાણીતા છે. જીવનની તમામ પ્રજાતિઓ એક સામાન્ય પૂર્વજમાંથી ઊતરી આવી છે તેવો તેમનો પ્રસ્તાવ હવે સામાન્ય રીતે સ્વીકારવામાં આવે છે અને તેને મૂળભૂત વૈજ્ઞાનિક ખ્યાલ માનવામાં આવે છે. આલ્ફ્રેડ રસેલ વોલેસ સાથેના સંયુક્ત પ્રકાશનમાં, તેમણે તેમનો વૈજ્ઞાનિક સિદ્ધાંત રજૂ કર્યો હતો કે ઉત્ક્રાંતિની આ શાખાકીય પેટર્ન 'કુદરતી પસંદગી' તરીકે ઓળખાતી પ્રક્રિયામાંથી પરિણમી છે, જેમાં અસ્તિત્વ માટેનો સંઘર્ષ પસંદગીયુક્ત સંવર્ધનમાં સામેલ કૃત્રિમ પસંદગીની સમાન અસર ધરાવે છે. ડાર્વિનને માનવ ઇતિહાસની સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાંની એક તરીકે વર્ણવવામાં આવી છે. આજે જ્યારે આપણે કૃત્રિમ બુદ્ધિમત્તાના વર્ચસ્વ તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે બુદ્ધિ અને અનુકૂલનની સર્વોત્તમ ક્ષમતાના તબ્બકાઓ પસાર કરી કુદરતમાં સર્વોપરી સ્થાન ધરાવનારા માનવીના અસ્તિત્વ વિશે સાચી કડીઓ ઉકેલી આપનારા ડાર્વિન બીજી રીતે જોઈએ તો કોઈ પણ જીવ કુદરતમાંથી નામશેષ કઈ રીતે થાય છે તેના પણ સ્પષ્ટ પુરાવાઓ આપે છે તે સમજવું જરૂરી છે.

paryavaran.santrigmail.com -યાત્રી બક્ષી

સંદર્ભ- ઈન્ટરનેટ ઉપર ઉપલ્બધ માહિતીઓ, સંશોધન લેખો અને સંગ્રહસ્થાનો




# સ્વામી વિવેકાનંદનો સંદેશ

**ભા**રત આધ્યાત્મિક ભૂમિ ગણાય છે. વેદો અને ઉપનિષદો, મહાકાવ્યો અને પુરાણો બધામાં ભારતીય તત્ત્વજ્ઞાન, એની કથાઓ અને ચર્ચાઓ બધું સંઘરાયેલું પડ્યું છે. આજે પણ એનાં અભ્યાસકેન્દ્રો અનેક સ્થળે ફેલાયેલાં છે. ગુજરાતમાં અરવિંદ કેન્દ્રો, શ્રીમદ્ રાજચંદ્રનાં કેન્દ્રો, રજનીશનાં કેન્દ્રો અને હવે વિવેકાનંદનાં કેન્દ્રો જોવા મળે છે. એ સિવાયનાં બીજાં પણ હશે જ.

સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨-૧-૧૮૬૩ અને એમનું મૃત્યુ થયું તા. ૪-૭-૧૯૦૨ના રોજ. વિવેકાનંદનું જીવન અને તત્ત્વજ્ઞાન આજે પણ આકર્ષક છે. એ બધા ધર્મોમાં રહેલી સમાનતાની વાત કરે છે, માનવસેવાની વાત કરે છે. કર્મમાં રત રહેવા યુવાનોને પ્રેરણા પૂરી પાડે છે. સ્વામીએ કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ અને રાજયોગ વિશે વિગતે લખ્યું છે. એમનું પત્રસાહિત્ય, એમનાં પુસ્તકો અને એમનાં વ્યાખ્યાનોને નવ ગ્રંથોમાં એક સાથે મૂકવામાં આવેલ છે. એમની પ્રતિમાઓ ઠેર ઠેર જોવા મળે છે. એમના જન્મદિવસને રાષ્ટ્રિય યુવાદિન તરીકે ઊજવવામાં આવે છે.

આમ તો અમે દક્ષિણ ભારતમાં બે ત્રણ વાર ફરી આવેલાં છીએ. અમદાવાદથી કન્યાકુમારી ખાતે સિનિયર સિટિઝન માટેની એક વિશેષ શિબિર યોજાઈ રહી છે, એવું જાણવા મળતાં એમાં જોડાઈ જવાનું મન થયું. રેલવેમાં પ્રવાસ કરવો અને ત્યાં છ દિવસ રોકાવું એમ નક્કી હતું. રેલવેની મુસાફરી સમયની રીતે ઘણી લાંબી પડે છે. પરંતુ હવાઈ મુસાફરી કરતાં અનેક રીતે સગવડદાયી અને લાભકારક પુરવાર થઈ રહેતી હોય છે. કુલ ૭૦ શિબિરાર્થીઓ હતા. વિવિધ રાજ્યોમાંથી આવ્યા હતા પણ સૌથી વધુ સંખ્યામાં ગુજરાતીઓ હતા. સ્વખર્ચે જવાનું હતું અને કશું જ વિનામૂલ્યે ન હતું. રોજ તમિળ ભોજનથી ટેવાવાનું હતું. રહેવાની સગવડ અનુકૂળતા મુજબ પસંદગીથી આરક્ષિત કરવાની હતી.

વરિષ્ઠ નાગરિકો હતા તેથી ટાઈમ શિડ્યુલ એટલું આકરું ન હતું. અલબત્ત વૃદ્ધાવસ્થામાં સ્વાસ્થ્ય સારું જળવાય એ પહેલી શરત હોય છે. તેથી સવારમાં સાડા પાંચ વાગ્યે પહોંચવાની તાકીદ હતી. ચા તૈયાર હોય, પછી હળવી કસરત અને પ્રાણાયામ વગેરે એકાદ કલાક ચાલે તે પછીના કલાકમાં અમને 'પદાવલી' નામની જે પુસ્તિકા આપવામાં આવી હતી તેમાંથી થોડાં સ્તોત્ર, ભજન, ગીત અને ધૂન વગેરે સાંભળવાનાં - ગાવાનાં હતાં. મોટેભાગે પ્રિયંવદા અને રાધાદીદી અત્યંત સ્પષ્ટ અને લયમધુર ઉચ્ચારણોમાં આ કાર્ય સંપન્ન કરતાં. શ્રીનિવાસ અને રવિ યોગ - પ્રાણાયામની સૂચનાઓ આપતા. આ જ ટીમ વ્યાખ્યાનોમાં પણ રહેતી. આઠ વાગ્યે સવારનો નાસ્તો. પછી ફરી સાડા દસ વાગ્યાથી સાડાબાર સુધી વ્યાખ્યાન. એક વાગ્યે બપોરનું ભોજન અને આરામ. ચાર વાગ્યે ચાથી શરૂઆત અને છ સુધી વ્યાખ્યાન.

આ છ દિવસ દરમ્યાન એક દિવસ વિવેકાનંદ રોક અને એક દિવસ સવારમાં સૂર્યોદય. સાંજના આઠ વાગ્યાના ભોજન પછી કોઈ કાર્યક્રમ નહિ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સમગ્ર પરિસર ૧૩૦ એકરમાં ફેલાયેલું છે. જેમાં સ્કૂલ, ગૌશાળા, વાચનાલય, કાર્યકરો અને મહેમાનોના નિવાસસ્થાન, કાર્યાલય, ભોજનશાળા, પુસ્તક વેચાણ કેન્દ્ર, એક કેન્ટીન, ગણપતિ મંદિર, એકનાથ રાનડેની સમાધિ, બીજા છેડે એમનું સંગ્રહાલય, સુભાષા બોઝ, શહીદ સ્મારક, વિવેકાનંદ મ્યુઝિયમ, રામાયણ મ્યુઝિયમ, નાનકડું દવાખાનું. આખો દિવસ તમિલનાડુમાંથી અને કદાચ બીજેથી પણ શાળાનાં બાળકો, બીજા પ્રવાસીઓને લઈને સંખ્યાબંધ લક્ઝરી બસો આવતી જ રહે છે. આ બધાં માટે પોતાના ભોજનની અને રોકાવાની સરળ વ્યવસ્થાઓ અહીં ઊભી કરેલી છે.

મામાજી કરીને એક કદાચ સૌથી વયોવૃદ્ધ કાર્યકર ત્યાં રહે છે જે ગુજરાતી છે, જેમનું નામ અંગીરસ છે. આખું કેમ્પસ એમને મામાજીના નામે સંબોધે છે. તેઓ ગુજરાતી કવયિત્રી સરૂપબહેન ધ્રુવના મામા છે.

દરિયો કેન્દ્રના એક છેડે છે. દરિયે પહોંચતાં પહેલાં છેલ્લા વળાંક પર વિવેકાનંદ રોક મેમોરિયલ ઊભું કરનાર એકનાથ રાનડેની સમાધિ છે. સમાધિ સ્થળમાં વિવેકાનંદની આગળ ડગ માંડતી પ્રતિમા છે. અહીં રહીને જ થોડાં વર્ષો સુધી એકનાથજીએ મેમોરિયલ બાંધકામની વ્યવસ્થા અને નિરીક્ષણ કર્યાં. જે પ્રતિમા એક મેમોરિયલ પર મૂકવામાં આવી છે તેને લઈ જતાં કંઈ નુકસાન થાય તો વિકલ્પે આ પ્રતિમા તે સાથે જ તૈયાર કરાવવામાં આવી હતી ! અહીંથી રોક વચ્ચે કોઈપણ પ્રકારના અવરોધ વિના દષ્ટિગોચર થાય છે. કેમ્પસની કમ્પાઉન્ડ વૉલની બહાર ઊછળતો હિંદ મહાસાગર છે. સવાર-સાંજ ચોક્કસ સમયે બારણું ખૂલે અને પ્રવાસીઓ દરિયા કિનારાનો, રોકનાં દૂર-દર્શનનો અને સૂર્યોદયનો લાભ લઈ શકે છે.

આપણે જાણીએ છીએ તેમ અમેરિકામાં સર્વધર્મ સભામાં સ્વામી વિવેકાનંદ ગયા તે પૂર્વે ૧૮૯૨માં ભારતની ભૂમિની બહાર દરિયા વચ્ચેના આ ખડક પર એમણે ચિંતન-ધ્યાન કરેલું. દુનિયાને ભારતનો આધ્યાત્મિક સંદેશ પહોંચાડવા વિદેશ ગમન કરવાનો નિર્ણય અહીં જ પાકો થયેલો. બિલકુલ બાજુમાં બીજા એક નાના ખડક પર પ્રાચીન તમિળ કવિ થિરૂવલ્લુરની ઊંચી ભવ્ય પ્રતિમા મૂકવામાં આવી છે. અગાઉ બંને સ્થળે જવું હોય તેણે અલગ રીતે જવું પડતું હતું. હવે કાચનો માર્ગ બે ખડકને જોડે છે. એને કારણે બધા જ પ્રવાસીઓ સુગમતાથી બંને સ્થળનો લાભ લઈ શકે છે. દરિયાનાં મોજાં પર થોડીક ઊંચાઈએ પારદર્શક કાચ ઉપર પદરણ કરવાનો લ્હાવો અનેરો છે. ઊડી જવાય એવો પવન હોય છે તેથી જ એની મજા પણ અનેરી છે.

એકનાથ રાનડેએ મહામહેનતે આ રાષ્ટ્રિય સ્મારક ઊભું કર્યું છે. એમણે માત્ર સરકારનો કે માત્ર દાનવીરોનો ફાળો મેળવવાને બદલે ભારતના લોકો પાસેથી એક રૂપિયા જેવા નાના પણ એકંદરે મોટા એવા સહયોગથી આ પ્રકલ્પ પૂરો કર્યો હતો. પોતે સંઘના સ્વયંસેવક હતા. પણ રાષ્ટ્રનિર્માણમાં ભાવાત્મક એકતાને ઉજાગર કરવાના એકમાત્ર ઉદ્દેશથી આ કાર્ય હાથ ધર્યું હતું. કેન્દ્રના પરિસર પર રાનડેજીનું એક નાનું મ્યુઝિયમ બનાવાયું છે જેમાં સ્મારક ઊભું કરવા માટેના એમના પ્રયાસો અંગેના પત્રવ્યવહાર અને તત્કાલીન અખબારોમાં આવેલા સમાચારો, ટપાલ ટિકિટો, પોતે ઉપયોગમાં લેતા હતા તે અંગત રાચરચીલું જાળવવામાં આવ્યું છે. મારા નમ્ર મતે રોક મેમોરિયલ રાષ્ટ્રિય હોય તો એના પર રાષ્ટ્રધ્વજ ફરકતો હોવો જોઈએ. પણ તેમ નથી. આજે પણ વિવેકાનંદ કેન્દ્ર જ ખડક પરની સમગ્ર વ્યવસ્થા સંભાળે છે. જાળવણી અત્યંત સંતોષપ્રદ છે. પ્રતિમા ઉપરાંત, ધ્યાનકક્ષ અને શ્રીપાદ મંડપમ્ એ બે સ્થળ રોક પર મહત્ત્વનાં છે.

અમે ત્યાં હતા એ દરમ્યાન ૨૬મી જાન્યુઆરીનો પ્રજાસત્તાકદિન પણ આવી ગયો. મને હતું કે કેન્દ્ર પરિસરમાં ધ્વજવંદનનો કાર્યક્રમ હશે. કેમ્પસ પર કેન્દ્ર જે શાળા ચલાવે છે ત્યાંના ધ્જવંદન કાર્યક્રમમાં શિબિરાર્થીઓ અને બીજાં બધાં જઈને જોડાયાં. ધ્યાન માટે તેમજ વિવિધ સમયે યોજાતી શિબિરોમાં કોઈપણ વ્યક્તિ નિયત શુલ્ક ભરીને જઈ શકે છે. મને આનંદ એ વાતનો હતો કે તમિળનાડુનાં સાદાં, ભોળાં, ગ્રામજનો પણ બહોળી સંખ્યામાં આ કેન્દ્રની મુલાકાતે આવે છે. જેને ધ્યાન ધરવું નથી કે અભ્યાસ કરવો નથી એવી પ્રજામાં પણ વિવેકાનંદ પહોંચ્યા હોવાનું માનવું ગમે એવું છે.

રાષ્ટ્રિય પ્રતિભાઓ ભારતમાં ઓછી નથી. એ બાબતે આપણે રળિયાત છીએ. એમણે પ્રબોધેલાં શાશ્વત જીવનમૂલ્યો પૂરતા પ્રમાણમાં આપણામાં ઊતરેલાં જોવાં મળતાં નથી એ જ ઘેરી ચિંતાનો વિષય બને છે. બહુ ઊંડા ધ્યાનની કે બહુ મોટા અભ્યાસની વધુ જરૂર નથી. ભારતની ભૂમિ પર વસતાં સર્વને ચાહવાની અને પરસ્પર સહાયભૂત થવા મથતાં રહેવાની વધારે જરૂર છે. સ્વામીનો સંદેશ આ હોય એવું હું સમજ્યો છું.

**– ડંકેશ ઓઝા**

---

**બે અનોખાં સન્માન...** (પાન ૧૭નું ચાલુ)

'રામ તમે સીતાની તોલે ન આવો રે' ભજનની પંક્તિ વધુ ઉચિત છે.

છેલ્લે, મિત્ર મુકુન્દ પંડ્યાની સૌને સ્પર્શે તેવી ચિંતા એ છે કે, મીડિયામાં સાધનો અને ટેકનોલોજીની સગવડો વધી છે પણ નૈતિક મૂલ્યો અને નિષ્ઠા તેમજ પ્રામાણિકતા ઘટતાં જાય છે.

માત્ર ખાદી પહેરે એ જ ગાંધીવાદી ન કહેવાય. ગાંધીને ગમતાં કાર્યો કરે તે સાચો ગાંધી વિચારનો ઉપાસક છે. સરદાર પટેલે કદી ગાંધી ટોપી પહેરી ન હતી, છતાં સાચા ગાંધીવાદી હતા. એ જ રીતે ગાંધીએ ખુદ ગાંધી ટોપી પહેરી ન હતી છતાં પહેરનાર માટે તે 'ગાંધી ટોપી' ગાંધીની ઓળખ બની. મંચ મંત્રી ઉર્વીશ કોઠારીએ યથાર્થ જ કહ્યું કે સ્થાપિત હિતો સામે લડતાં લડતાં (કેટલાક પોતે) સ્થાપિત હિત બની જાય છે.

આ જ વાત ગ્રામગર્જના એવોર્ડ સ્વીકારતાં તાજેતરમાં ગ્રામીણ પત્રકાર અંબુભાઈ પટેલે કહી હતી કે શાસન પ્રજાથી દૂર જવા માંડે ત્યારે પત્રકારની જવાબદારી વધી જાય છે. તેણે સ્થાપિત હિત નથી બનવાનું.

સત્તા, સંપત્તિ, સ્ત્રી, શેરબજાર, સ્પોર્ટ્સ અને સિનેમા પાછળ પડેલા મોટાભાગનાં મીડિયા પાસે ભલે જરા પણ સમય આવી ઘટનાઓ માટે ન હોય, પણ સમાજમાં તે રણમાં મીઠી વીરડી જેવી ઘટના છે.

(ગ્રામ ગર્જના) **– મણિલાલ એમ. પટેલ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# બે અનોખાં સન્માન

**મી**ડિયામાં છાપવા જેવું ઘણુંબધું નથી આવતું, નહીં છાપવા જેવું ઘણુંબધું આવે છે.

એક પત્રકાર ગુજરી જાય તો બીજાં છાપાઓમાં તો કંઈ ન આવે પણ પોતે કામ કર્યું હોય તે છાપાઓમાં પણ ભાગ્યે જ નોંધ આવતી જોવા મળે છે. હમણાં બે કાર્યક્રમો થયા, જે અનોખા અને પ્રેરણાદાયી હતા. મીડિયા તેમજ પત્રકારત્વ જગતને સ્પર્શતા હતા, છતાં ભાગ્યે જ કોઈ મીડિયામાં તેની નોંધ લેવાઈ.

એક કાર્યક્રમ વરિષ્ઠ પત્રકાર પ્રશાંત દયાળે તેમની પત્ની શિવાનીની સ્મૃતિમાં શરૂ કરેલ 'શિવાની પત્રકારત્વ સન્માન'નો હતો. બીજો ગ્રામીણ પત્રકારત્વ ક્ષેત્રે કાર્યરત પત્રકારોને ગ્રામ ગર્જના ગ્રામીણ પત્રકારિતા એવોર્ડ અને વિશિષ્ટ સન્માનનો હતો. બંને કાર્યક્રમોમાં સારી એવી સંખ્યામાં માધ્યમો સાથે સંકળાયેલા પત્રકારોની હાજરી પણ હતી.

આમ તો પત્રકારો માટે ઘણા એવોર્ડ છે. હવે તો પત્રકારો પદ્મશ્રી સુધી પણ પહોંચ્યા છે પણ જે બે કાર્યક્રમોમાં પત્રકારોને સન્માનિત કરાયા તે અનોખા ને વિશિષ્ટ હતા.

પ્રશાંત દયાળના નામથી ગુજરાતમાં આજે મીડિયાને રાજકારણના ક્ષેત્રમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે. તેમની પત્ની શિવાનીએ તાજેતરમાં આ દુનિયામાંથી વિદાય લીધી. હર પળે ને હર ઘડીએ પડકારોનો સામનો કરતા પત્રકારોના જીવનમાં પત્ની અને પરિવારનો હિસ્સો નોંધપાત્ર હોય છે. પતિની સાથે સાથે પરિવારની સંભાળ, સંતાનોનો ઉછેર અને તેમનાં સપનાં સાકાર કરવાનું ભગીરથ કાર્ય પત્ની કરતી હોય છે. પત્ની સહધર્મ-ચારિણી હોય છે. ભાઈ પ્રશાંતની પત્ની બહેન શિવાની પણ પ્રશાંત જેવી જ નિર્ભય ને નીડર હતી. એટલે જ પ્રશાંત પત્રકારત્વમાં આટલી ઊંચાઈ, પ્રતિષ્ઠા ને પ્રતિભા મેળવી શક્યા કે ઊભી કરી શક્યા.

પત્નીની સ્મૃતિને ચિરંજીવી રાખવા દાનધર્મ પુણ્યના ઘણા રસ્તા છે પણ પ્રશાંતે પત્રકારત્વનો ધર્મ અપનાવ્યો.

જે મહિલા પત્રકારો પરિવારની જવાબદારી વચ્ચે પત્રકારત્વનું પડકારરૂપ કાર્ય કરે છે તેમને અને તેમના કાર્યમાં મદદરૂપ થનાર તેમની માતા કે સાસુને સન્માનવાનો અનોખો વિચાર પ્રશાંતને આવ્યો અને કસ્તૂરબા જેમના સહયોગથી મોહનદાસ ગાંધી બની શક્યા તેમની પુણ્યતિથિએ પોતાની પત્નીની સ્મૃતિમાં બે મહિલા પત્રકારો કે જેઓ કપરી પારિવારિક જવાબદારી ને આર્થિક સ્થિતિમાં પત્રકારત્વનું કામ સુપેરે કરે છે તેવાં પરણ્યા પહેલાંનાં ગોપી મણિયાર અને પરણ્યા પછીનાં ગોપી ગાંગર તથા અનિતા પટણીને શિવાની પત્રકારત્વ સન્માન, એક મહિલા કર્મશીલ અને પત્રકાર મિતલ પટેલ અને વરિષ્ઠ પત્રકાર મુકુન્દ પંડ્યાના હસ્તે એનાયત કરાયું.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે ગોપીનાં સાસુ ભાનુમતિબહેન તથા અનીતાનાં દેવીપૂજક માતા સવિતાબહેનનું પણ બંને પત્રકારોના કાર્યમાં સહભાગી થવા બદલ વિશેષ સન્માન કરીને પત્રકારત્વ સન્માનને એક નવી દિશા મળી. મારા માટે ખુશીની વાત એ હતી કે જેમને સન્માન મળ્યું તે ગોપી મણિયાર ગાંગર અને જેમના હસ્તે સન્માન થયું તે મિત્તલ પટેલ બંને ભૂતકાળમાં પત્રકારત્વના અભ્યાસકાળનો હું શિક્ષક રહ્યો છું. જ્યારે મુકુન્દ પંડ્યા અમારી ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન અને લોક સમિતિની ૧૯૭૫ની ટોળકીના સભ્ય હતા. જે આજેય એવા જ રચનાત્મક પત્રકાર છે. મેં પ્રશાંત સાથે દિવ્ય ભાસ્કરમાં લગભગ એકાદ દાયકો કામ પણ કર્યું હતું.

અત્યંત ભાવનાત્મક રીતે છતાં સ્વસ્થતાપૂર્વક પ્રશાંતે કાર્યક્રમની ભૂમિકા બાંધતાં કહ્યું કે કસ્તૂરબાની પુણ્યતિથિએ હું મારાં કસ્તૂરબાનું સન્માન કરું છું. ત્યારે ૫૦ વર્ષ પહેલાં ઈલાબહેન ભટ્ટ મજૂર મહાજનમાં કસ્તૂરબાની તિથિએ નારી દિન ઊજવતાં તેની સ્મૃતિઓ તાજી થઈ. આજે ખરા અર્થમાં નારી દિન-નવજીવનમાં ઊજવાયો.

નિર્ભીક પત્રકારત્વ થકી કારકિર્દી શરૂ કરનાર પ્રશાંત દયાળ માટે સંસ્થાકીય ઘડતરની પ્રતીતિ કરાવતો આ પ્રસંગ હતો. ગાંધી સ્થાપિત નવજીવન સંસ્થામાં જેલ સુધારણા, નવજીવન પત્રકારત્વનો અભ્યાસક્રમ અને નવજીવન ન્યુઝ થકી પ્રશાંતનો જિંદગીના નવજીવનનો આરંભ સમી આ ઘટના હતી.

મિત્ર પ્રશાંતે વર્ષ ૨૦૨૫માં પત્નીની વિદાય બાદ ઉચિત હૃદયાંજલિ અર્પી. મેં પણ વર્ષ ૨૦૧૭માં મારાં પત્ની પાલીબહેનની ઉપસ્થિતિમાં જ જાહેર સન્માન, સન્માનપત્ર આપીને કહ્યું હતું તે ઘટનાનું સ્મરણ થયું. તે સમયે ગુજરાતની રાષ્ટ્રીય પ્રતિભા ધરાવતી બે મહિલાઓ ઈલાબહેન ભટ્ટ તથા પદ્માબહેન જયકૃષ્ણદાસના હસ્તે તેમનું સન્માન મારી પારિવારિક સેવાની કદરરૂપે કર્યું હતું. તે કાર્યક્રમ સંચાલન પણ ડૉ. સોનલ પંડ્યા જેવાં શિક્ષાવિદ મહિલાએ કર્યું હતું. પરિવાર દ્વારા પત્ની સન્માનની કદાચ આ પ્રથમ ઘટના હતી જેમાં પ્રશાંતે ૨૦૨૫માં ઉમેરો કર્યો છે.

ભાઈ પ્રશાંતે બે મહિલા પત્રકારોના તેમજ તેમના પારિવારિક મહિલા સહયોગીનું સન્માન કર્યું. મેં, જેમનું કોઈએ નામ પણ ન સાંભળ્યું હોય ને ચૂપચાપ માન સન્માનની અપેક્ષા વિના ગ્રામીણ પત્રકારત્વના ક્ષેત્રે કાર્યરત છે તેવા અંબુભાઈ પટેલ, ત્રણ અન્ય વિકાસશીલ પત્રકારોનું, ભૂમિપુત્રના રજની દવે, ચરખાના સંજય દવે તથા અભય રાવલનું વિશિષ્ટ સન્માન એવોર્ડ આપીને કર્યું.

એવોર્ડ માટે મેં પણ ૫૦ વર્ષથી નીચેની વય નિશ્ચિત કરી હતી. માણસોને જીવંત એવોર્ડ મળવો જોઈએ. મિત્તલે સાચું જ કહેલું કે વ્હીલ ચેરમાં કે મરણોત્તર એવોર્ડનો કશો અર્થ નથી. જેમણે થોડાંક વર્ષો કામ કર્યું છે અને હજુ કામ કરવાનું બાકી છે તેમને તથા તેમના જેવા બીજાને પ્રોત્સાહન માટે આવાં સન્માન વધુ ને વધુ થાય તે જરૂરી છે.

શિવાની ભલે સ્થૂળ દેહે પ્રશાંત સાથે નથી પણ વિચારદેહે સદાય છે. ઘટના પ્રશાંત સામેના રાજદ્રોહની હોય કે કોઈ મહિલા સામેના પોલીસ કેસને નબળો કરવા માટે અપાતી લાલચની હોય, શિવાનીની એક નિર્ભીક, મજબૂત અને મૂલ્યનિષ્ઠ, બિનપક્ષકારી ભૂમિકા એક પત્રકાર કરતાં પણ મૂઠી ઊંચેરી હતી. 'શિવાની' ખુદ એક 'જીવતી વારતા' હતી. દરેક પતિ માટે

(જુઓ પાન નં. ૧૬)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વાંચન થાળ

તા. ૧૬-૧૨-૨૦૨૪ના અંકમાં આપણે ડૉ. ભરતભાઈ ભગતનાં ૪ પુસ્તકોનો પરિચય આપવાનું ચાલુ કર્યું હતું. છેલ્લા ૩ મહિના આ લેખમાળા અટકી હતી. વાંચનથાળ માટે ઘણી વાનગીઓ ભેગી થઈ ગઈ છે.

○ 'મૂળિયાના માનવી' પુસ્તકમાં ૨૨મો લેખ કલાકાર શ્રી અનિલ રેલિયા અંગે છે. તેઓ એક આર્ષદૃષ્ટા, ચિત્રકલાના ક્ષેત્રે જગવિખ્યાત કલાકાર, કલા સંવર્ધક છે.

તેમની પાસે ભારતીય વ્યક્તિચિત્રનો અમૂલ્ય, અલભ્ય અને સમૃદ્ધ ખજાનો છે. વ્યક્તિચિત્ર દ્વારા એ સમયનો માહોલ, પહેરવેશ, આભૂષણોનો ખ્યાલ આવે છે. આવાં ચિત્રો શોધવા કબાડી માર્કેટ, તથા ઉચ્ચ દરજ્જાની ગેલરીઓમાં તેઓ જાય છે. પસંદગીનાં ચિત્રો ભેગાં કરી, તેના વેચાણનું કામ ચાલુ કર્યું. ગ્રાફિક ડિઝાઈનનું કામ ચાલુ કર્યું. કેટલાય કલાકારોનાં ચિત્ર પહેલાં પોતે ખરીદી લે છે પછી વેચાણ કરે છે. અમદાવાદની હુસેન-દોશી ગુફાને જીવતી રાખવાનું કામ અનિલભાઈ કરી રહ્યા છે.

○ કીમ ગામના શિક્ષક નાગરભાઈ લાડ અને તેમનાં પત્ની પુષ્પાબહેને તેમની સેવાપ્રવૃત્તિના શ્રીગણેશ ગરીબોને ખીચડી ખવડાવવાથી કર્યા. કીમની હોસ્પિટલના દર્દીઓને સવાર-સાંજ, સાત્ત્વિક ભોજન પીરસવાનું ચાલુ કર્યું. ત્યાર બાદ 'શ્રી રામકૃષ્ણ-વિવેકાનંદ સેવાકેન્દ્ર'ની સ્થાપના કરી. નિઃશુલ્ક ટ્યૂશન વર્ગો શરૂ કર્યા. ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો.

બે દાયકાથી અન્નદાન અને જ્ઞાનદાનનો આ યજ્ઞ ચાલી રહ્યો છે.

○ અમદાવાદમાં શ્રી પ્રાણશંકર લલ્લુભાઈ દેસાઈએ ૧૯૦૮માં બહેરા-મૂંગાની પહેલી સ્કૂલની સ્થાપના કરી હતી. ગાંધીજીએ ૧૯૨૮માં તેનું ખાત મુહૂર્ત કર્યું હતું. આજે આ સંસ્થામાં ૬૦૦થી વધુ બહેરા-મૂંગા કે અંધ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. ૨૦૦થી વધુ માટે હોસ્ટેલની સગવડ છે. અહીં રહેવા-ખાવાનું બધું જ વિનામૂલ્યે થાય છે. અહીં ૪૦ જેટલા પ્રેમાળ અને સમર્પિત શિક્ષકો છે. માનદમંત્રી તરીકે શ્રી મિલન દલાલ સક્રિય છે.

આ સંસ્થાનો ૩૫૦૦૦થી ૪૦૦૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે.

○ શ્રીમતી વંદનાબહેન અગ્રવાલ હોમ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જરૂરિયાત-વાળાને વગર વ્યાજની વ્યક્તિગત ધોરણે ધંધો કરવા સાધન સહાય માટે લોન વગર વ્યાજે આપે છે. આમાં ગાય, પગરિક્ષા, ઓટોરિક્ષા, પાણીપૂરીની લારી, એમ્બ્રોઈડરી, સિલાઈ મશીન આપ્યાં છે. બધા જ લોનધારકોએ આજ સુધી લોન પરત કરી છે.

લોન માટેનાં નાણાં ભેગાં કરવા દર મહિને ૧૦૦૦ રૂ. નિયમિતપણે આપનારનું ગ્રુપ બનાવ્યું છે. સંસ્થાનો અહેવાલ વોટ્સએપ દ્વારા મોકલી આપે છે. નવા નવા સહાય કરનારા જોડાતા જાય છે. તેઓ પોઝિટીવ થોટ્સનાં ચિત્રો બનાવી હોસ્પિટલ, બેંક કે પબ્લિક પ્લેસીસમાં મૂકે છે, આમાંથી પણ દાન મળે છે.

○ તલોદ પાસે આવેલ પોતાના વતન રણાસણ ગામે ડૉ. લલિતભાઈ શાહ અને મુંબઈમાં ઊછરેલ અનિતાબહેને ૧૯૮૭માં 'અંજલિ સંસ્થા' સ્થાપી. તેમણે પહેલાં ૩ વર્ષ સૂરતની મહાવીર હોસ્પિટલ અને પાંચ વર્ષ સેવા રૂરલ ઝઘડિયામાં સેવા આપી. શરૂઆત ત્રણ રૂમના ભાડાના મકાનથી કરી. આજે ૭૫ બેડની અદ્યતન સાધનો ધરાવતી હોસ્પિટલ તૈયાર થઈ ગઈ છે. આજે દર વર્ષે ૫૦,૦૦૦ દર્દીઓ તબીબી સારવાર લે છે.

આ સાથે આસપાસનાં આદિવાસી ગામોમાં જનજાગૃતિનું કામ પણ ચાલે છે. ૪૭ જેટલી બચત મંડળીઓ ચાલે છે. ખેતી સુધારનાં કામો થાય છે. પર્યાવરણ જાગૃતિ તથા સ્વરોજગારીનાં કામો પણ થાય છે.

○ ડૉ. ભરત ભગત, વાત કરે છે ભરત બારિયા અને તેના ભાઈ અક્ષય પટેલની. આ ભાઈઓ કાશ્મીરથી કન્યાકુમારી સુધીનાં રાજ્યોનાં લોકનૃત્યો સમાજ સમક્ષ રજૂ કરે છે. આદિવાસીઓ - ભીલો વગેરે લોકોનાં નૃત્યોનો સમાજ ભૂલી રહ્યો છે ત્યારે તે કલાને જીવંત રાખી રહ્યા છે. આ કલાના માધ્યમથી લોકોમાંની અંધશ્રદ્ધાને દૂર કરવા પ્રયત્ન કરે છે. પર્યાવરણ જાળવણી, નશામુક્તિ, પાણી બચાવો જેવાં અભિયાનો લોકકલાના માધ્યમથી ચલાવે છે.

આ ભાઈઓ પંચમહાલ જિલ્લાના હાલોલના વતની છે. મલ્લિકા સારાભાઈ અને મૃણાલી અમ્માએ આ લોકોનું ઘડતર કર્યું છે. આ ભાઈઓની જોડીએ દેશ પરદેશમાં એક હજારથી વધારે શૉ કર્યા છે. ૨૫ ફિલ્મોમાં કામ કર્યું છે. ૩૦૦૦થી વધુ વીડિયો આલ્બમ કર્યા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પારિતોષકો મેળવ્યાં છે.

○ સંજીવની હેલ્થ એન્ડ રિલીફ કમિટીની સ્થાપના ડૉ. પંકજ શાહે વર્ષ ૨૦૦૫માં કરી છે. પોતાના જ્ઞાનનો લાભ ગામડાના ગરીબ લોકોને આપે છે. તેમની પાસે જરૂરી સંખ્યામાં ડેન્ટલવાન, ઓપ્થેલમિક વાન તથા ઈસીજી વાનો છે. ઘરઆંગણે ગ્રામ વિસ્તારમાં લોકોને વિના-મૂલ્યે કે મામૂલી ચાર્જથી ગુણવત્તાલક્ષી સારવાર આપે છે. તેમની વાનો અમદાવાદ, ગાંધીનગર અને ખેડા જિલ્લાનાં ૩૦૦થી વધુ ગામોમાં નિયમિત જાય છે. ૪૫ કન્સલ્ટન્ટોની સેવા લોકો સુધી પહોંચાડે છે. અત્યાર સુધીમાં પંદર લાખથી વધુ લોકોને વિવિધ દર્દોમાં રાહત આપી છે. તેઓનો અનુભવ કહે છે કે ભારતને રોગમુક્ત કરવા મોટાપાયે જનજાગૃતિની જરૂરિયાત છે.

શિક્ષણ ક્ષેત્રે પણ તેઓ કામ કરી રહ્યા છે. ૯૦૦થી વધુ બાળકો પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવે છે. ૬૮ વર્ષની વયે પણ તેઓ સારા એવા સક્રિય છે.

○ ભરતભાઈ ઇંગ્લેન્ડની એક સંસ્થાની વાત કરે છે. સંસ્થાની સ્થાપના ૪૬૪ વર્ષો પહેલાં થઈ હતી. નામ છે – John Huntingdom charity - JHC. હાલમાં સર્વાંબાલબામાં ચેરિટીનાં કામો કરે છે. પશ્ચિમના દેશોમાં પણ ગરીબીનો પ્રશ્ન છે. આ સંસ્થા ૦ જેની પાસે રહેવાનું ઘર ના હોય તેમને ઓછા ભાડે રહેવાનું મકાન આપે છે. ૦ લોકોને દેવામાંથી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મુક્તિ અપાવવાનું કામ કરે છે. ૦ ઘર ચલાવવા માટે પાયાની જરૂરિયાત (પરદેશના માહોલ પ્રમાણે) ડિશવોશર, વોશિંગ મશીન, હીટર ખરીદવા ગ્રાન્ટ આપે છે. ૦ બાળકોના ભણતર તેમજ નર્સરીની સેવા માટે પણ ગ્રાન્ટ આપે છે.

આવા કામ માટે દાતાઓ પોતાની જમીન કે ફાર્મ દાનમાં આપે છે. જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતો ટ્રસ્ટી છે. આ સંસ્થાએ આખા યુ.કે.માં કાઠું કાઢ્યું છે.

○ સૌરાષ્ટ્રના નાના ગામમાં જન્મી વર્ષ ૧૯૮૩માં ડૉક્ટર બનીને મોરબીની સરકારી હોસ્પિટલમાં હીરાભાઈ કાતરિયા આઈ સર્જન બને છે. ૩૫ વર્ષ ત્યાં કામ કરે છે. ૧૦૦૦ જેટલી રજાઓ તેમણે ભોગવી નથી. રોજના ૫૦-૬૦ જેટલાં આંખનાં ઓપરેશન કરે છે. તદ્‌ઉપરાંત ૩૦૦થી ૪૦૦ દર્દીઓને તપાસે છે. અત્યાર સુધીમાં ૧૯ લાખ દર્દીઓની તેમણે તપાસ કરી છે. આશરે અઢી લાખ જેટલાં આંખનાં ઓપરેશન કર્યાં છે. સાથે સાથે ૭૫૦ થી વધુ આરોગ્ય તપાસ કેમ્પ કર્યા છે. તેમની ૩૯ વર્ષની ઉંમરે તેમનાં પત્ની અકસ્માતમાં મૃત્યુ પામ્યાં હતાં. ગ્રામજનોએ પત્ની રેખાબેનના નામે ટ્રસ્ટ બનાવી ૩ કરોડ રૂ. ભેગા કર્યા. તેમાંથી સરકારી દવાખાનામાં અદ્યતન સારવારનાં સાધનો વસાવ્યાં. તેમણે વિવેકાનંદજીના વિચારોમાંથી પ્રેરણા મેળવી છે.

○ સૌરિનભાઈ અને તેમનાં જીવનસાથી હેતલબેને વર્ષ ૨૦૧૫માં 'હ્યુમન વેલનેસ ફાઉન્ડેશન'ની સ્થાપના કરીને કેન્સર અંગે મોટાપાયે લોકશિક્ષણ આપવાનું કામ ચાલુ કર્યું છે. આપણે ત્યાં દર વર્ષે ૧૦ લાખથી વધુ કેન્સરના નવા દર્દીઓ ઉમેરાય છે. દર વર્ષે ૬ થી ૭ લાખ લોકો કેન્સરથી મરે છે. તેમાં ૪૦ ટકા લોકો તમાકુના કારણે કેન્સરના રોગી બને છે. ત્રણ વર્ષમાં ગુજરાતના ૩૩ જિલ્લા, ૨૪૮ તાલુકા અને ૧૮૩૫૯ ગામોમાં કેન્સર અંગે લોકશિક્ષણ આપવાનું આયોજન કરીને ૨૫૦૦ જેટલા પ્રોગ્રામો કરીને ૯ લાખ લોકોને કેન્સર અંગે જાગૃત કર્યા છે. તેઓ પત્રિકા દ્વારા, પોસ્ટરો દ્વારા, ફિલ્મ દ્વારા, વાર્તાલાપ દ્વારા લોકોને સમજ આપે છે. જરૂરિયાતમંદોને હોસ્પિટલ અંગે માર્ગદર્શન આપે છે, સારવાર માટે સુવિધા કરી આપે છે. તેમના કાર્યક્રમમાં ૪૦૦થી ૫૦૦ લોકો હાજર રહે છે.

○ ગાંધીનગર જિલ્લામાં શિહોલી ગામે ભાલચંદ્રભાઈ તથા વસુબહેને પોતાના સ્થાપેલા સર્જન ફાઉન્ડેશન દ્વારા એક શાખા ચાલે છે. જેમાં બાળકો સંસ્કૃત ભાષામાં વાતચીત કરી શકે છે. આ શાળામાં ડૉ. જયંતી રવિ અને તેમના પતિ રવિ બાળકોમાં રહેલી શક્તિઓના વિકાસ માટે સારું કામ કરી રહ્યાં છે. તેઓ બિનપરંપરાગત શિક્ષણ આપી રહ્યાં છે. કરુણા, પ્રેમ જેવાં માનવીય મૂલ્યો જીવનમાં ઊતરે તેવું શિક્ષણ આપે છે. ત્યાં માર્કસ પદ્ધતિ નથી. નાના નાના વીડિયો દ્વારા શિક્ષણ આપે છે. પ્રાર્થના, યોગ, ધ્યાન વગેરેમાં બાળકો ભણે છે.

○ મેહુલભાઈ અને શ્રેયાબહેને ૧૯૯૧માં દાહોદમાં આંખની હોસ્પિટલ ખોલી. તેમણે ઘણાં બધાં મોતિયાનાં ઓપરેશન કર્યાં છે. આજે ૧૫ અદ્યતન ઓપરેશન થિયેટરોથી સજ્જ ૩૦૦ પથારીઓવાળી હોસ્પિટલ બની ગઈ છે. સંસ્થાને સ્થાનિક લોકો પણ ડોનેશન આપે છે. પૂરતી સંખ્યામાં સ્ટાફ ઉપલબ્ધ થઈ રહે તે માટે મેડિકલ કોલેજ ચાલુ કરી છે. આ કૉલેજમાં અમદાવાદ-મુંબઈથી પ્રોફેસરો ખાસ ભણાવવા માટે આવે છે.

○ શ્રી જયેશભાઈના પિતા ઈશ્વરભાઈ પટેલે ૧૯૬૩માં ગાંધી આશ્રમમાં સફાઈ વિદ્યાલય ચાલુ કર્યું. ઈશ્વરભાઈ વર્ષ ૨૦૧૦માં સ્વર્ગે સિધાવ્યા પછી જયેશભાઈ આ વિદ્યાલયને આગળ ધપાવી રહ્યા છે. અત્યાર સુધી ૩ લાખ ૫૦,૦૦૦ વ્યક્તિઓ અને ૧૮૪ સંસ્થાઓને તાલીમ આપી છે. વર્ષ ૧૯૯૧થી ૧૯૯૭ સુધીમાં ૧૫૦૦૦ સ્કૂલોમાં સ્વચ્છતા સંકુલ સ્થાપ્યાં છે. તેમજ ૩૦૦૦ શિક્ષકોને તાલીમ આપી છે.

સફાઈ એટલે સર્વ વસ્તુનો ફાયદાકારક ઇલાજ જેમાં રિસાઈકલ, રિયુઝ, રિડ્યૂસ અને રિફ્યૂઝનો વિચાર કરવાનો છે.

○ વર્ષ ૨૦૧૦માં શ્રી આર.એસ.પટેલ (સી.એ.)એ કેરિયર ઈન મેડિસિનમાં કોર્ષનું આયોજન બે દિવસ માટે કર્યું. મેડિકલ ક્ષેત્રે સેવા આપવાની ઇચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને આ વિશાળ ક્ષેત્રનો પરિચય આપવામાં આવે છે, જેથી પોતાની આવડત તેમજ મર્યાદા પ્રમાણે પોતે કઈ લાઈનમાં જવું છે તે નક્કી કરી શકે છે. આ કોર્ષમાં પેરામેડિકલના ક્ષેત્રે કામ કરવાવાળાને પણ માહિતી આપવામાં આવે છે. પરદેશમાં આવા કોર્ષમાં તાલીમ લેવા માટે ૩૦૦૦ ડોલરની ફી ભરવી પડે છે. ભારતમાં આ સેવા ફી વગર મળી શકે છે.

વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં લઈ જઈને લાઈવ ઓપરેશન દેખાડવામાં આવે છે. ૪ વર્ષમાં આ ટ્રેઈનીંગનો લાભ ૪૦૦૦ વિદ્યાર્થીઓએ લીધો છે.

○ શ્રી ભરતભાઈ-નીલાબહેનને ત્યાં વર્ષ ૧૯૭૯માં પુત્ર મિલનનું અવતરણ થયું. પરંતુ તેને જન્મજાત રોગ 'ડુચેન મસ્ક્યુલર ડીસ્ટોફ' થયો હતો. આ રોગમાં શરીરનાં અંગો જકડાઈ જાય અને યુવા વયે મૃત્યુ થાય. ભરતભાઈએ ૧૯૮૯માં ઇન્ડિયન મસ્ક્યુલર ડીસ્ટ્રોફી સોસાયટી અને રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી. આ ટ્રસ્ટ બાળક તેમજ તેના પરિવારને મૃત્યુ સામે લડી સારું જીવન જીવતાં શીખવે છે. ૨૯ વર્ષમાં ૧૫૦થી વધુ કેમ્પ આ રોગની સમજ આપવાના કર્યા છે. ૮૦૦ જેટલા દર્દીઓના જીવનમાં ખુશી ભરી દેવાનું કામ ભરતભાઈ-નીલાબહેને કર્યું છે. આ રોગની હજુ સુધી દવા શોધાઈ નથી.

સરકારે આ રોગનાં બાળકોને ૧૦૦ ટકા ડીસેબલ્ડ ગણીને બધા લાભ આપવા જોઈએ. ભરતભાઈની ઇચ્છા છે આ ખાસ પ્રકારના રોગના ભોગ બનેલ બાળકો એક જ સ્થળ પર રહે. પરિવાર પણ સાથે હોય, સૌ એકબીજા સાથે દુઃખ વહેંચી આનંદથી જીવે.

'મૂળિયાના માણસો' પુસ્તકમાં જેના કામ વિષે લખ્યું છે તેના સંપર્ક નંબર નથી લખ્યા.

ભૂમિપુત્રના અગાઉના અંકોમાં આપણે ભરતભાઈનાં બે પુસ્તક સંવેદનાની સરવાણી અને માણસાઈના મશાલચીઓ (૧૬-૫-૨૪/૧-૬-૨૪/૧૬-૦૬-૨૪)નો પરિચય આપ્યો હતો. આ લેખ સાથે તેમનાં ૩ પુસ્તકોનો પરિચય કર્યો. હજુ તેમનાં ત્રણ પુસ્તકો - માટીની મહેક, સેવાની સુવાસ તેમજ ભાંગ્યાના ભેરુનો પરિચય આપવાનો બાકી છે. ડૉ. ભરતભાઈ ભગતનો સંપર્ક નં. : ૯૮૨૫૦૩૪૦૪૮ છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# તરસ્યાં ખેતરો પાણી ઝંખે છે : પ્રશ્ન પાણીના મેનેજમેન્ટનો છે

**ભા**રતમાં ખેતરોની સિંચાઈનો આધાર ત્રણ ચીજો પર રહ્યો છે.

(૧) સીધું વરસાદનું પાણી (૨) કૂવા આધારિત અથવા ગ્રાઉન્ડ વોટર આધારિત (૩) ડેમનાં પાણી કેનાલો દ્વારા ખેતરે ખેતરે પહોંચાડીને થતી સિંચાઈ. આપણા અન્ન સ્વાવલંબન માટે આ ત્રણે સાધનોનું સારું વ્યવસ્થાપન જરૂરી છે.

આપણે દેશની ખેતીની ૫૧ ટકા જમીનને સિંચાઈ સગવડો દ્વારા પાણી પહોંચાડીએ છીએ. બાકી ખેતી વરસાદ આધારિત છે. પંચવર્ષિય યોજના પહેલાં ૨૩૦ લાખ હેક્ટરને સિંચાઈની સગવડ મળી રહેતી હતી. ૧૦મી પંચવર્ષિય યોજનાને અંતે ૧૨ કરોડ ૩૦ લાખ હેક્ટર સુધી પહોંચ્યા છીએ.

અન્ય માહિતી પ્રમાણે રાજ્યસભામાં ૧-૮-૨૦૨૨ના રોજ સિંચાઈ અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં નીચેની વિગતો જણાવવામાં આવી હતી.

- દેશમાં ખેતી લાયક (Agri Land) 180888 Thousand હેક્ટર છે.
- તેમાંથી 71554 Thousand હેક્ટર સિંચાઈની જમીન છે.
- વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષમાં કુલ ખેતીની 181829 Thousand હેક્ટરમાંથી 68384 Thousand હેક્ટર જમીન સિંચાઈ તળે હતી, આમાંથી કેનાલ દ્વારા માત્ર 16184 Thousand હેક્ટરમાં જ સિંચાઈ થાય છે.

પાણી એ રાજ્યનો વિષય છે. કેન્દ્ર જરૂરી ટેકનીકલ માર્ગદર્શન જ આપે છે.

ગુજરાતમાં નાનીમોટી ઘણીબધી સિંચાઈ યોજનાઓ ચાલે છે. પણ નર્મદા યોજનાને Life Line કહેવામાં આવી છે. આ લાઈફ લાઈન અંગે આપણે કેટલા જાગૃત છીએ તે થોડા વખત પહેલાં GSTV માં એન્કર પ્રવીણભાઈ આહિર અને 'પર્યાવરણ મિત્ર'ના એન્વાયરમેન્ટ ઇજનેર શ્રી મહેશભાઈ પંડ્યા વચ્ચેના સંવાદથી જાણ્યું. સંવાદનો વિષય હતો - ''પાણીનું મેનેજમેન્ટ કેટલું પાણીદાર ?''

સંવાદની શરૂઆતમાં ગુજરાતની સિંચાઈ અંગેની કેટલીક વિગતો જણાવવામાં આવી.

- ધારી તાલુકાના ડુંગરી ઈગોરાળા ગામ પાસે શેલ દેદુમલ ડેમ આધારિત સિંચાઈ યોજના માટે સરકારે કેનાલ બનાવી છે પરંતુ એક પણ વખત પાણી છોડ્યું નથી.
- સુરત જિલ્લાના માંડવી તાલુકાના ઉક્ષેર ગામેથી કાકરાપાળ વિયર જે તાપી નદી પર સુરત જિલ્લામાં બાંધવામાં આવેલ છે, તેમાં રૂ. ૨૦.૬૧ કરોડનો ખર્ચ કરવામાંઆવ્યો હતો, આમાંથી વિયરની બંને બાજુ કેનાલ બનાવીને આશરે ૨.૨૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈ પૂરી પાડવાનું આયોજન હતું.

જમણા કાંઠાની નહેરમાં વર્ષ ૨૦૧૭માં રૂ. ૨૫૬ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું હતું પણ હમણાં તેમાં મોટું ગાબડું પડ્યું છે.

- અમદાવાદ પાસેના રાયપુર ગામ પાસે ખારી નદી (જે સાબરમતી નદીનું એક અંગ - tributary છે)માંથી પાણી લેવા ખારીકટ કેનાલ ૧૩૮ વર્ષ પહેલાં અંગ્રેજોના રાજ્યમાં બનાવી હતી. આ કેનાલ ૮૦ કિ.મી. લાંબી છે, જે દશક્રોઈ તાલુકાનાં તેમજ મહેમદાબાદ તાલુકાનાં ૧૧૦ ગામોમાં ૧૦,૨૦૦ હેક્ટરમાં સિંચાઈ માટે પાણી આપે છે. ૧૩૮ વર્ષ જૂની આ કેનાલને રીડેવલપમેન્ટ માટે રૂ. ૬૫ કરોડ મંજૂર કરાયા હતા. આજે હવે રૂ. ૧૨૦૦ કરોડે આ પ્રોજેક્ટ પહોંચ્યો છે.
- વર્ષ ૨૦૦૯માં લીંબડી તાલુકામાં નર્મદા માઈનોર કેનાલ બનાવવામાં આવી. ૧૯ કિ.મી. લાંબી કેનાલને બનાવ્યાને આજે ૧૭ વર્ષ થયાં. તેમ છતાં કેનાલમાં ટીપું યે પાણી નર્મદાનું આવ્યું નથી.
- ભચાઉ પાસે લોધેશ્વર વાંઢિયા ગામ સુધી ૧૪ વર્ષ પહેલાં કેનાલ બની ગઈ છે. ૬૦ ટકા કામ પત્યું છે, ૪૦ ટકા બાકી છે.

ગુજરાતમાં નર્મદાની કેનાલો અંગે શું સ્થિતિ છે તે અંગે સંવાદમાં પ્રકાશ ફેંકવામાં આવ્યો.

શ્રી મહેશભાઈ પંડ્યાએ જણાવ્યું કે કેનાલોનું સંપૂર્ણ કામ ન પતતાં કચ્છના રણમાં મોટાપાયે નર્મદાનું પાણી છોડવામાં આવે છે. તેમની દષ્ટિએ આ તો એક Criminal Offence - ગુનાહિત કૃત્ય છે.

સરકાર જ્યારે કેનાલમાંથી પાઈપલાઈન દ્વારા ખેતરમાં પાણી લઈ જનાર આશરે ૫૦ જેટલા ખેડૂતો પર કેનાલનાં પાણી ચોરવાના આરોપ લગાવે, 'પાસા' તળે ધરપકડ થાય, તેમજ કેનાલથી ૫૦૦ મીટરના અંતરે આવેલા કૂવાના માલિક પાસેથી, નર્મદાનું પાણી તમારા કૂવામાં આવી જાય છે તેમ કહી બીલની રકમ વસૂલ કરવામાં આવે છે ત્યારે રણને પાણીથી ભરી નાંખનારા અને અગરિયાઓની મીઠાના પટ માટે બનાવેલી જમીન પર પાણી ફેરવનારા (કરેલા શ્રમને ડુબાડી નાંખનારા) જવાબદાર અધિકારીઓને કંઈ જ કહેવાનું નહીં ? આના માટે વારંવાર કેનાલ તૂટી - અને પાણી ગયું તેમ માનવાનું કે નર્મદાનાં પાણીને દરિયાની ખારાશમાં ધકેલી દેવાનું આ કૃત્ય ગણવું ?

ખાટલે મોટી ખોટ ગુજરાત સરકારે કેનાલનું નેટવર્ક કામ પૂરું નથી કર્યું. આ વાત મહેશભાઈ તેમજ પ્રવીણભાઈ આહિરના સંવાદમાં દેખાઈ.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જેઓ નર્મદા યોજના પ્રોજેક્ટનું કામ પણ સંભાળે છે તેમણે વિધાનસભામાં જણાવ્યું કે નર્મદા યોજનાના કામમાં હજુ ૫૯૦૦ કિ.મી. કેનાલ બાંધવાનું કામ જાન્યુઆરી ૨૦૨૫ સુધી બાકી રહેલું છે. વધુ જાહેર કરેલ વિગતો પ્રમાણે નીચે જણાવ્યા મુજબ બાંધકામ બાકી છે :

- બ્રાન્ચ કેનાલ ૪૬.૧૩ કિ.મી.
- ડિસ્ટ્રીબ્યુટરીઝ ૧૫૯.૭ કિ.મી.
- માઈનોર કેનાલ - ૧૦૫૨.૨૬ કિ.મી.
- સબ માઈનોર કેનાલ ૪૬૬૩.૧૪ કિ.મી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કેનાલોનાં કામો પૂરાં કરવાનાં કારણોની વાત નીકળે છે ત્યારે જમીન સંપાદનનો પ્રશ્ન છે તેમ કહેવામાં આવે છે. પણ જાણકારો કહે છે, બુલેટ ટ્રેઈન માટે રાતોરાત જમીન સંપાદન થઈ જાય છે તો સિંચાઈ માટે કેમ પ્રશ્ન સર્જાય છે ?

સરકારે કેનાલની જગ્યાએ પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાનું આયોજન કર્યું. કહેવાય છે આ માટે ૮૫૦૦૦ કિ.મી. પાઈપલાઈનનું આયોજન થયું પણ પાછળથી તેમાંથી ૧૫૦૦૦ કિ.મી. ઘટાડીને ૭૦,૦૦૦ કિ.મી. નક્કી કરી. ગુજરાતને ૯ મિલિયન એકર ફીટ પાણી તો મળવાનું જ છે તો પછી પાઈપ લાઈન ઘટાડતાં બાકીનું પાણી ક્યાં જશે ?

જવાબ આપણે એવો માનવાનો કે કચ્છના રણમાં છોડી દઈશું!

કેનાલો તેમજ સમગ્ર યોજનામાં ભ્રષ્ટાચારનો પ્રશ્ન પણ ગંભીર રીતે ઊભો કરવામાં આવ્યો છે.

આ અંગે એક સમયે મંજુલા સુબ્રમણિયમના અધ્યક્ષ પદે કમિટીની રચના કરવામાં આવેલી. તેમણે તૈયાર કરેલા રિપોર્ટ પર વિધાનસભામાં ક્યારેય ચર્ચા કરવામાં નથી આવી.

સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટી પાછળ રૂ. ૩૦૦૦ કરોડનો ખર્ચ કર્યો. આ મૂડીરોકાણ કેનાલો પાછળ કર્યું હોત તો, ખેતરોમાં પાક લહેરાતો હોત.

સરકાર ક્યારેક કલ્પસરનાં સપનાં, ક્યારેક ભાડભૂત યોજનાનાં સ્વપ્નાં બતાવે છે પણ સાચી દિશામાં કામ ન થતાં ખેતરો તરસ્યાં રહે છે.

જીએસટીવી તથા મહેશભાઈ પંડ્યાએ એક જાગૃક ઇજનેર તરીકે સિંચાઈના પ્રશ્નોને ઉજાગર કર્યા તે બદલ આભાર માનવો રહ્યો.

**– રજની દવે**

---

## સોક્રેટિસ ઉવાચ...

(પાન ૦૭નું ચાલુ)

સોક્રેટિસ : હું પૂછું છું કે, જો તમારી લોકશાહીમાં સત્તામાં રહેલા લોકોને ભ્રષ્ટાચાર કરવાની, તમારા સમાજને જ્ઞાતિ અને ધર્મને આધારે વિભાજિત કરવાની, ખોટાં વચનો આપવાની, યેન કેન પ્રકારેણ ચૂંટણીઓ જીતવાની કે સત્તામાં રહેવાની, બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાની, મીડિયાને પ્રભાવિત કરવાની અને જાહેર અભિપ્રાય સાથે ચેડાં કરવાની મંજૂરી મળતી હોય તો શું તેને ખરેખર લોકશાહી કહી શકાય ? કે પછી તે ફક્ત લોકશાહીના નામે ફારસ છે? લોકશાહી એટલે શું ?

ભારતીય રાજકારણી : અલબત્ત, લોકશાહી એટલે લોકોની શાસનમાં ભાગીદારી! અમારી ચૂંટણીઓમાં ભારે મતદાન જોવા મળે છે. કરોડો લોકો ખૂબ જ ઉત્સાહથી મતદાન કરે છે!

સોક્રેટિસ : ખરેખર, તે પ્રશંસનીય છે. પણ મને કહો, શું ફક્ત મતદાન કરવાથી શ્રેષ્ઠ શાસકોની પસંદગી થાય છે?

ભારતીય રાજકારણી : પણ લોકોની ઇચ્છા જ શાસકો નક્કી કરે છે. તે જ લોકશાહી છે!

સોક્રેટિસ : અને શું લોકો હંમેશાં સમજદારીપૂર્વક પસંદગી કરે છે?

ભારતીય રાજકારણી : ક્યારેક તેઓ ભૂલો કરે છે, પણ તે લોકશાહીની કિંમત છે.

સોક્રેટિસ : હું સમજું છું. પણ મને કહો, જ્યારે લોકો મતદાન કરે છે, ત્યારે શું બધા લોકોના ભલા માટે તેઓ શાણપણથી અને તાર્કિક રીતે વિચારીને મતદાન કરે છે? કે પછી તેઓ ઘણી વાર વ્યક્તિગત લાભ, અંગત લાગણીઓ, અને તાત્કાલિક ફાયદાને ખ્યાલમાં રાખીને મતદાન કરે છે?

ભારતીય રાજકારણી : (અસ્વસ્થતા પૂર્વક) કેટલાક લોકો ચોક્કસ ટૂંકા ગાળાના લાભોથી પ્રભાવિત થાય છે. પરંતુ તે સ્વાભાવિક છે! તેઓ ગરીબ છે અને તેમને મદદની જરૂર છે.

સોક્રેટિસ : આહ, તો તમે સ્વીકારો છો કે મત નીતિઓના તર્કસંગત મૂલ્યાંકન કરતાં મફત લ્હાણી અને સબસિડીનાં વચનોથી પ્રભાવિત થઈ શકે છે. બરાબર?

ભારતીય રાજકારણી : (ખચકાય છે) એવું... ક્યારેક બને છે, પણ લોકોની સેવા કરવી એ નેતાનું કર્તવ્ય છે!

સોક્રેટિસ : અને શું તેમની સેવા કરવાનો અર્થ એ છે કે તેમને જે જોઈએ છે તે આપવું, અથવા તેમના હિતમાં ખરેખર શું સારું છે તે આપવું? શું તમારું બાળક પોષણયુક્ત ખોરાકને બદલે જમવામાં કાયમ માટે ચોકલેટ માંગે તો તમે આપશો?

ભારતીય રાજકારણી : નેતાએ લોકોની જરૂરિયાતો સાંભળવી જોઈએ. જો તેઓ મદદ માંગે છે, તો અમારે તે પૂરી પાડવી જોઈએ!

સોક્રેટિસ : જો કોઈ ચિકિત્સક કોઈ બીમાર માણસની સારવાર કરે છે, તો શું તેણે તેને એવી દવા આપવી જોઈએ જે તેને સાજો કરે, અથવા એવી મીઠાઈઓ આપવી જોઈએ જે તેને એક ક્ષણ માટે ખુશ કરે પણ તેનો રોગ વધુ વકરાવે?

ભારતીય રાજકારણી : દવા, અલબત્ત! એક જવાબદાર ચિકિત્સકે ક્ષણિક આનંદ કરતાં લાંબા ગાળાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી જોઈએ.

સોક્રેટિસ : તો શું એક જવાબદાર નેતાએ મતદારોની ટૂંકા ગાળાની ઇચ્છાઓ કરતાં રાષ્ટ્રના લાંબા ગાળાની પ્રગતિ અને સુખાકારીને પ્રાથમિકતા ન આપવી જોઈએ? દેશના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, વિજ્ઞાન, ટેકનોલોજી જેવી બાબતો પર વધુ ધ્યાન ન આપવું જોઈએ?

ભારતીય રાજકારણી : સોક્રેટિસ! હું તમારો મુદ્દો સમજી શકું છું. પણ ભારતીય લોકશાહીમાં લોકો આર્થિક લાભ અને તેમની જાતિ, ધર્મ અથવા ભાષાને આધારે મતદાન કરે છે તેનું શું?



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : મને કહો, મિત્ર, શું લોકશાહી ન્યાય અને સુશાસન સુનિશ્ચિત કરવા માટે છે, કે લોકોને પંપાળવા ને વિભાજનને મજબૂત બનાવવા માટે છે?

ભારતીય રાજકારણી : (આશ્ચર્યચકિત થઈને) ન્યાય અને સુશાસનને મહત્ત્વ આપવું જોઈએ. પરંતુ લોકો સ્વાભાવિક રીતે પોતાના આર્થિક લાભ અને પોતાની સામાજિક અને સાંસ્કૃતિક ઓળખને મહત્ત્વ આપે છે.

સોક્રેટિસ : પરંતુ જો કોઈ માણસ કોઈ નેતાને એટલા માટે પસંદ કરે છે કારણ કે તે તેના ટૂંકા ગાળાના સ્વાર્થને ઉત્તેજન આપે છે કે તેની જાતિ અથવા ધર્મનો છે, નહીં કે તે શાણો અને ન્યાયી છે, તો શું તેને એક જવાબદાર નાગરિક કહેવાય?

ભારતીય રાજકારણી : (નિસાસો નાખે છે) કદાચ નહીં.

સોક્રેટિસ : અને મને કહો, શું ભારતના નાગરિકો મતદાન ઉપરાંત શાસનમાં સક્રિયપણે ભાગ લે છે? શું તેઓ તર્કસંગત જાહેર ચર્ચાઓમાં ભાગ લે છે? નેતાઓને જવાબદાર બનાવે છે? સમાજની સુધારણામાં ફાળો આપે છે?

ભારતીય રાજકારણી : (માથું હલાવતાં) મોટાભાગના લોકો તેમના રોજિંદા જીવનમાં ખૂબ વ્યસ્ત રહે છે. તેઓ ફરિયાદ કરે છે, પરંતુ થોડા લોકો જ સક્રિય હોય છે.

સોક્રેટિસ : તો પછી, જો લોકશાહી લોકોનું શાસન હોય, પરંતુ લોકો ન તો સમજદારીપૂર્વક વિચારણા કરે કે ન તો સક્રિય રીતે ભાગ લે, તો શું તે ખરેખર લોકશાહી છે કે માત્ર મતદાનનો તમાશો છે? અને આવા તમાશા કરીને તમે ચીનથી આગળ નીકળી જવા માગો છો? શું ભારતના નેતાઓ અને નાગરિકો સહિત તમામ લોકોએ આત્મમંથન કરીને આગળનો રસ્તો વિચારવો ન જોઈએ?

ભારતીય રાજકારણી : (ચૂપ રહીને, નીચે જોઈને નિસાસો નાખે છે) તમે મને હરાવ્યો છે, સોક્રેટિસ. અમારે હવે અમારી શાસન વ્યવસ્થાને સુધારવા માટે ખરેખર કશુંક નક્કર કરવું જોઈએ. માત્ર વાતોનાં વડાં કરવાથી અમારો કોઈ ઉદ્ધાર થવાનો નથી.

સોક્રેટિસ : મારા પ્રિય મિત્ર, તમે હાર્યા નથી. તમે માત્ર જાગૃત થયા છો. મિત્ર, હમેશાં યાદ રાખો કે શાણપણનો માર્ગ માની લીધેલી માન્યતાઓ પર શંકા કરવાથી અને પ્રશ્નો પૂછવાથી શરૂ થાય છે. લોકશાહીમાં તેના જાગૃત નાગરિકો જ લોકશાહીના સાચા પહેરેદારો છે. જો તેઓ ફક્ત ટૂંકા ગાળાના ફાયદાઓને બદલે લાંબા ગાળાના હિત વિષે વિચારવાનું શરૂ કરે અને શાણા તથા પ્રમાણિક નેતાઓને શોધવાનું શીખે, તો તમારી લોકશાહી વધુ ખીલશે. અને જો નેતાઓને લાગે કે લોકો પૂરતા સભાન નથી તો તેમને જાગૃત કરવાની જવાબદારી તમારા જેવા નેતાઓની નથી બનતી?

ભારતીય રાજકારણી : તમારી વાત વિચારવા જેવી છે, સોક્રેટિસ.

**– પ્રવીણ જ. પટેલ**

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨
મોબાઇલ : ૯૮૭૯૭૬૩૦૮૩,
ઈ મેલ : pravin1943@gmail.com

# વાચકોના પત્રોમાંથી

- **ડૉ. અશ્વિનભાઈ શાહ,** (ખારેલ ગ્રામ સેવા ટ્રસ્ટ, તા. ગણદેવી, જિ. નવસારી ૩૯૬૪૩૦)

  ૧૬-૦૧-૨૦૨૫ના ભૂમિપુત્રના અંકમાં ઘણા સારા તથા માહિતીપૂર્ણ લેખો સમાવાયા છે.

  ○ યશવંત મહેતાનો લેખ ''માંગને સે જો મૌત મિલ જાએ....'' વધુ ચર્ચા માંગે છે.

  ○ ડંકેશ ઓઝા દ્વારા ભાષાંતરિત રામચંદ્ર ગુહાવાળા લેખમાં નહેરુ વિષે સરસ સ્પષ્ટતા છે, જે હાલમાં અત્યંત જરૂરી છે.

  ○ પ્રવીણભાઈ પટેલનો 'સોક્રેટીસ ઉવાચ-૩' ખૂબ સરસ ચર્ચા સાથે સ્પષ્ટતાવાળો સંવાદ છે, જે લખવા માટે ખૂબ અભ્યાસની જરૂરિયાત પડી હશે.

  ○ રજની દવેએ પણ પર્યાવરણ - ગ્લોબલ વોર્મિંગ અંગે આ અંકમાં 'ડાઉન ટુ અર્થ'માંથી ટૂંકમાં સરસ માહિતી આપી છે.

  ભૂમિપુત્રના લેખકો અને સંપાદકોને ધન્યવાદ.

- **જયપ્રકાશ મહેતા,** (સયાજી લાયબ્રેરી, નવસારી)

  રામચંદ્ર ગુહાની નહેરુ ભક્તિ અને નહેરુ પ્રશસ્તિ જાણીતી છે. એ માટે થઈને સરદાર પટેલ સહિત ઘણાને પુષ્કળ અન્યાય પણ કર્યો છે. પણ પર્યાવરણ જાણકારી અને રક્ષણ સંબંધે ગાંધીજીને પણ હાંસિયામાં મૂકવા એ તો મૂઢમતિ જ કરી શકે. ગાંધીજી 'ત્યાગીને વાપરવા'ના દર્શનને જીવનભર અનુસર્યા.

  ગુહાજી અતિ ભૌતિકવાદી નહેરુના જ્ઞાનને ગાંધીજી કરતાં બહેતર માને!

  (પત્ર લેખકે ૧૬-૧-૨૦૨૫ના અંકમાનો રામચંદ્ર ગુહાનો લેખ-૪ને વાંચીને પત્ર લખ્યો છે.)

**ખાદી : વસ્ત્ર...** (પાન ૦૯નું ચાલુ)

તમન્ના છે. તેમના મનોમંથન અને પ્રયોગક્ષેત્રમાં આશરે પાંચ વર્ષ તો પસાર થઈ ગયાં છે. નાના બ્લોરૂમની દિશામાં ટૂંકા ગાળામાં પ્રગતિ કરી શકાય ? હેવી દબાણમાંથી મુક્ત સ્થાનિક રૂની ગાંસડીનો ઉપયોગ કરતાં બ્લોરૂબની બેલ ઓપનર જેવી પ્રક્રિયા ટૂંકાવીને કિંમત ઘટાડી શકાય ?

આગામી એક બે વર્ષમાં પ્રકાશભાઈના પ્રયોગમાં અન્ય મિત્રોનો સહકાર લઈને આગળ વધવું જોઈએ.

ગુજરાતના ખાદી જગત સાથે સંકળાયેલા મિત્રો પોતાનો પ્રતિભાવ આપશે તો તેની સારરૂપ નોંધ ભૂમિપુત્રમાં આપીશું. વ્યક્તિગત રાહે પ્રકાશભાઈનો સંપર્ક કરી શકે છે. અનુકૂળ હોય તો તેમના કારખાનાની મુલાકાત પણ લઈ શકે છે. તેમનો સંપર્ક નંબર ૯૮૨૪૦૩૪૬૮૦ છે.

E-mail : prakash@prashantgroup.com.

વાચકોને રસ પડશે તો વસ્ત્રવિદ્યા અંગે અન્ય લેખો આપીશું.

**– રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કિસાન આંદોલન સ્થગિત થયું.

કિસાન આંદોલન-૧ જે વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં પ્રત્યક્ષ રીતે દિલ્હીની બોર્ડરો પર ચાલ્યું હતું, પરંતુ તેના પડઘા સમગ્ર દેશમાં પડ્યા હતા. કુલ ૩૮૦ દિવસ ચાલેલા આંદોલન દરમ્યાન ૭૦૦ ઉપરાંત ખેડૂતોનાં મૃત્યુ થયાં હતાં. શાંત શહાદત તેમણે વ્હોરી હતી. સરકારે ત્રણ કૃષિ કાનૂન-કાળા કાનૂન પર રોક લગાવી હતી. વાટાઘાટોના દોર ચાલ્યા પણ મિનિમમ સપોર્ટ પ્રાઇઝની લીગલ ગેરંટી મળી ન હતી. આ આંદોલન અંગે વધુ જાણવા યજ્ઞ પ્રકાશને તૈયાર કરેલ પુસ્તક 'કિસાન આંદોલન' (વર્ષ ૨૦૨૦-૨૧) વાંચવું રહ્યું.

કિસાન આંદોલન-૨ ફેબ્રુઆરી ૨૦૨૪ થી હરિયાણા પંજાબ શંભુ બોર્ડર તેમજ ખનૌરી બોર્ડર પર ૪૦૦ દિવસ ચાલ્યું. સરકારે આંદોલનકર્તાઓને રોકવા ખૂબ જ શક્તિ પ્રદર્શન કર્યું. આંદોલનના નેતા જગજીતસિંહ દલ્લેવાલે ૧૧૫ દિવસ ઉપવાસમાં વિતાવ્યા. ત્યારબાદ તેમને દવાખાનામાં લઈ જવામાં આવ્યા. પંજાબ સરકારે બળ પ્રયોગ કરીને આંદોલનકર્તાઓના તંબુઓ તોડી પાડ્યા.

આ આંદોલન પ્રમાણમાં હરિયાણા-પંજાબમાં સીમિત રહ્યું. રાષ્ટ્રીય સ્તરના ઘણા કિસાન નેતાઓ આમાં સક્રિય ન દેખાયા. સરકાર કિસાન આંદોલનને નિષ્ફળ બનાવવામાં સફળ રહી. બીજી બાજુ કિસાનલક્ષી જાહેરાતો થતી જ રહે છે. 'સજીવ ખેતી'ઘેલા કર્મશીલો સરકારના પ્રાકૃતિક ખેતી અભિયાનમાં સક્રિય દેખાય છે. M.S.P. ગેરંટીની વાત આમાંથી લક્ષ ભટકાવવા ચાલતી હોય તેમ લાગે છે.

- ૨.




**કિસાન આંદોલન : ૨૦૨૦-૨૧**

સંપાદન :
રજની દવે - સ્વાતિ દેસાઈ - પારુલ દાંડીકર,
પૃષ્ઠ : ૨૪૦,
કિંમત : રૂ.૧૨૦/-
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, વડોદરા.

## ભૂલસુધાર

ભૂમિપુત્ર તા. ૦૧-૦૩-૨૦૨૫નો સળંગ નંબર ૧૯૨૯ના સ્થાને ૧૯૨૮ વાંચવો. તે જ પ્રમાણે ભૂમિપુત્ર તા. ૧૬-૦૩-૨૦૨૫નો નંબર ૧૯૨૯ વાંચવો, ભૂમિપુત્ર તા. ૦૧-૦૪-૨૦૨૫નો નંબર ૧૯૩૦ વાંચવો.

ભૂમિપુત્રમાં આપણે 'જુલમી શાસકોના સામનાની વીસ પદ્ધતિઓ, વાળો હેમન્તકુમાર શાહનો લેખ ૩ ભાગમાં આપ્યો છે. તે લેખના અંતે સૌજન્ય : 'ઊહાપો-૨' વાંચવું.




हमें ज़मीन चाहिए,
सारा आसमान तुम रख लो।
हमें संविधान चाहिए,
गीता, कुरान तुम रख लो।
हमें रोटी चाहिए
अध्यात्म का ज्ञान तुम रख लो।
हमें रोजगार चाहिए
व्रत और ध्यान तुम रख लो।
हमें विचार चाहिए
ये मूर्ति बेजान तुम रख लो।
हमें कलम चाहिए
ये तीर कमान तुम रख लो।
हमें सम्मान चाहिए
ये क्रूर भगवान तुम रख लो।
हमें इंसान चाहिए
ये जाति का भान तुम रख लो।
हमें आजादी चाहिए
अपनी संस्कृति महान तुम रख लो।

Bachcha Lal Unmesh
बहार के पतझड़ काव्यसंग्रह से घुटन कविता।

**ભૂમિપુત્ર**
હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara on 16-04-2025 R.N.I. No. 1683/57

# બે ચહેરા

**કો**લકત્તાથી ૮-૧૦ કિ.મી.ના અંતરે આવેલું અમારું ગામ ત્યારે સાવ નિસ્તેજ લાગતું. ન કોઈ નવી ઘટના બને કે ન કોઈ નવા લોકો દેખાય, પણ હા, વર્ષમાં એક વાર આખું ગામ નવી પરણીને આવેલી દુલ્હનની જેમ શણગારાતું. દર વર્ષે ઘંટેશ્વરી માનો મેળો ભરાય ત્યારે આખું ગામ હિલોળે ચઢતું. કદાચ બધાં કરતાં વધુ ઉત્સાહિત હું લાગતો, પણ મારા ખુશ થવાનું કારણ મેળા કરતાંય આ સમયે કોલકત્તાથી બાટા અંકલ આવતા એ હતું.

''છોટુ, એય છુટકુ, ક્યાં ગયો? જલદી જલદી આવ અને જો, હું તારા માટે શું લાવ્યો છું?''

કાકાનો અવાજ સંભળાય એ ભેગો હું વીજળીની ઝડપે આવીને કાકાના હાથમાંથી એમનો થેલો લઈ લેતો. જોકે, આવું કરવામાં વિવેક કરતાં લોભ વધારે હતો. 'શું હશે થેલામાં મારે માટે?' મારા મનમાં થતી ચટપટીથી સાવ અજાણ હોય એમ કાકા નિરાંતે ના'વા જતા, જમતા અને પછી 'બહુ થાકી ગયો છું' કહીને સૂઈ જતા. કાકાને પૂછ્યા વિના થેલાને હાથ નહીં લગાડવાની માની કડક સૂચના હતી એટલે રાહ જોવા સિવાય મારાથી કશું થઈ ન શકતું. એ જે હોય તે, પણ મને કાકા બહુ ગમતા.

એ જે ચંપલ પહેરીને આવેલા એ બાટા નામની કંપનીના હતા એ જાણ્યું ત્યારથી અમે એમને બાટા અંકલ કહેવા લાગેલા. એમના ધોળા બાસ્તા જેવા કુરતાનું મને ખૂબ આકર્ષણ રહેતું. સુગંધી તેલ નાખીને એ સરસ રીતે વાળ ઓળતા. એમની પાસે દર વખતે જુદા જુદા અત્તરની મહેક આવતી રહેતી. મા પણ કાકાને ખૂબ માન આપતી. એ કહેતી,

''તારા કાકા બહુ મોટા માણસ છે. એમને ઘરે ભલે જાત જાતનાં પકવાન બનતાં હોય પણ આપણે ય મિષ્ટાન્ન તો બનાવવું જ જોઈએ.''

''કાકા શું કામ કરે છે?''

''મને તો બહુ ખબર ન પડે, પણ તારા બાપુ કહેતા હતા કે એમના હાથ નીચે કેટલાય માણસો કામ કરે છે. કોલકત્તામાં એમની મોટી ઑફિસ છે.''

હું આદરથી કાકાને જોઈ રહેતો અને મોટો થઈને હું પણ એમના જેવો બનીશ, એવા મનસૂબા સેવતો. મોટીબેન પણ એમને ખુશ કરવાની કોશિશ કરતી પણ કાકા એને કંઈ મારી જેટલો ભાવ ન આપતા. જુઓને, આ વખતે પણ એને માટે તો ફક્ત બંગડી અને બુટ્ટી જ લાવેલા જ્યારે મારે માટે આખા ગામમાં કોઈએ જોયું નહીં હોય એવું કાચનું રમકડું લાવેલા. હું તો રાજીના રેડ થઈ ગયેલો.

દિવસમાં કેટલીય વાર હું રમકડું કાઢી કાઢીને જોતો. અચાનક જ મારું ધ્યાન ગયું કે, આગળથી જોઈએ તો રમકડામાં મહારાજા દેખાય છે પણ પાછળ ફેરવીએ તો એક નિરાશ, દુઃખી ચહેરાવાળો વૃદ્ધ દેખાય. કોણ જાણે કેમ, પણ મને એ દુઃખી માણસ જોવો ન ગમતો. હું તો મહારાજાને જ જોયા કરતો. કાકાનો જવાનો દિવસ આવે ત્યારે હું ઉદાસ થઈ જતો. એમને કહેતો, ''કાકા, હંમેશ માટે અહીં જ રહી જાવને?''

હસીને મારે ગાલે ટપલી મારતાં એ કહેતા, ''પછી મારા કામકાજનું શું? કામ કર્યા વિના થોડું ચાલશે?''

હું મેટ્રીકમાં પાસ થયો ત્યારે મેં મા-બાપુને એક શર્ટ અને ફુલ પેંટ અપાવવા કેટલી વાર કહ્યું પણ દર વખતે કાકા અપાવશે એમ કહીને તેઓ ટાળતાં રહેતાં. સતીષ સર અમારી પાડોશમાં જ રહેતા અને મારી સાથે શિક્ષક નહીં પણ મિત્રની જેમ જ રહેતા. એક દિવસ એમણે કહ્યું,

''પરમ દિવસે મારે કોલકત્તા જવું છે. તારે સાથે આવવું છે?''

હું તો સાંભળતાંની સાથે ઊછળી પડ્યો. ત્યાં જાઉં તો તો કાકા મને ચોક્કસ શર્ટ-પેંટ અપાવી જ દે. સતીષ સર સાથે હતા એટલે ઘરમાંથી પણ રજા મળી ગઈ. મેં બાપુ પાસે એક કાગળમાં કાકાની ઑફિસનું સરનામું લખાવી લીધું. ત્યાં પહોંચીને સરને કામ હતું એ પતાવીને અમે કાકાની ઑફિસે જવા નીકળ્યા. સરે ક્યાંક જમી લેવાનું કહ્યું તો મેં કહ્યું કે, ''કાકા જ આપણને કોઈ મોટી હોટેલમાં લઈ જશે.''

ઑફિસ શોધતાં શોધતાં પહોંચ્યા અને પટાવાળાને પૂછ્યું, ''સાહેબ છે?''

''ના, એ તો સાઈટ પર છે. અહીં બાજુની ગલીમાં બિલ્ડીંગ બની રહ્યું છે ત્યાં તમને મળી જશે.''

હવે મને કાકાને મળવાની ખૂબ ઉતાવળ આવી હતી. સાઈટ પર પહોંચીને જે પહેલો માણસ મળ્યો એને કાકાનું નામ કહ્યું.

''હં હં ત્રિલોકબાબુ? હમણાં બોલાવું.''

એણે જેમને મોકલ્યા એ ભાઈને જોઈને મેં કહ્યું,

''આ મારા અંકલ નથી. મારા અંકલ તો ઈસ્ત્રી ટાઈટ, એક પણ ડાઘ વગરનો કુર્તો પહેરે છે. એમની પાસે પર્ફ્યુમની સુગંધ આવતી હોય છે. આ માણસ તો કોઈ મજૂર લાગે છે. એનાં કપડાં માટીથી ખરડાયેલાં છે ને એણે માથે તગારું ઉપાડ્યું છે. આ મારા કાકા શી રીતે હોઈ શકે?''

માથે બાંધેલું ફાળિયું છોડીને એ મારી નજીક આવ્યા અને કહ્યું, ''મારી આંખોમાં જો બેટા, હું જ તારો બાટા અંકલ છું પણ હું કોઈ ધનવાન માણસ નથી. કોલકત્તા આવીને માંડમાંડ જે કામ મળ્યું એ સ્વીકારીને કર્યા કરું છું. મોટાભાઈએ પેટે પાટા બાંધીને મને ભણાવ્યો છતાં હું મજૂરી કરું છું એવું જાણે તો એમને આઘાત લાગે એટલે મારે બનાવટ કરવી પડે છે. તને મારા સમ જો ઘરે કોઈને આ વાત કરી છે તો!''

બોલતાં બોલતાં એમની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં. મારી ઝળઝળિયાં ભરેલી આંખોમાં પેલા રમકડામાંના વૃદ્ધ, દુઃખી માણસનું પ્રતિબિંબ પડતું હતું. એમણે મને રોકવાની ઘણી કોશિશ કરી પણ હું સરનો હાથ પકડીને ચાલી નીકળ્યો. મારું કિશોરાવસ્થાનું સુંદર સપનું નંદવાયું હતું.

ઘરે પહોંચીને સૌથી પહેલાં હું કબાટમાંથી રમકડું કાઢીને એક વાર ધ્યાનથી જોવા જતો હતો ત્યાં મારા હાથમાંથી એ છટકીને ફૂટી ગયું. માએ પૂછ્યું, ''શેનો અવાજ આવ્યો બેટા?''

મેં ધીમેથી મનોમન કહ્યું, ''મારો ભ્રમ ભાંગવાનો.''

તૂટેલા કાચના કટકા ભેગા કરતાં હાથમાંથી લોહી વહેતું હતું એના કરતાં અનેક ગણી પીડા મારું લોહીલુહાણ હૈયું અનુભવી રહ્યું હતું.

(ગૌરા હરિદાસની ઓડિયા વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org